# વધસ્તંભનાં સપ્તવચન





લેખક: ભગવતપ્રસાદ ચૌહાણ

1BGV2 ©

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# વધસ્તંભનાં સપ્તવચન



-: લેખક :-

ભગવતપ્રસાદ ચૌહાણ

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન,

એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૮
દ્વિતીય આવૃત્તિ : ૧૯૯૮
પ્રત : ૧૧૦૦
કિંમત : પંદર રૂપિયા

-: મુદ્રક :-

સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ
એ/૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ - ૧
ફોન : ૫૬૨ ૩૭ ૬૧

# પ્રસ્તાવિક

પ્રભુ ઈસુના જીવનમાં તો ભરપૂર શિક્ષણ છે જ, પરંતુ વધસ્તંભ પરથી ઉચ્ચારાયેલાં તેમનાં સાત વચનોમાં પણ જીવનનો અદ્ભુત ખજાનો પ્રાપ્ત થાયછે. તેમના અસાધારણ જીવન-ઈશ્વરપુત્ર અને માનવપુત્ર-તથા દુનિયાનાં પાપ માટે અપાયેલા મહાન બલિદાનનાં અદ્ભુત રહસ્યો જાણવા અને સમજવા મળે છે. વધસ્તંભમાં જ વિશ્વઉદ્ધારની એકમાત્ર ચાવી છે. આ સપ્તવચન તો સપ્તરંગી મેઘધનુષ્ય જેવાંછે, જેમાંથી જ્ઞાનપ્રકાશના અવર્ણનીય રંગો ઊઘડે છે ને ઊઘડ્યા જ કરે છે.

જેમને ખ્રિસ્તી સાહિત્ય અને શિક્ષણમાં ખૂબ ઊંડો રસ હતો તેવા મરહૂમ વડીલ શ્રી યોહાનભાઈ નરસિંહભાઈની સ્નેહસ્મૃતિમાં આ પુસ્તક પ્રગટ થાય છે, ને તેમના સુપુત્ર ડૉ. પ્રભાકરભાઈ પરમારના બે લેખો (બીજી અને ચોથી વાણીનો વધારો) તેમના સૌજન્યથી આ પુસ્તકમાં પ્રગટ કરતાં આનંદ થાય છે.

ગુજરાતમાં છેલ્લાં ઘણાં વર્ષોથી ગુડફ્રાયડે ને ઈસ્ટરની ખાસ સભાઓ થાય છે ને અનેક માણસોને નવાં દર્શનો સાંપડે છે. તેમાં મદદરૂપ થવાના શુભ સંકલ્પથી આ નાનકડા પુસ્તકનું આયોજન કર્યું છે. અંગ્રેજીમાં તો આ અંગે ઘણી સામગ્રી છે, પરંતુ ગુજરાતીમાં તે અંગે અલ્પસાહિત્યછે. તેથી અંગ્રેજી ગ્રંથોનો આધાર લઈ રચાયેલ આ નાનકડી પુસ્તિકા ઘણાઓ માટે આશીર્વાદિત થઇ પડશે તેવી આશા તથા નમ્ર પ્રાર્થના છે.

- ભગવતપ્રસાદ ચૌહાણ

# બીજી સંવર્ધિત આવૃત્તિ

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં બીજાં પુસ્તકોની જેમ આ પુસ્તકની પણ બીજી આવૃત્તિ થાય છે, તે તેની લોકપ્રિયતાનો પુરાવો છે.

આ પુસ્તકમાં એક હિંદી પુસ્તકનો આધાર લઈ બધી વાણીઓ વિસ્તારથી આલેખાઈ છે, તેથી મને ખાતરી છે કે આ પુસ્તકનું મૂલ્ય વધી જશે.

અમારા દેશ પરદેશના ખ્રિસ્તી વાચકોને પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપર ઉચ્ચારેલી સાત વાણીના વાચન-મનનથી મૂલ્યવાન આત્મિક લાભ થશે.

**ભગવતપ્રસાદ ચૌહાણ**
**સેક્રેટરી**
**નવેમ્બર '૯૮**

## બીજી આવૃત્તિ માટે આભાર દર્શન

આ પુસ્તકની બીજી આવૃત્તિના પ્રકાશન માટે અમેરિકાના ન્યૂ જર્સી ખાતે રહેતા શ્રી ઈસુદાસ (ઈમાનુએલ) જોનભાઈ ચૌહાણ તથા તેમનાં પત્ની ઈલાબહેન આઈ. ચૌહાણ તરફથી તેમના પિતાશ્રી સ્વ. જોનભાઈ રણછોડભાઈ ચૌહાણ તથા માતૃશ્રી સ્વ. એલિસબહેન જોનભાઈના સ્મરણાર્થે આ પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૫૦૦૦/- નું ઉમદા દાન આપ્યું છે તેની ઊંડા આભાર સહિત નોંધ લેતાં આનંદ થાય છે.

## ❖ અનુક્રમ ❖


| | | |
|---|---|---|
| (૧) | કાલવરીનો વધસ્તંભ | ૩ |
| (૨) | વધસ્તંભની આજુબાજુ ઊભેલા લોકસમૂહો | ૧૧ |
| (૩) | વધસ્તંભ ઉપરનું પહેલું વચન | ૨૩ |
| (૪) | વધસ્તંભ ઉપરનું બીજું વચન | ૩૯ |
| (૫) | વધસ્તંભ ઉપરનું ત્રીજું વચન | ૬૭ |
| (૬) | વધસ્તંભ ઉપરનું ચોથું વચન | ૮૫ |
| (૭) | વધસ્તંભ ઉપરનું પાંચમું વચન | ૧૧૩ |
| (૮) | વધસ્તંભ ઉપરનું છઠ્ઠું વચન | ૧૩૧ |
| (૯) | વધસ્તંભ ઉપરનું સાતમું વચન | ૧૪૭ |

“પછી તે (ઈસુ) પોતાનો વધસ્તંભ ઊંચકીને ‘ખોપરી’ (હિબ્રૂભાષામાં ગલગથા) નામની જગ્યાએ જવા નીકળ્યો. ત્યાં તેઓએ તેને તથા તેની સાથે બીજા બેને વધસ્તંભે જડયા; દરેક બાજુએ એકને, તથા વચમાં ઈસુને.”

(યોહાન ૧૯ : ૧૭ - ૧૮)

# વધસ્તંભનાં સપ્તવચન

## (૧) કાલવરીનો વધસ્તંભ

પ્રભુ ઈસુના ક્રૂસારોહણનું સ્થળ 'કાલવરી' ગલગથા એ નામે પણ ઓળખાય છે. કાલવરી એક ખૂબ ઐતિહાસિક સ્થળ છે. અહીં તો બે અનંતતાઓનું મિલન થાય છે. માનવજાતિના પુરાણા ઈતિહાસનાં ઝરણાં આ બિન્દુ તરફ આવીને મળે છે ને અર્વાચીન ઈતિહાસની નદી અહીંથી શરૂ થાય છે. યહૂદી ધર્માચાર્યો અને સંદેશાવાહકો (નબીઓ)ની દષ્ટિ કાલવરી તરફ જ રહી છે, અને ઈસ્વીસનથી તો બધી પેઢીઓ અને જાતિઓ વળીવળીને તે તરફ જોયા કરે છે. કાલવરી એ બધા રસ્તાઓનો છેડો છે. જેણે જ્ઞાનનાં બધાં ક્ષેત્રોમાં સંશોધન કર્યું છે તેવો સત્યશોધક કાલવરીના વધસ્તંભ પાસે આવે છે ને તેને ખાતરી થઈ જાય છે કે તે બધી વસ્તુઓના કેન્દ્રમાં પહોંચી ગયો છે. સંપૂર્ણ સહાનુભૂતિ, પ્રેમ અને શાંતિની શોધમાં ભટકતા યાત્રિકોનાં થાકેલાં હૃદયોને અહીં શાંતિ અને વિશ્રામ મળે છે. કાલવરીનો વધસ્તંભ જ બધી વસ્તુઓનું કેન્દ્ર હોવાથી દુનિયાના મહાન કવિઓએ તેના પર અસંખ્ય કથનો રચ્યાં છે. મહાન ચિત્રકારો અને શિલ્પીઓને વધસ્તંભની તીવ્ર અનુભૂતિ દ્વારા કલાનાં ક્ષેત્રોમાં અમર થઈ ગયેલાં દર્શનો મળ્યાં છે ને મહાન વિચારકો માટે કાલવરીનો ક્રૂસ એ હંમેશા ચિંતનનો આદિસ્ત્રોત રહ્યો છે.

શુભ શુક્રવારને દિવસે યરુશાલેમની સાંકડી શેરીઓમાં

થઈને આગળ વધતું સરઘસ છેવટે 'ખોપરી' નામે ઓળખાતી ટેકરી પાસે આવી પહોંચ્યું, દુઃખ સહન કરનારની મુસાફરીનો જાણે કે છેડો આવી પહોંચ્યો. રોમન સૈનિકો વધસ્તંભે જડવાની તૈયારીમાં પડયા. માનવજાતે કદી કલ્પી ન હોય તેવી અસહ્ય ને બેરહમ વેદના-ક્રૂસે જડાવાની શરૂ થાય તે પહેલાંની એક નાનકડી ઘટના સમગ્ર સંદર્ભમાં મહત્વની છે.

યરુશાલેમની શ્રીમંત સ્ત્રીઓ વધસ્તંભે જડાવાની સજા પામનારા માટે કટુરસ ભેળવેલો દ્રાક્ષારસ કે પિત્ત ભેળવેલો સરકો તૈયાર કરતી હતી, જે પીવાથી ઈન્દ્રિયો બહેરી થઈ જતી ને વેદના સહન થઈ શકતી. લગભગ બધા જ ગુનેગારોને, તેમના અપરાધોને ગણનામાં લીધા વિના, તેમના હાથપગમાં લાંબા ને અણીદાર ખીલા ઠોકવાનું શરુ થાય તે પહેલાં આ પીણું આપવામાં આવતું. આવું જ પીણું ઈસુને અપાયું (માથ્થી ૨૭:૩૪) પરંતુ આ પીણું આપ્યા પછી ઈસુએ તે પીવાની ના પાડી.

આ તો એક સાદું કામ હતું, છતાં તેમાં ઈસુની બહાદુરીનાં સચોટ દર્શન સાંપડે છે, એ કાળરાત્રિના ઉજાગરા પછી ભારે પરિશ્રમ, થાક, કોરડાનો માર, ભૂખ ને તરસ, માનસિક પીડા, વજનદાર વધસ્તંભ ઊંચકવાની સજા- આ બધું વેઠયા પછી કોઈપણ માણસ યાતના હળવી બનાવે તેવું કશું પણ પીવાને તૈયાર થઈ જાય. પરંતુ ઈસુ પોતાની બુદ્ધિ ઉપર પડદો પાડી દે તેવું કશું લેવા માટે તૈયાર નથી. તે તો પેલી વેદનાનો પ્યાલો, દુનિયાનાં બધાં માનવીઓનાં એકત્રિત પાપ

ને મહાત્રાસનો પ્યાલો, સંપૂર્ણ સભાનાવસ્થામાં જ પીવા માગે છે. તેથી જ પેલા સરકાનો કે કટુરસ ભેળવેલા દ્રાક્ષારસનો પ્યાલો એ પરીક્ષણનો પ્યાલો માનીને તેને દઢતાપૂર્વક ફગાવી દે છે.

આધુનિક સમાજમાં તો ફાંસીની સજા પામેલા ગુનેગારને મૃત્યુમાં ઓછામાં ઓછું કષ્ટ પડે તેવી રીતો દા.ત., વીજળીના આંચકાથી મૃત્યુ-અજમાવવામાં આવે છે. પરંતુ ઈસુના મૃત્યુમાં તો અપરાધીને કેમ વધુમાં વધુ કષ્ટ પડે, તેની રિબામણીની માત્રા કેમ વધે તે જ વિચારવામાં આવતું.

આપણને કાંટો વાગે કે ખીલી વાગે તો કેવી વેદના થાય છે ? વધસ્તંભના મૃત્યુનો મહાત્રાસ-ભયંકરતા તો આપણી કલ્પનાની બહારની વસ્તુ છે. સિસેરો નામનો રોમન લેખક લખે છે : ''ઈશ્વર કરે કે તે કોઈ સાચા રોમનના શરીરની કદી પણ પાસે આવે નહિ, ને તેની દૃષ્ટિ સમક્ષ આવે નહિ, કે તેના વિચારોની પાસે પણ ઢૂંકે નહિ !'' વધસ્તંભની સજા તો માત્ર ગુલામો ને રીઢા ગુનેગારો માટે હતી, જેઓ ખૂબ હાંસીપાત્ર બનીને, કયારેક તો ભૂખ-તરસ ને અસહ્ય યાતનામાં દિવસોના દિવસો સુધી રિબાઈ રિબાઈ ને મરતા.

વધસ્તંભ તો અત્યારે સામાન્યત : ચિત્રોમાં જે જોવામાં આવે છે તે જ પ્રકારનો હતો. એક જમીનમાં ખોડેલો ઊભો થાંભલો તેના ઉપરના ભાગમાં એક મજબૂત દાંડો. એટલે કે ઊભું અને આડું લાકડું મોટે ભાગે તેનો આકાર અંગ્રેજી **T** અક્ષર જેવો, કયારેક **X** જેવો રહેતો. પરંતુ પિલાતે લખેલો

લેખ વધસ્તંભની ટોચે મૂકવાનો હોવાથી ઊભો થાંભલો થોડેક વધારે લાંબો બનાવ્યો હતો. આડા લાકડા ઉપર ખીલા જડેલા હાથ બાંધવામાં આવતા હતા, નહિ તો શરીરના વજનથી હાથ ફસડાઈ પડે તેનો ભય રહેતો. પગ કાં તો સાથે, કાં તો અલગ અલગ એમ લાંબા ખીલાથી જડી દેવામાં આવતા. માથું મોટે ભાગે છૂટું રાખવામાં આવતું. જેથી મરતો માણસ વધસ્તંભની આજુબાજુનાં માણસોને જોઈ શકતો ને તેમની સાથે વાત પણ કરી શકતો. હાથેપગે અણીદાર ને લાંબા ખીલા મારીને ઈસુને વધસ્તંભે જડયા. વધસ્તંભ ઊભો કર્યો, લોહીની સતત વહેતી ધારા, શ્વાસની રુકાવટ, ચિરાયેલા હાથપગની શૂળ-અસહ્ય સણકાની લાંબી વેદનામાં તેઓ પૃથ્વી ને આકાશની વચમાં ટીંગાતા રહ્યા.

પ્રભુ, તેં દુઃખ સહ્યાં શાં શાં, કથું હું તેમને કયાં કયાં !
જણાવું ધૈર્ય તુજ કયાં કયાં, ગણાવું તુજ વિપત કયાં કયાં!

એ પણ નોંધવું જ રહ્યું કે પ્રભુ ઈસુની સાચી વેદના એ શારીરિક નહિ પરંતુ આંતરિક હતી - શરીરની નહિ પરંતુ હૃદયની હતી. જેમાંથી ભયંકર ને ત્રાસદાયક સણકા ઊઠે તેના ઘા, કારમી તૃષા, તૂટતું શરીર આ બધું તો છે. પણ એ ઉપરાંત અપમાનિત, ઉપેક્ષિત પ્રેમનું દુઃખ, માનવ સંબંધો ઝંખતું પરંતુ આજે તિરસ્કારથી કચડાઈ જતું હૃદય, ઘોર અન્યાયની પીડા, ને જે પોતે બચવા કે ઉદ્ધાર પામવા માગતા નથી તેવાં માણસોનાં અંધકારમય ભાવિ માટેની અવર્ણનીય વેદના. પરંતુ આ ઉપરાંત મુક્તિદાતાના હૃદયમાં કોઈ માનવી શબ્દો વ્યક્ત

કરી શકે નહિ તેવી એક કારમી વ્યથા છે. ઉદ્ધારનાર તો દુનિયાનાં પાપ માટે મૃત્યુ પામતા હતા. સમગ્ર માનવજાતિનાં પાપ ને અપરાધોનો બોજો તેમણે પોતાના ઉપર લઈ લીધો હતો ને હવે તેને દૂર કરવાની ને તેનો નાશ કરવાની છેલ્લી લડાઈમાં તે ઊતર્યા હતા. ક્રૂસ ઉપર લોહીમાંસનું બનેલું માનવ ઈસુનું શરીર જ લટકતું નહોતું, પણ તે જ સાથે તેમનું રહસ્યમય ગૂઢાર્થવાળું શરીર લટકતું હતું. જે શરીરનું તે શિર છે અને મંડળીના સભ્યો તેના અવયવો છે. તેમની મંડળી (ચર્ચ) પણ તેમની સાથે પાપ પ્રત્યે મૃત્યુ પામી, જેથી તે અનંતજીવન માટે જીવે.

આ વધસ્તંભનું માત્ર રહસ્ય નથી, પરંતુ તેનો મહિમા પણ છે. વધસ્તંભ ઉપર ઈસુનું બલિદાન અપાયું તે પહેલાં વધસ્તંભ તો ગુલામી ને પાશવી દુષ્ટતાનું પ્રતીક હતો, પરંતુ ઈસુએ વધસ્તંભને અપ્રતિમ શૌર્ય, બલિદાન અને ઉદ્ધારનાં પ્રતીકમાં ફેરવી નાખ્યો છે. આજે તે માત્ર રકતથી ખરડાયેલ લાકડાનો આડો-ઊભો થાંભલો રહ્યો નથી, પણ આજે તો આખી દુનિયા તેને ગૌરવ ને મહિમાના પ્રતીક તરીકે નિહાળે છે. સૃષ્ટિની અનેક અદભુત કલાકૃતિઓમાં તે કંડારાયેલો છે, રાષ્ટ્રની ધ્વજાઓ ઉપર પણ તે ઝળહળે છે. રેડક્રોસ રૂપે તે સેવાનું પ્રતીક બન્યો છે. સુકાયેલા લાકડા તરીકે તે ગલગથામાં રોપાયો હતો પરંતુ હારૂનની લાકડીની જેમ તે અનેકરૂપે મ્હોર્યો છે. તેણે દુનિયાના હૃદયમાં પોતાનાં મૂળ ઊંડાં નાખ્યાં છે, તેની ડાળીઓથી આખું વિશ્વ ભરાઈ ગયું છે, પ્રજાઓ તેની

છાયામાં વિશ્રાંતિ લે છે, અને તેનાં મીઠાં ફળથી તૃપ્તિ અનુભવે છે. સાચું જ છે કે ઈસુના બલિદાને પાપ અને મૃત્યુની પાનખરને ઉદ્ધાર ને જીવનની વસંતમાં ફેરવી નાખી છે.

પ્રભુ ઈસુનો વધસ્તંભ એ પરાજયનો અને વિજયનો સંકેત છે. એ વધસ્તંભ છે ને સાથે વિજયસ્તંભ છે, મૃત્યુનું સાધન છે ને નવજીવનનું દ્વાર છે.

ત્યાં તેઓએ (રોમન સૈનિકોએ) તેની જોડે બે ચોરને વધસ્તંભે જડયા. અને મુખ્ય યાજકોએ પણ શાસ્ત્રીઓ તથા વડીલો સુદ્ધાં તેના ઠઠ્ઠા કરતાં કહ્યું કે, ''બીજાઓને તેણે બચાવ્યા પણ પોતાને તે બચાવી શકતો નથી''(લૂક૨૭ :૩૮, ૪૧-૪૨). અને ત્યાં ઘણી સ્ત્રીઓ હતી, જેઓ ઈસુની સેવા કરતી ગાલીલથી તેની પાછળ આવી હતી. તેઓમાં મગ્દલાની મરિયમ ને યાકૂબની તથા યોસેની મા મરિયમ તથા ઝબદીના દીકરાઓની મા હતી.

(લૂક ૨૭ : ૫૫-૫૬)

## (૨) વધસ્તંભની આજુબાજુ ઊભેલા લોકસમૂહો

માનવપુત્ર ઈસુ કલાકો સુધી ક્રૂસ ઉપર નિરાધાર ને દયાપાત્ર સ્થિતિમાં લટકતા રહ્યા, અસહ્ય યાતનામાં પીડાતા રહ્યા. તેમના ક્રૂસની આસપાસ ઘણાં માણસો ઊભાં હતાં. ઈસુને ક્રૂસે જડવામાં આવ્યા તે તો યહૂદીઓના પાસ્ખાપર્વનો સમય હતો. તેથી આખું શહેર લાખો માણસોથી ઊભરાઈ રહ્યું હતું. ત્યાં આશરે દસ લાખ માણસો હતાં. માણસોને ઉશ્કેરાટ, ખળભળાટ ગમે છે, અને ઈસુ વિશેના સમાચારોએ તો આખા યરુશાલેમને અને સમગ્ર દેશને ખળભળાવી દીધાં હતાં.

ઈસુના મૃત્યુનું દશ્ય તે આ વિશ્વે જોયેલું સૌથી મહાન, કરુણ ને પવિત્ર દશ્ય હતું. આકાશમાં દૂતોનાં સૈન્યો પણ આ જોતાં હતાં, અને આજે પણ દુનિયામાં લાખો ને કરોડો મનુષ્યો એ બનાવ વિશે રોજેરોજ વિચારે છે. પરંતુ એ 'શુભ' શુક્રવારે ત્યાં હાજર રહેલા માનવસમૂહો પર એ દશ્યની શી અસરો પડી હતી ?

ઈસુની સૌથી નજીક હતા રોમન સૈનિકો, કદાચ, તે દિવસે તો ઘણા બધા રોમન સૈનિકો બંદોબસ્તમાં હાજર હતા; પરંતુ વધસ્તંભ રોપવાનું, ઊભા લાકડા ઉપર આડું લાકડું જડી તે ઉપર ભારે હથોડાથી ગુનેગારોના હાથોમાં ખીલાઓ ઠોકવાનું ને છેવટે વધસ્તંભો ઊભા કરવાનું કામ ચાર રોમન સૈનિકોને ફાળે આવ્યું હતું. ખૂબ લાગણીવિહીન બનીને તેઓ આ કામગીરી પતાવે છે. રોમન સૈન્યમાં એવો રિવાજ હતો કે વધસ્તંભે જડવાની કામગીરી બજાવનારાઓને ભાગે ગુનેગારો

પાસેથી જે કંઈ મળે તે વહેંચી લેવાનું થતું. આ ચારે સૈનિકો તરત જ ઈસુ પાસે જે કંઈ મળી આવ્યું ઉપરનો ખૂલતો ઝભ્ભો- કદાચ કમરબંધ ને ચંપલ આ બધું તેઓ ઉતારી લે છે. ગાલીલના ખેડૂતો જે પહેરતા તેવું શરીરની લાજ ઢાંકવાનું એક નાનકડું ઉપવસ્ત્ર, (જે કદાચ ઈસુની માતાના સ્નેહાળ હાથોએ ગૂંથ્યું હશે) તે તેઓ રહેવા દે છે. આખી દુનિયાને સમૃદ્ધ બનાવનાર મબલખ આત્મિક સંપત્તિ ને મહાન વૈભવ આપનાર માનવપુત્ર, જે દુનિયામાં ને દુનિયા માટે સૌથી મૂલ્યવાન વારસો મૂકી ગયા છે, તેમની પાસેથી રોમન સૈનિકોને કેટલી બધી જૂજ વસ્તુઓ સાંપડે છે !

પોતાની ઘાતકી કામગીરી પૂરી કર્યા પછી રોમન સૈનિકો પોતાની લૂંટની વહેંચણી શરૂ કરે છે. આમાંથી તેમને પાશવી આનંદ મળે છે. બાકીનું બધું તો વહેંચાઈ જાય છે, નથી વહેંચાઈ શકતો ઈસુનો ઝભ્ભો. સૈનિકોમાંનો એક ખિસ્સામાંથી જુગાર રમવાનો પાસો કાઢે છે- જુગાર એ તો રોમન સૈનિકોનું માનીતું મન બહેલાવવાનું સાધન હતું. અને ઈસુના ઝભ્ભા માટે તેઓ પાસા નાખે છે. શાસ્ત્રવચન પૂરું થાય છે કે, "તેઓ માંહોમાંહે મારાં વસ્ત્રો વહેંચી લે છે, અને મારા ઝભ્ભાને માટે તેઓ ચિઠ્ઠી નાખે છે" (ગીતશાસ્ત્ર ૨૨:૧૮) આ સૈનિકો સામે તો જુઓ તેઓ ઠઠ્ઠામશ્કરી કરે છે, મોજમસ્તી ઉડાવે છે, જુગાર રમે છે, ને તેઓનાં માથાં પાસે જ એક વાર જેટલે દૂર ઈશ્વરપુત્ર ક્રૂસ ઉપર અપાર વેદના સહે છે.

માનવપુત્ર ને ઈશ્વરપુત્ર દુનિયાનાં પાપો માટે બલિદાન આપે છે, મુક્તિમૂલ્ય કે ખંડણી ચૂકવે છે, પોતાનું લોહી વહેવડાવે છે, જે પવિત્ર દશ્ય નિહાળવા સ્વર્ગના દૂતો પડાપડી કરે છે, તે જ દશ્ય પ્રત્યે, વધસ્તંભની સૌથી નજીક એવા રોમન સૈનિકો કેટલી ક્રૂર ઉપેક્ષા ને ઘોર ઉદાસીનતા સેવે છે ! થોડાંક વસ્ત્રો માટે જુગાર રમે છે ! જે મહાન પળની તેઓ તદ્દન નજીક છે તે વિશ્વઉદ્ધારની આ મહાન ને અદ્દ્ભુત પળથી તેઓ કેટલા બધા દૂર છે ! છતી આંખે તેઓ અંધ છે. માનવ ઈતિહાસની સૌથી મૂલ્યવાન ઘડીની તેમને મન કોઈ કિંમત નથી. પાસે જ અપાર વૈભવ હોવા છતાં તેઓ ભિખારી છે.

દુનિયામાં કેટલાં બધાં માણસો એવાં છે જેમને માટે આ ધરતી પવિત્ર છે, કારણ, પ્રભુ ઈસુ તેના ઉપર ચાલ્યા હતા; આ આકાશ પવિત્ર છે; કારણ, તે પ્રભુ ઈસુ ઉપર સ્નેહથી ઝૂકતું હતું. ઈતિહાસ પવિત્ર છે, કારણ, તેના ઉપર પ્રભુ ઈસુનું પવિત્ર નામ અંકિત થયેલું છે. જીવનનાં રોજિંદા કાર્યો પવિત્ર છે, કારણ, ઈસુએ પણ તે કર્યાં હતાં અને ઈસુના પવિત્ર નામમાં તે થઈ શકે છે. તો સામે આ લાગણીવિહીન, જડ, ઘોર ઉપેક્ષા સેવતા, તે છતી આંખે અંધાપાવાળા રોમન સૈનિકો છે. તો શું આજે પણ એવાં અસંખ્ય ખ્રિસ્તી માણસો નથી, જે જાણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત કદી જન્મ્યા ને જીવ્યા જ ન હોય તેમ જીવે છે, ખ્રિસ્તના પવિત્ર બલિદાન પ્રત્યે દુર્લક્ષ સેવે છે, ને આ પાર્થિવ જીવનની મોજમજા ને ભોગવિલાસમાં અનંતજીવન પ્રત્યે ઘોર બેદરકારી બતાવે છે !

બધા રોમન સૈનિકોમાં અલગ પડી જાય છે રોમન સૂબેદાર સેન્ચુરિયન. સૂબેદાર એટલે રોમન લશ્કરમાં સોનો ઉપરી) તેણે આમ તો ઘણાને ક્રૂસે જડાતા જોયા હશે, પણ આ બધામાં ઈસુ ખ્રિસ્તની નમ્રતા અને દૃઢતા, ક્ષમાવૃત્તિ અને પવિત્રતા, અને સાત વાણીમાં પ્રગટ થતું અલૌકિક વ્યક્તિત્વ નિહાળીને તેની આંખો ઉઘડી જાય છે અને પ્રભુ ઈસુના મૃત્યુ પહેલાં અને પછી જે કંઈ બને છે તે જોઈને સૂબેદાર ઈશ્વરની સ્તુતિ કરતાં કહે છે કે, "ખરેખર આ તો ન્યાયી માણસ હતો" (લૂક ૨૩:૪૭)

બીજું જૂથ તે ફરોશીઓ (ધર્મગુરુઓ) અને તેમના મળતિયાઓનું છે, જેમાં સાન્હેડ્રિન નામે ઓળખાતી યહૂદી ન્યાયસભાના સભ્યોનો પણ સમાવેશ થાય છે. પોતાની કોર્ટમાં ઈસુને અપરાધી જાહેર કર્યા પછી તેઓ બધાં સ્થળોમાં ઈસુની પાછળ પાછળ ફરે છે, પિલાત પાસેથી બળજબરીપૂર્વક ઈસુને દેહાંતદંડ આપવાની સજા ફરમાવડાવે છે અને પોતાનો માનમોભો બધું જ વેરની ઝનૂની આગમાં વીસરી જઈને છેક ગલગથા સુધી આવી પહોંચ્યા છે. તેઓ તો પોતાની સગી આંખે, દેશ ને દુનિયામાં ઊથલપાથલ મચાવનાર ઈસુની, પીડાકારક અંતિમ ઘડી જોઈ લેવા માગે છે. ઈસુ હવે તો તેમની ક્રૂર ઇચ્છા ને અન્યાયી તથા ઝનૂની માગણી મુજબ ક્રૂસે ચડાવાઈ ચૂક્યા છે, છતાં હજુ તેમનો વૈરાગ્નિ શાંત પડયો નથી. તેમની ઝેરી નાગ જેવી જીભો હજુ પણ ફૂંફાડા મારીને મરતા માણસને શાંતિમાં મૃત્યુને ભેટવા દેવા તૈયાર નથી. બધા

જ વિનયવિવેકને વીસરી જઈને તેઓ અપમાનજનક હાવભાવ ને ઝેર જેવા કડવા શબ્દો દ્વારા ઈસુ ઉપર નિંદાના સપાટા રેલાવે છે. તેમના અન્યાયપૂર્ણ, અપમાનપૂર્ણ બૂમબરાડા મોડી રાતથી અત્યાર સુધી ચાલુ જ રહ્યા છે. આખું ટોળું તેમના નિંદારસને માણવા લાગે છે, ને રોમન સૈનિકો આ ટોણાબાજીમાં જોડાયા પછી ઈસુની સાથે ક્રૂસે જડાયેલા ગુનેગારો પણ તેમાં જોડાય છે. આમ, આ આખું ટોળું જાણે ઉપહાસનિંદાનો સાગર બની જાય છે ને એનાં દ્વેષીલાં કટુતાભર્યા ક્રૂર મોજાં ઈસુના વધસ્તંભ સાથે જોરજોરથી ટકરાય છે.

પ્રભુ ઈસુએ પોતાને માટે જે મહાન દાવા કર્યા હતા, તેમને જે ઉપનામો આપવામાં આવ્યાં હતાં, તેમનો જ સહારો લઈને ઈસુ ઉપર નિંદા ને મહેણાંટોણાંનો મારો ચલાવવામાં આવે છે. "ઈશ્વરપુત્ર," "ઈશ્વરે પસંદ કરેલો," "યહૂદીઓનો રાજા," "ખ્રિસ્ત", "મંદિરને પાડી નાખનાર ને ત્રણ દિવસમાં ફરી બાંધનાર" આવા આવા દાવાઓને, વધસ્તંભના સંદર્ભમાં લાગુ પાડીને મહેણાંટોણાંનો ઝેરી વરસાદ વરસાવવામાં આવે છે. તેઓ એટલી હદે કહે છે કે, 'જો તું દેવનો દીકરો હોય તો વધસ્તંભ પરથી નીચે ઉતરી આવ ને અમે તારા ઉપર વિશ્વાસ કરીશું.' તેમણે આ વાતને તો સતત દોહરાવ્યા કરી કે "તેણે બીજાંઓને બચાવ્યા, પણ તે પોતાને બચાવી શકતો નથી." આમ તેમણે તેમનાં હૃદયોમાં લાંબા સમયથી એકઠી થયેલી કડવાશ ને ઝેર ઓકયાં. તેમને એ પણ યાદ ન રહ્યું કે તેમના

આ ઝેરી બકવાસ ને દ્વેષીલા બૂમબરાડામાં તો તેઓ પવિત્ર દુઃખી પુરુષ માટે ૨૨મા ગીતમાં વપરાયેલાં શબ્દોનો જ ઉપયોગ કરતા હતા કે, "તેણે પ્રભુ ઉપર ભરોસો રાખ્યો હતો, હવે ભલે તે તેને છોડાવે. તે તેના ઉપર રાજી છે માટે ભલે તે તેને બચાવે" (ગીતશાસ્ત્ર ૨૨:૮)

પ્રભુ ઈસુ તેમના શત્રુઓનાં મહેણાંટોણાં ને અપમાનોનો જરૂર જવાબ આપી શકયા હોત; કારણ, વધસ્તંભે જડાયેલ માણસ જોઈ શકતા, સાંભળી શકતા ને બોલી પણ શકતા, છતાં પ્રભુ ઈસુએ એકે શબ્દનો જવાબ આપ્યો નહિ. તેના ઉપર જુલમ ગુજારવામાં આવ્યો તોપણ તેણે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડયું નહિ. વધ કરવા માટે લઈ જવાતા હલવાન જેવો અને પોતાને કાતરનાર આગળ મૂંગી રહેતી ઘેટી જેવો તે હતો; તેણે તો પોતાનું મોં ઉઘાડયું જ નહિ (યશાયા ૫૩:૭) જો કે આનો અર્થ એવો તો નથી જ કે એ મહેણાંટોણાંની કશી અસર તેમના ઉપર થઈ નહોતી. તેમના શરીરને વીંધી નાખનાર ખીલા કરતાં તેમના મન ઉપર આ મહેણાંટોણાંના કાતિલ તીરની વધુ વેદના થતી હતી. તેમની આંખો હેઠળ માનવી હૃદયની ઊંડામાં ઊંડી ભ્રષ્ટતા ને દુષ્ટતા ખુલ્લી થતી હતી ને તેની ભૂંડાઈ તેમના ઉપર રેડાતી હતી.

શું વધસ્તંભ ઉપરથી નીચે ઉતરી આવવાની વાત ઈસુ માટે પરીક્ષણ સમાન હતી ? તેમની કારકિર્દીની શરૂઆતમાં શેતાને પણ તેમને યરુશાલેમના મંદિરના બુરજ ઉપરથી ભૂસકો મારવાનું પ્રલોભન આપ્યું હતું. કંઈક વધુ પડતું કરી

નાખવાનું પરીક્ષણ જિંદગીભર પ્રભુ ઈસુનો પીછો કરતું હતું અને હવે આ કટોકટીની અંતિમ ક્ષણોમાં પણ તે તેમની સામે આવે છે. તેમના ઉપર નિંદાબાણ ઝીંકનારા તો માનતા હતા કે પ્રભુ ઈસુની ધીરજ તેમની નિર્બળતાનું પ્રતીક છે ને તેમનું મૌન તેમની હારની નિશાની છે. તે શા માટે તેમના મહિમાને પ્રગટ ન કરે ? તે જરૂર ખૂબ સરળતાથી તેમ કરી શક્યા હોત. તે પોતે જ સર્વશક્તિમાન હતા. તેઓ સાચું જ કહેતા હતા કે "તેણે બીજાંઓને બચાવ્યા પણ તે પોતાને બચાવી શકતો નથી." જો તેમણે પોતાને બચાવ્યા હોત તો માનવજાતિના તારણહાર થઈ શકત નહિ. લોખંડી ખીલાએ કંઈ તેમના હાથપગને જકડી દીધા નહોતા, પેલા દોરડાએ કંઈ તેમના શરીરને બાંધી રાખ્યું નહોતું, અરે, પેલા રોમન સૈનિકોએ પણ તેમ કર્યું નહોતું, પણ તે તો અદૃશ્ય બંધનોથી બંધાયા હતા અને તે ઉદ્ધારનાર પ્રેમ અને માનવજાતની મુક્તિ માટેની ઈશ્વરી યોજનાના બંધનોએ તેમને વધસ્તંભ ઉપર બાંધ્યા હતા. પોતાનાં પાપો ને અપરાધોનો ડંખ જેમને લાગ્યો હોય ને જે પ્રભુ ઈસુની ઉદ્ધારક નમ્રતાનાં રહસ્યને જાણી શકે તે જ ખ્રિસ્તના ક્રૂસને સન્માની શકે.

હવે આપણે ત્રીજું જૂથ જોઈએ. આ પણ નાનકડો સમૂહ છે. વેર, તિરસ્કાર, દ્વેષ, અવહેલના ને નિંદાથી છલકાતા ચહેરાઓ ઉપર ઈસુ દૃષ્ટિ કરે છે. ત્યારે તેમની નજર આ નાનકડા સમૂહ ઉપર પણ પડે છે. કાંટાળા થોર વચ્ચે ઈસ્ટર લીલી જેવો તે નાનકડો સમૂહ છે. ટોળાંઓની પાછળ

ગાલીલમાંથી તેમની પાછળ આવનાર ને તેમની સેવા કરનાર સ્ત્રીઓ ને ઓળખીતાંઓનો નાનકડો સમૂહ છે. સ્ત્રીઓ છે પ્રભુ ઈસુની મા મરિયમ, (યોહાન ને યાકૂબની મા), કલોપાની સ્ત્રી મરિયમ તથા મગ્દલાની મરિયમ (યોહાન ૧૯ : ૨૫)

તેઓ પણ અત્યારે તો ભયભીત છે. જેમની વિરુદ્ધ યહૂદી ને રોમન સત્તાધીશોએ આવાં ભયંકર પગલાં (મૃત્યુદંડની સજા) લીધાં હોય તેમને પોતે ઓળખે છે તેવું બતાવવું એ કંઈ સરળ નહોતું. જે જોખમનો સામનો કરી તેઓ ત્યાં સુધી પહોંચ્યા હતાં તે જોખમના ડર ઉપરાંત તેમનાં હૃદયોમાં પ્રચંડ ખળભળાટ હતો. પ્રભુ ઈસુ મૂએલાંમાંથી સજીવન થવાના છે એ ભવિષ્યની તેમને પૂરેપૂરી સમજ નહોતી અને તેથી જે હેતુ માટે તેમણે જિંદગી હોડમાં મૂકી હતી તે હેતુ આજે છિન્નભિન્ન થતો હોય તેવું પણ તેમને લાગતું હશે. તેઓ તો માનતાં હતાં કે ઈઝરાએલનો ઉદ્ધારનાર તે એ જ છે અને આ કિંમત ચૂકવીને ખરીદાયેલી પ્રજા ઉપર તે સદાકાળ રાજ્ય કરશે. અને આ વિશ્વાસની સામે તેઓની આંખો સમક્ષ ઉદ્ધારનાર પરાજિત સ્થિતિમાં શરમજનક મૃત્યુને ભેટતા હતા. તેમનો વિશ્વાસ ડગી ગયો હોય તેવું પણ બને. અથવા એમ કહી શકાય કે તેમની જે કંઈ શ્રધ્ધા ટકી રહી હતી તે તેમના અપ્રતિમ પ્રેમનું જ પરિણામ હતી. તેમને ઈસુ ઉપર સાચો પ્રેમ હતો. ઈસુને ખાતર મૃત્યુને ભેટવા પણ તેઓ તૈયાર હતી. પ્રભુ ઈસુની વેદનામાં તેઓ સહભાગી હતી. આ સહાનુભૂતિ અને પ્રેમ પ્રભુ ઈસુને માટે મોટો દિલાસો અને સહાયરૂપ

બન્યાં હશે. જે લાખો માણસો તેમની યાતનાને પરિણામે સુખ ભોગવવાનાં છે તેમના વિચારથી તેમનું દુઃખ જરૂર હળવું થતું હશે. પણ અહીં તો તેમની આંખો સામે જ દેખાતી હમદર્દીભરી આંખોએ તેમને જરૂર સંતોષ અને સુખ પમાડયાં હશે.

આ ત્રણે સમૂહોમાં ત્રણ જુદી જુદી માનસિક સ્થિતિઓ જોવા મળે છે - રોમન સૈનિકોમાં ઘોર ઉપેક્ષા, સાન્હેદ્રિનના સભ્યોમાં વેર અને તિરસ્કાર અને ગાલીલનાં માણસોમાં સહાનુભૂતિ.

શું તમને એવો વિચાર કદી આવ્યો છે કે જો તમે ત્યાં હોત તો તમે કયા સમૂહમાં હોત ? જો કે અત્યારે તો કોણ સાચા હતા ને કોણ ખોટા હતા તે કહેવું સરળ છે. ભૂતકાળના શૂરવીરોની ઉપેક્ષા કરવી તે પણ સ્વાભાવિક બની શકે. વધસ્તંભની પાસે ઊભેલા સૈનિકોનાં મનમાં રોમન શૂરવીરો જેવા કે રોમ્યુલસ, બ્રૂટસ, સીઝર વગેરેની ઘટતી કદર હશે જ, પણ અત્યારે એ મહાશૂરવીરો કરતાં વધુ મહાન શૂરવીર પ્રત્યે તેમના મનમાં ઘોર ઉપેક્ષા ને ઉદાસીનતા છે. ઈસુ ખ્રિસ્તના ઠઠ્ઠા કરનાર યહૂદીઓના મનમાં મૂસા, દાઉદ ને શમૂએલ પ્રત્યે જરૂર આદરભાવ હશે. ખ્રિસ્ત આજે પણ દુનિયાની શેરીઓમાં થઈને પોતાનો ક્રૂસ ઊંચકીને પસાર થાય છે. બાઈબલના ઈસુનો આદર કરવો તે શકય છે, પરંતુ આજની આપણી શેરીઓમાં થઈને પસાર થતા ઈસુની સતાવણી કરવી ને તેનો વિરોધ કરવો તે પણ શક્ય છે. આજના ખ્રિસ્ત તે ખ્રિસ્તના સત્યને, જે હેતુ માટે તે બલિ બન્યા તેને

અને ખ્રિસ્તના સિદ્ધાંતોને પ્રગટ કરે છે, રૂપ આપે છે. જાણ્યા વગર ઈસુ ખ્રિસ્તને પડખે ઊભા રહેવું કે તેની વિરુદ્ધમાં હોવું તે શકય છે. આપણે ઈસુ ખ્રિસ્તના પક્ષમાં કે વિરુદ્ધમાં છીએ તે જ આપણું દુઃખ સહન (**passion**) છે ને આપણા શહેર કે ગામનું આપણું ગલગથા છે.

જીવંત ખ્રિસ્ત આજે પણ દુનિયામાં છે તે દરેક ઘર પાસે અને દરેક હૃદય પાસે આવે છે. તેમનો પવિત્ર આત્મા દરેક આત્મા સાથે વાત અને વ્યવહાર કરે છે. આજે પણ તેમને ત્રણ પ્રકારના સમૂહો સાંપડે છે - ઉપેક્ષા કરનાર, વિરોધ કરનાર ને સહાનૂભૂતિ દર્શાવનાર. દરેક વ્યક્તિને કાલવરીના વધસ્તંભ પ્રત્યે અંગત પ્રતિભાવ આપવો જ પડે છે, તે પ્રેમનો હોઈ શકે કે વેર અથવા અનાદરનો હોઈ શકે. પ્રિય વાચક, તમે કયા સમૂહમાં છો ?

ઈસુએ કહ્યું, ''હે બાપ, તેઓને માફ કર ; કેમ કે, તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી''

(લૂક ૨૩ : ૩૪)

## (૩) વધસ્તંભ ઉપરનું પહેલું વચન

વધસ્તંભે જુદા જુદા માનવસમૂહો ઉપર કેવી કેવી અસરો પહોંચાડી તે વિશે આપણે અગાઉ જોયું. ક્રૂસે જડનાર રોમન સિપાઈઓ ઉપર તો તેની કશી અસર પડી નહિ. જે દૃશ્યમાં તેઓ ભાગીદાર બનતા હતા તેની અદ્‌ભુતતા અને મહિમા વિશે તેઓ સંપૂર્ણ રીતે અંધ હતા. સાન્હેદ્રિનના સભ્યો ને બીજા ફરોશીઓ ઉપર વધસ્તંભની જુદી જ અસર પડી હતી. અદભુત ભલાઈ અને આધ્યાત્મિક સૌંદર્યના આ પવિત્ર દૃશ્યે તો તેમના ઉપર જાણે કે પાગલ વેર અને વિરોધનો વંટોળ ફૂંકાયો હતો. પાસે ઊભેલા ઈસુના મિત્રો પણ આંખ આગળ બનતા આ મહાન બનાવના પૂરા રહસ્યથી અજાણ હતા; પાપ અને મૃત્યુ ઉપરના તેમના ગુરુજીના આ વિજયમાં તેમને કરુણ પરાજય દેખાતો હતો.

આપણે કાલવરી ઉપર ભજવાયેલા આ મહાન દૃશ્યને તેના સાચા સ્વરૂપમાં નિહાળવા માગીએ છીએ. આપણે ક્યાં તે નિહાળીશું ? એક જ મનમાં સંપૂર્ણ વિશ્વાસપાત્ર ને શ્રદ્ધેય ચિત્ર પ્રતિબિંબિત થાય છે. જો આપણે ઈસુના પોતાના મનમાં વધસ્તંભની સાચી પ્રતિમા નિહાળી શકીએ તો તે તેનો સાચો અર્થ આપણી સમક્ષ પ્રગટ કરશે.

પરંતુ ઈસુની આંખોમાં એ દૃશ્ય કેવું નિરૂપાતું હતું તે આપણે કેવી રીતે નક્કી કરી શકીએ ? વધસ્તંભ ઉપરની તેમની ભારે પીડાકારક પરિસ્થિતિમાં ? ના, મૃત્યુના ધુમ્મસમાં તેમની

જ્ઞાનેન્દ્રિયો બેહોશ બની ગઈ તે પહેલાં તેમણે ઉચ્ચારેલ સાત વચનોમાં આપણને સત્ય ઉત્તર સાંપડે છે. તેમના મનમાં શું ચાલી રહ્યું છે તે દેખાડનાર બારીઓ સમા આ વચનો છે. આમ, તો તે સંપૂર્ણ પરિસ્થિતિના નાનકડા અંશો જેવાં છે, છતાં તેમનામાં સનાતન અર્થ પડેલો છે. શબ્દો તો તે ઉચ્ચારનાર મનના ફોટોગ્રાફ જેવા હોય છે, અને આ તો પહેલાં કદી ન ઉચ્ચારાયા હોય તેવા સાચા શબ્દો છે અને જેમણે તે ઉચ્ચાર્યા તેમણે પોતાના વ્યક્તિત્વની મુદ્રા તેના ઉપર આંકી છે.

વધસ્તંભ ઉપર પ્રભુ ઈસુએ ઉચ્ચારેલાં વચનો સાત છે. સાતનો આંકડો સંપૂર્ણતા સૂચવે છે. બાઈબલના પ્રથમ વાકયમાં પણ સાત શબ્દો છે. આ સાતે વાણીને અલગ અલગ જોવી જરૂરી છે. મૃત્યુશૈય્યા પરથી ઉચ્ચારાયેલા શબ્દો હંમેશા મહત્વના હોય છે. મા-બાપ, મિત્રો કે સ્વજનોના અંતિમ શબ્દો આપણે કયારેય પણ ભૂલી જતા નથી. મહાન પુરુષોના અંતિમ શબ્દો હંમેશા યાદ રાખવામાં આવે છે. બાઈબલમાં યાકૂબ, યૂસફ, મૂસા વગેરે પૂર્વજોનાં અંતિમ ઉચ્ચારણોમાં તેઓ તેમના વ્યક્તિત્વથી ઊંચા જઈને મહત્વના પ્રભાવક વિચારો ઉચ્ચારતા દેખાય છે. બીજાંઓની સરખામણીમાં તો પ્રભુ ઈસુના શબ્દો સુવર્ણ કરતાંયે, હા, ચોખ્ખા સોના કરતાંયે વધુ મૂલ્યવાન છે.

પ્રથમ વચનમાં ત્રણ વસ્તુ તરત ધ્યાન ખેંચે છે - ઈશ્વરને સંબોધન, વિનંતી અને દલીલ.

વધસ્તંભે જડાયેલા માણસો કંઈ બોલે તેમાં કશુંયે અસામાન્ય નથી ; મોટે ભાગે તેમના શબ્દોમાં અપાર ને અસહ્ય વ્યથાનાં ઉચ્ચારણો, છોડવા માટેની વિનંતીઓ; ઈશ્વર ને માણસ વિરુધ્ધ ઉચ્ચારાતા શાપ ને પોતાને આવી પીડામાં મૂકનાર માણસો માટે કટુતાભર્યા, કયારેક તો ગાલિપ્રદાનની હદે પહોંચતાં ઉચ્ચારણો જ રહેતાં. ઈસુની સાથે જડાયેલો એક ગુનેગાર તો પોતાની વેદનાને વીસરીને બીજાઓની સાથે ઠઠ્ઠામશ્કરીમાં ને મહેણાંટોણાંમાં પણ જોડાય છે, પરંતુ જ્યારે હાથપગમાં ખીલાના ઠોકવાથી લાગેલા આઘાતમાંથી જાગૃત થતાં જ જે પ્રથમ શબ્દો ઈસુના હોઠ ઉપર આવે છે તે તો છે પ્રાર્થના, અને પ્રથમ શબ્દ છે "બાપ."

શું એ તેમને ક્રૂસે જડનારાઓને કશા પણ ઈરાદા વગર ગુનેગાર ઠરાવનારી વાત છે ? ધર્મના નામે અને વિશેષતઃ તો ઈશ્વરને નામે ધર્મગુરુઓએ તેમને ગુનેગાર ઠરાવ્યા હતા, પરંતુ શું તેમને ધર્મના સાચા અર્થની ખબર હતી ? શું તેઓમાંના કોઈની પણ પાસે પ્રભુ ઈસુને છે તેવો ઈશ્વરપિતા સાથે ઘનિષ્ઠ સંબંધ હતો? ખરેખર તો એવું લાગે છે કે પ્રભુ ઈસુના હોઠ ઉપર પ્રાર્થના એ તો શ્વાસોચ્છવાસ જેવી કુદરતી વસ્તુ છે.

"બાપ" કે "પિતા" શબ્દ સ્પષ્ટ રીતે પુરવાર કરે છે કે પ્રભુ ઈસુની શ્રદ્ધા આવી આકરી કસોટીમાં પણ હિમાલય પહાડની જેમ અડગ હતી. જ્યારે ન્યાયીપણાને કચડવામાં

આવે છે ને અન્યાયનો વિજય થતો દેખાય છે ત્યારે શું સાચ્ચે જ ન્યાયાસન ઉપર બિરાજનાર કોઈ ઈશ્વર છે કે કેમ તેવો પ્રશ્ન થાય. પરંતુ પ્રભુ ઈસુ તો સતત પિતા સાથે સંબંધમાં હતા, અંત સુધી વિશ્વાસુ હતા, તેથી જ આવી કપરી કટોકટીની પળે તે ઈશ્વરપિતાને સૌપ્રથમ યાદ કરે છે.

આ શબ્દોમાં શ્રદ્ધાનો વિજય છે, વિશ્વાસનો મહિમા છે. અને તે પૃથ્વીના અંત સુધી લાખો ને કરોડોને માટે નમૂનારૂપ રહેશે. આ પ્રચંડ યાતનામાંથી દુનિયાના ઉદ્ધારનો માર્ગ ખુલ્લો બને છે અને ઈતિહાસમાં સૌથી ઉમદામાં ઉમદા જે કંઈ છે તે બહાર આવે છે. પ્રભુના બાળકોએ જિંદગીમાં કદી પણ નિરાશ થવાનું નથી. બધું જ અંધકારમય હોય, બધું જ છિન્નભિન્ન થતું લાગે, મરણની છાયાની ખીણમાં થઈને પસાર થવાનું હોય, કયાંય આશાનું કે ઉલ્લાસનું એકે કિરણ દષ્ટિગોચર થતું ન હોય, ત્યારે પણ ઈશ્વર છે, વર્તમાનનાં તોફાનો ઉપર તેમનો કાબૂ છે અને રહેવાનો છે, અને અંધકારના ગર્ભમાંથી પણ તે વિજયના પરોઢને જન્મ આપનાર છે.

ઈશ્વરપિતાને સંબોધન પછીની પ્રાર્થના તો વધુ અદભુત છે. એ તો દુશ્મનોને માટે માફીની પ્રાર્થના છે. પ્રભુ ઈસુની ધરપકડ કરાવ્યા પછી ધર્મગુરુઓએ કેવી રીતે નિયમોને મારી મચડીને તેમને ગુનેગાર સાબિત કર્યા. હેરોદે તેમનો કેવો તિરસ્કાર કર્યો. પિલાત કેવી રીતે પોતાની ફરજમાંથી ઈરાદાપૂર્વક ચૂકી ગયો, લોકટોળાંએ તેમનો કેવો ક્રૂર ઉપહાસ

કર્યો, તેમની જિંદગી સાથે કેવી ક્રૂર રમતો રમવામાં આવી, આ બધું આપણે જોયું છે. માનવી હૃદયની ઊંડામાં ઊંડી ભ્રષ્ટતા કેવી રીતે બહાર આવી અને ગંદવાડ ઉછાળતી રહી તે જોઈને આપણાં હૃદયોમાં પણ ક્રોધ વ્યાપે તે સ્વાભાવિક છે. છતાં પ્રભુ ઈસુ માત્ર આટલું જ કહે છે, "હે બાપ, તેઓને માફ કર."

ખ્રિસ્તી ધર્મ એ પ્રેમધર્મ છે અને ક્ષમાધર્મ છે. પ્રભુ ઈસુએ તો ગિરિપ્રવચનમાં પોતે શીખવ્યું હતું કે "તમે તમારા શત્રુઓ ઉપર પ્રેમ રાખો, ને જેઓ તમારી સતાવણી કરે છે તેઓને માટે પ્રાર્થના કરો" (માથ્થી ૫ : ૪૪) આ દુનિયા ઉપર બીજા ઘણા શિક્ષકો-તત્વચિંતકો થઈ ગયા છે, જેમણે આવાં સુંદર વચનો કહ્યાં છે. પરંતુ તેમના ઉપદેશ ને આચરણ વચ્ચે મોટી ખાઈ હોય છે. આવા કોઈ લેખકનાં સુંદર સંભાષણો આપણે વાંચીએ ને પછી એ લેખકના જીવન વિશે જાણકારી મેળવીએ ત્યારે ઘણીવાર આપણને ભારે પીડા થાય છે. સુંદર શબ્દો ને લેખકના વાસ્તવિક જીવન વચ્ચે ભારે વિરોધાભાસ હોય છે. તેથી જ ઘણાબધા મોટા સાહિત્યકારોનાં જીવનચરિત્રો યુવા પેઢી માટે ઘણીવાર આઘાતજનક ને ધૃણાસ્પદ બની જાય છે. પરંતુ માત્ર પ્રભુ ઈસુ એવા ગુરુજી છે, જેમણે જે શીખવ્યું તે આચરણમાં ઉતાર્યું. તેમનાં વાણી, વર્તન વચ્ચે સંપૂર્ણ એકતા છે. કોઈ વિરોધાભાસ નથી. ગિરિપ્રવચન અને પ્રભુ ઈસુના સમગ્ર શિક્ષણને તપાસીએ છીએ ત્યારે માલૂમ પડે છે કે તેમણે તો ધર્મસિધ્ધાંતોને ખૂબ કડક બનાવ્યા છે. માણસના વિચારો

અને લાગણીઓને પણ સતત ધ્યાનમાં લઈને શીખવ્યું છે. એમનું શિક્ષણ એટલું બધું ઊંચા સ્તરનું છે કે (દા.ત. વિચારમાં કે દષ્ટિમાં પણ વ્યભિચાર કે ક્રોધ ન કરવાની વાત) કે દુનિયાને માટે તે અશક્ય જેવું લાગે. છતાં, "હે બાપ, તેઓને માફ કર" એ પ્રાર્થનામાં તેમણે પોતાના શિક્ષણને-ક્ષમાધર્મને-ચરિતાર્થ કરી બતાવ્યું છે.

આપણે બધાં અનુભવમાંથી જાણીએ છીએ કે માફી આપવી એ કેટલું મુશ્કેલ છે ? જેમને આ દુનિયામાં શત્રુઓ હોય છે (અને ન હોય તેવું તો ભાગ્યે જ બને ! ) તેઓને ખબર છે કે માફી આપવી એ ખૂબ મુશ્કેલ છે. વેર લેવું કે બદલો આપવો એ જ સ્વાભાવિક છે, અને તેથી જ વેર વાળવાથી માણસને મીઠો સંતોષ મળે છે. જૂની દુનિયામાં આચરણમાં તો નિયમ હતો જ કે "તું તારા મિત્ર પર પ્રેમ રાખ ને તારા શત્રુનો તિરસ્કાર કર." જૂના કરારના કેટલાક સંતોએ પણ તેમની સતાવણી કરનાર દુશ્મનોને કડક શબ્દોમાં શાપ આપ્યા છે. પરંતુ ખ્રિસ્તી ક્ષમા તો એક અદભૂત વસ્તુ છે, દુનિયામાં ભાગ્યે જ બીજી કોઈ વસ્તુ ખ્રિસ્તી ક્ષમા જેવી સુંદર હશે. તેથી જ, ખ્રિસ્તના નમૂનાને અનુસરી પોતાને પથ્થરે મારી નાખનાર માટે સ્તેફન પ્રાર્થે છે કે "ઓ પ્રભુ, આ દોષ તેઓને માથે ન મૂક" (પ્રે.કૃત્યો ૭:૬૦) સંત પાઉલ પણ લખે છે કે "પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરુણાળુ થાઓ, અને જેમ ખ્રિસ્તમાં દેવે પણ તમને માફી બક્ષી તેમ તમે

એકબીજાને ક્ષમા કરો'' (એફેસી ૪ : ૩૨) પ્રભુ ઈસુના માફીના શબ્દો એ પણ દર્શાવે છે કે પ્રભુ ઈસુ જિંદગીભર ઈશ્વરપિતાને તેમના જીવનમાં પ્રગટ કરતા રહ્યા છે, અને આ કપરી કસોટીમાં માનવી સ્વભાવમાં પણ ખ્રિસ્તનું દેવત્વ બળતા ને ન ભસ્મ થતા ઝાડવાની જેમ પ્રકાશે છે.

મરતા તારણહાર શત્રુઓને માટે માફીની પ્રાર્થનામાં આ દલીલ ઉમેરે છે કે ''તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી.'' આપણે આમાંથી શું સમજીએ ? શું તેમના શરીરમાં ખીલા મારનારા રોમન સૈનિકોને ખબર નહોતી કે તેઓ માનવી હાડમાંસમાં ખીલા મારી રહ્યા છે ? શું પોતે વિશ્વાસઘાત કરે છે તેની યહૂદાને જાણ નહોતી ? શું ક્રૂસારોહણની ક્રિયામાં સામેલ એવા પિલાતને અને ધર્મગુરુઓને પોતે શું કરી રહ્યા છે તેની ખબર નહોતી ? કદાચ, પ્રભુ ઈસુ એમ સૂચવવા માગે છે કે આ ક્રૂસારોહણના બનાવમાં ભાગીદાર એવા બધાને તેમનાં પાપનાં પરિણામનો ખ્યાલ નહોતો. તેમના કાર્યનું અંતિમ પરિણામ શું આવશે તેની સમજ નહોતી.

પરંતુ આ શબ્દો તો પ્રભુ ઈસુના પ્રેમની ઊંડી ગહેરાઈઓનું દર્શન કરાવે છે. લૂકના વૃત્તાંત મુજબ તો સૈનિકો તેમને વધસ્તંભે જડતા હતા ત્યારે પ્રભુ ઈસુ આ શબ્દો ઉચ્ચારે છે. સરકારના હાથા જેવા રોમન સૈનિકો, ન્યાયાધીશ પિલાત, હેરોદ અને સાન્હેદ્રિનના સભ્યો, યહૂદા આ બધા ગુનેગાર તો છે જ. છતાં, આ બધામાં અજ્ઞાન પોતે શું કરે તેનું અને

તેનાં ભયંકર પરિણામોનું ભાન ન હોવું-થોડેઘણે અંશે, કારણભૂત છે. તેથી પિતર યહૂદીઓને કહે છે કે "હવે ભાઈઓ, તમે તેમ જ તમારા અધિકારીઓએ (સત્તાધીશોએ) પણ અજ્ઞાનપણાથી તે કામ કર્યું તે હું જાણું છું."
(પ્રે.કૃ. ૩:૧૭)

દરેક પાપીને માટે તે વત્તેઓછે અંશે સાચું હોય છે કે, તે પાપ કરે છે ત્યારે ખરેખર શું કરે છે, તે તે જાણતો હોતો નથી. પિલાત, ધર્મગુરુઓ ને રોમન સૈનિકોની જેમ આપણાં પાપના સાચા અર્થની આપણને ખબર પડતી નથી. કદાચ, પાપની સમજણ પડે છે પણ તેનાં અંતિમ દુઃખદ પરિણામોની જાણ હોતી નથી. આપણો અંતરાત્મા તો સતત આપણને ચેતવ્યા કરે છે છતાં આપણે પાપ કર્યા કરીએ છીએ. પરંતુ જો આપણે સાચા દિલથી ક્ષમાની પ્રાર્થના કરીએ તો ઈશ્વર આપણને માફી આપશે જ કારણ, તે આપણી નબળાઈઓ અને મર્યાદાઓ જાણે છે.

પ્રભુ ઈસુની પ્રાર્થનાનો એવો પણ અર્થ થઈ શકે કે અપરાધીઓને પસ્તાવા માટેનો સમય મળવો જોઈએ. પસ્તાવિક ચોરની વાતમાં અને ઈસુનું મરણ નિહાળીને 'છાતી કૂટતા પાછા ફરતા' માનવસમૂહોની વાતમાં, આ પ્રાર્થનાનો તાત્કાલિક પ્રત્યુત્તર પણ મળતો દેખાય છે. પ્રભુ ઈસુ ઈશ્વરને પોતાના શત્રુઓને માફી આપવાની પ્રાર્થના એટલા માટે કરી શકે છે કે તે પોતે પણ માફી આપી ચૂકયા છે.

આપણે એ કદી ન ભૂલીએ કે પ્રભુ ઈસુ માનવજાતિનાં બધાં પાપોના પ્રાયશ્ચિત તરીકે મૃત્યુને ભેટયા છે. જાણમાં કે અજાણમાં થયેલાં પાપ, ગુપ્ત ને ઉઘાડાં પાપ, ભૂતકાળનાં અને વર્તમાનનાં પાપ-આ બધાં આપણાં પાપ માટે તે બલિ બની ચૂકયા છે. મારકસ ઓરેલિયસ નામના મહાન રોમન શહેનશાહ રોજ સવારે પોતાની જાતને આ પ્રમાણે કહેતા : ''આજે તને જાતજાતના અણગમતા માણસો મળશે. તેઓ તારી નિંદા કરશે ને તારું અપમાન કરશે; પણ તારાથી તેમની જેમ જીવાશે નહિ, કારણ, તારામાં ઈશ્વરનો આત્મા વસે છે.'' બીજાંઓનાં હૃદયોમાં ભલે માફી ન આપવાનો આત્મા હોય, પણ આપણે તો વધારે સારી રીતે જાણીએ છીએ ! આપણે તો ખ્રિસ્તનાં માણસો છીએ અને જેમ ખ્રિસ્તે ક્ષમા આપી તેમ આપણે ક્ષમા આપવી જોઈએ. કારણ, સિત્તોરગણી સાતવાર માફી આપવાનું કહેનાર અને તેને જીવનમાં ચરિતાર્થ કરનાર ક્ષમાવતાર પ્રભુ ઈસુના આપણે શિષ્યો છીએ.

## પ્રથમ વાણી

''હે બાપ, તેઓને માફ કર, કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી.''

પ્રતિશોધ કે બદલો લેવાની ઈચ્છા માણસના લોહીમાં ભળેલી છે. ઈર્ષ્યાની એક નાનકડી ચિનગારી વેરનો દાવાનળ પ્રગટાવી શકે છે. તેથી સ્તો પોતાના ભાઈનું અર્પણ માન્ય થયું ને પોતાનું નહિ - એટલી જ ઈર્ષ્યાની ચિનગારીએ કાઈન પાસે

પોતાના ભાઈ હાબેલનું ખૂન કરાવ્યું. દુનિયા પરની એ પહેલી હત્યા. એ તો જાણીબૂઝીને કરેલું ખૂન હતું. તેથી સ્તો હાબેલનું લોહી આજે પણ ભૂમિમાંથી હાંક મારે છે.

અહીં વધસ્તંભ ઉપર જેને ક્રૂરતાથી લટકાવી દેવાય છે તે કોઈ સામાન્ય માણસ નથી, એ તો રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ છે. આંખો ઉપર અને વિશેષ તો હૃદયો ઉપર અંધારપટ છવાઈ ગયેલો હોવાથી આ ઝનૂની યહૂદી ટોળાંઓએ અને સૈનિકોએ એમને ઓળખ્યા નથી. કશાયે ગુના કે અપરાધ વિના તેમની ગેરકાયદેસર ઘરપકડ કરવામાં આવી છે. સંપૂર્ણ ગેરકાયદેસર રીતે એમની સામે કહેવાતી કોર્ટની કાર્યવાહી કરવામાં આવી છે. ક્રૂરતા માટે નામાંકિતને રોમન હાકેમ પિલાત પણ કહે છે કે, "મને એનામાં કોઈ દોષ દેખાતો નથી." અને એમ કહી એ પોતાના હાથ ધોઈ નાંખે છે. પછી તો જે બને છે એમાં અધમતાની પરાકાષ્ઠા છે.

સૈનિકો ઈસુની ઠઠ્ઠામશ્કરી કરે છે. એમને બેરહમ રીતે મારે છે. અને મારતાં મારતાં એમને પૂછે છે કે, "બતાવ, કોણે તને માર્યો ?" એમની સાથે નિંદાજનક વાતો કરે છે, અપમાન કરે છે. હેરોદના સૈનિકો પણ ઉપહાસ કરવામાં પાછા પડતા નથી. લગભગ બધા જ એમનાં ઉપર થૂંકે છે આપણા પર કોઈ થૂંકે તો આપણને કેવું લાગે. છતાં આ તો પ્રભુ છે. એ બધાં જ અપમાનો સાગરની જેમ ગળી જાય છે. વધસ્તંભે જડી દીધા પછી પણ આ અપમાનનો અવહેલનાનો, નિંદાનો અંત આવતો

નથી. ચારે તરફ જાણે તિરસ્કારનો સાગર ઘૂઘવાટા મારે છે. ત્યાં સ્વાભાવિક રીતે જ ક્રૂસ પર લટકેલો માણસ પ્રતિકાર કરે, છેવટે કંઈ નહિ તો ગાળો બોલે, મનમાં નિંદા કરે ત્યાં માનવ ઉદ્ધારક ઈસુ ક્ષમાની અવિરલ ક્ષમાના આ દુનિયામાં કદી નહિ સંભળાયેલા, અણમોલ રત્નો જેવા આ મહાન શબ્દો ઉચ્ચારે છે. જેના પ્રત્યેક શબ્દોમાં સમસ્ત દુનિયાનાં ફૂલોની સુગંધ છલકાઈ રહે છે : ''હે બાપ, તેઓને માફ કર, કેમ કે, તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી.''

પ્રભુ ઈસુના ગિરિપ્રવચનના આ અતિસ્મરણીય શબ્દો યાદ આવી જાય છે : આંખને બદલે આંખ, ને દાંતને બદલે દાંત એમ કહેલું હતું તે તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું કે જે ભૂંડો હોય તેની સામા ન થાઓ ; પણ જે કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે તેની તરફ બીજો પણ ફેરવ તું તારા પડોશી પર પ્રીતિ કર અને તારા વૈરી ઉપર દ્વેષ કર એમ કહેલું હતું એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું કે તમે તમારા વૈરીઓ પર પ્રીતિ કરો. કેવા અદ્‌ભુત શબ્દો! અને એથીયે અદ્‌ભુત વાત તો એ છે કે ઈસુ વધસ્તંભ ઉપર પોતે જે કહેલું તે અક્ષરશ : પાળી બતાવે છે, અને પોતાને વધસ્તંભે જડાવનારને ક્ષમા આપતા ઈશ્વરપિતાને પ્રાર્થના કરે છે. આવા દરિયાવદિલ ઈસુ આપણા સર્વોચ્ચ સમર્પણને પાત્ર છે.

''મનમાં જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ પૃથ્વીનું વતન પામશે.'' વધસ્તંભ ઉપર આ ધન્ય વચનને

ઈસુએ પોતાના આચરણ દ્વારા જીવંત બનાવી દીધું. સમાજ તો નમ્રતાને નિર્બળતા ગણે છે, પ્રતિશોધ કે બદલો લેવાની વાત ને મહત્વ આપે છે, પરંતુ પ્રભુ ઈસુ તો પ્રેમમાં જ સમસ્ત ધર્મશાસ્ત્રનું સારતત્વ જુએ છે, અને પ્રેમ તથા ક્ષમાનો અદ્વિતીય નમૂનો પૂરો પાડે છે.

આપણને કાંટો વાગે તો કેટલી વેદના થાય ? ત્યારે આ તો વજનદાર હથોડાથી હાથ પગમાં ખીલા-લાંબા અને ધારદાર ખીલા મારવાની વાત છે. એમાં વેદના અને મહાત્રાસ કેટલાં બધાં બેવડાયાં હશે છતાં કદાચ સાંભળનારાઓને પણ પોતાના કાન ઉપર વિશ્વાસ નહિ આવ્યો હોય તેવા શબ્દો તેઓ સાંભળે છે : ‘‘હે બાપ તેઓને માફ કર..’’

પ્રભુ ઈસુ કહે છે કે ‘‘તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી.’’ નર્યા અજ્ઞાનને કારણે, આંખો ઉપર ક્રોસ અને વેરનાં, ઝનૂન અને પ્રતિશોધનાં પડળો ચઢી ગયાં હોવાને કારણે યહૂદીઓએ એમના ધર્મઝનૂની ધર્મગુરુઓની ઉશ્કેરણીને કારણે આ કાર્ય કર્યું હતું.

કેટલી બધીવાર આપણે પણ આંખો હોવા છતાં સાચું જોતાં નથી, કાનો હોવા છતાં સાચું સાંભળતાં નથી અને મન હૃદય હોવા છતાં સાચું વિચારતાં નથી, માત્ર આપણો સ્વાર્થ અને આપણું સ્વકેન્દ્રીપણું આપણને અપરાધની અંધારી દુનિયામાં લઈ જાય છે. માણસમાં આજને વીંધીને આવતીકાલને જોવાની દૃષ્ટિ હોતી નથી. તેથી જ આંખો સામે

મુક્તિદાતા હોવા છતાં યહૂદીઓએ પ્રભુને ઓળખ્યા નહિ. યહૂદીઓને એ સમજાયું નહિ કે ઈસુ જ પરમેશ્વર દ્વારા મોકલાયેલા માત્ર તેમને માટે નહિ પણ સમગ્ર વિશ્વ માટે મોકલાયેલાં મસીહ હતાં તેથી જ એ ખીલા, એ ભાલો, એ વધસ્તંભ તેમના અજ્ઞાનનું, અસહિષ્ણુતાનું પ્રતીક બની જાય છે, તેથી જ ઈસુ કહે છે, "હે બાપ તેઓને ક્ષમા કરો, કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી." પ્રભુ ઈસુનું દષ્ટિબિન્દુ દષ્ટિબિન્દુથી કેટલું ભિન્ન છે ! એ તો સૃષ્ટિના સર્જનહારનું દષ્ટિબિન્દુ છે. જે ટોળાઓએ તેમને વધસ્તંભે જડાવ્યા. તેમને માટે તેમણે ક્ષમા માંગી, જેમણે અપમાન કર્યું, નિંદા કરી તેમને માટે તેમણે ક્ષમા માંગી.

આફ્રિકામાં એક યુવાન મસીહી હેડમાસ્ટરને ટોળાં એમની ઓફિસમાંથી બહાર ઘસડી લાવ્યાં એમનો તો એટલો જ ગુનો હતો કે તે ખ્રિસ્તી હતા. સડકની એક બાજુ ધ્રૂજતા, રડતાં આફ્રિકન બાળકો હતાં. આસપાસ કસ્બાનાં માણસો હતાં. બધાં નિઃસહાય બનીને જોઈ રહ્યાં હતાં. હેડમાસ્ટર સામે બંદૂકો તકાયેલી હતી. તેમણે હત્યારાઓ સામે જોઈ વિનંતી કરી, "શું આપ મને બે ત્રણ મિનિટ આપી શકશો ? મારે એક ગીત ગાવું છે." હત્યારા હસ્યા. પછી સંમતિ આંપી. પ્રાર્થનામાં બે હાથ જોડી હેડમાસ્ટરે ગાયું.

**Out of my bondage, sorrow and night**

**JESUS I COME. JESUS I COME**

હું છું તેવો જ, તું જ પ્રીત ન્યારી,

મુજ બંધન સૌ તોડયાં ભારી,

તારો જ થવા ઈચ્છા મારી,

દેવના હલવાન હું આવું છું.

ગીત પૂરું થાય તે પહેલાં તે વીંધાઈ ગયા

ક્ષમાનો કેવો ઉત્તમ પદાર્થપાઠ !

“તેની સાથે ટાંગેલા ગુનેગારોમાંથી એકે તેની નિંદા કરીને કહ્યું કે, “શું તું ખ્રિસ્ત નથી ? તું પોતાને તથા અમને બચાવ” પરંતુ બીજાએ ઉત્તર આપતાં તેને ધમકાવીને કહ્યું કે “તું તે જ શિક્ષા ભોગવે છે, છતાં શું તું દેવથી બીતો નથી ? આપણે તો વાજબી રીતે ભોગવીએ છીએ, કારણ કે, આપણે આપણાં કામનું યોગ્ય ફળ પામીએ છીએ, પણ એણે કંઈ પણ ખોટું કર્યું નથી.” તેણે કહ્યું કે, “હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે.”તેણે તેને કહ્યું કે, “હું તને સાચ્ચે જ કહું છું કે આજે તું મારી સાથે પારાદૈશમાં હોઈશ.”

(લૂક ૨૩ : ૩૯ - ૪૩)

## (૪) વધસ્તંભ ઉપરનું બીજું વચન

ત્રણ વધસ્તંભ અને ત્રણ માણસો. બે આજુબાજુ અને એક એક વચમાં. પ્રભુ ઈસુને બે ચોરો વચ્ચે લટકાવવાની વ્યવસ્થા કોણે કરી હશે તે આપણે જાણતા નથી. કદાચ, પિલાતે કરી હોય અને ઈસુ ઉપરનું જે લખાણ પોતે મૂકાવ્યું હતું તેને વધુ યથાર્થ ઠેરવવા કે આ મજાકને વધુ કડવી બનાવવા તેણે આવી ગોઠવણી કરી હોય. કદાચ યહૂદી અધિકારીઓએ રોમન સૈનિકોને વિનંતી કરીને 'ઘામાં મીઠું ભેરવવા' એટલે અપમાનમાં વધારો કરવા આવું ગોઠવ્યું હોય. અથવા કદાચ રોમન સૈનિકોએ પોતે, ઈસુ એક જાણીતા કેદી હતા તેથી, આવી વ્યવસ્થા કરી હોય. જેણે કરી હોય તેણે આ ગોઠવણીમાં દુષ્ટ હેતુ ને દ્વેષબુદ્ધિ બતાવ્યાં છે તે સ્પષ્ટ છે.

માણસના ક્રોધમાં પણ ઈશ્વરી હેતુ દેખાઈ આવે છે. અંતિમ દૃશ્યોમાં ઈસુને અપમાનિત કરવાનું નાનામાં નાનું કૃત્ય કેવી રીતે તેમને મહિમાવાન બનાવે છે તે આપણને વારેવારે જોવા મળે છે. છાણાં દેખાવમાં ગંદાં લાગે પણ અગ્નિના સ્પર્શથી કેવાં પ્રકાશિત થઈ જાય છે, તે જ રીતે ઈસુના સંદર્ભમાં બનેલી નાની નાની વિગતો પણ અંતે તો અંધારી રાત્રીમાં પ્રકાશિત તારાની જેમ પ્રકાશે છે. કાંટાનો મુગટ, જાંબુડિયા રંગનો રાજવી ઝભ્ભો, વધસ્તંભ ઉપરનું લખાણ, પાસે ઊભેલાંઓનાં અપમાનો - આ બધું જ મુક્તિ-દાતાને વધુને વધુ મહાનતા આપતું જાય છે.

તેથી જે બે ચોરો વચ્ચેનું સ્થાન એ માણસોની તેમ જ ઈશ્વરી યોજનાનો એક ભાગ બને છે. ધર્મગુરુઓએ તો અગાઉથી જ તેમને "જકાતદારોનો અને પાપીઓનો મિત્ર" તરીકે ઓળખાવ્યા હતા અને હવે ચોરોની વચમાં તેમનો વધસ્તંભ રોપીને તે કથનને પૂરેપૂરું સાર્થક બનાવે છે. ઈસુ તો પાપીઓને શોધવા ને બચાવવા જ આવ્યા હતા. તે તો પાપીઓ વચ્ચે જ ઊછર્યા હતા, જીવ્યા હતા ને તેમની વચ્ચે જ મૃત્યુને ભેટે એ તેમને માટે કેટલું બધું સ્વાભાવિક છે ! આજે પણ તે પાપીઓની વચ્ચે જ છે. બંને ચોરોની વિચિત્ર વર્તણૂક આજે પણ ઘણાંનાં વર્તનોમાં પડઘાતી જોવા મળે છે. કેટલાક પાપીઓ તેમની ઉપર વિશ્વાસ મૂકી તારણ કે ઉદ્ધાર પામ્યા છે, જ્યારે કેટલાક વિશ્વાસ ન મૂકી નાશ પામ્યા છે. દુનિયાનો ઈતિહાસ સમાપ્ત થશે ત્યારે પણ ઈસુ તો પાપીઓની વચમાં જ હશે, પસ્તાવિક પાપી તેમની એક બાજુ હશે અને પશ્ચાત્તાપશૂન્ય (પસ્તાવો ન કરનાર) પાપી બીજી બાજુ હશે. ઉપરાંત, "તે અપરાધીઓમાં ગણાયો (યશાયા ૫૩ : ૧૨), એ શાસ્ત્રવચન પૂર્ણ થાય માટે પણ કાલવરી ઉપર આમ બન્યું હશે.અપરાધીઓ સાથે રહેવામાં ને ગણાવામાં ઈસુના ચારિત્ર્યની મહાનતા ને તેમના સેવાકાર્યના હેતુ (**mission**) નાં દર્શન થાય છે. ઉડાઉ દીકરાના દૃષ્ટાંતમાં પ્રભુ ઈસુના સમગ્ર શિક્ષણનું હાર્દ આવી જાય છે, તેમ ક્રૂસ ઉપર લટકેલા પસ્તાવિક ચોરના ઉદ્ધારમાં ખ્રિસ્તના સમગ્ર

જીવનનો સૌંદર્યસાર મળી આવે છે.

સાન્હેદ્રિનના ધર્મગુરુઓની સાથે શરૂઆતમાં તો બંને ચોરો ઈસુને મહેણાં મારવામાં જોડાઈ જતા લાગે છે. બે સુવાર્તાઓના લેખકો પણ કંઈ આવું જણાવે છે. જેણે પસ્તાવો કર્યો નહિ તે ચોરે શરૂઆત કરી હશે, અને બીજો કદાચ પહેલા અનુકરણમાં મને કમને, થોડી પળો માટે ભળ્યો હશે. પોતાના મૃત્યુની ઘડીઓ ગણાતી હોય ત્યારે સાથી સમદુઃખી પ્રત્યે મહેણાંટોણાં મારવાં એ તો દુષ્ટતાની પણ હદ કહેવાય. અલબત્ત, તેમની વેદના જ એવી અસહ્ય હશે કે તેણે તેમને આવું કરવા પ્રેર્યા હશે.

અણપસ્તાવિક ચોર તો સિતમો વેઠતા પ્રાણી જેવો બની ગયો છે. ફસાઈ ગયેલું પ્રાણી તો કયારેક તેને બચાવનારને પણ નહોર ભરી લેતું હોય છે. પરંતુ બીજો ચોર તો તરત જ મહાત્રાસ અનુભવી પાછો પડી જાય છે. પ્રભુ ઈસુનું પવિત્ર દુઃખસહન, ધૈર્ય, શાંતિ અને શત્રુઓને પણ માફી બક્ષવાના દૈવી પ્રકાશમાં તે પોતાનું પાપી જીવન નિહાળે છે. તેને પોતાની પતિત અવસ્થાનું ભાન થાય છે. અત્યાર સુધી બીજા ગુનેગારો તેને માટે આદર્શ હતા, હવે ખ્રિસ્તની શાંત છતાં દૃઢ સહનશક્તિમાં તેને અપ્રિતમ શોર્યનાં વિરલ દર્શન થાય છે.

ચોરના હૃદયપરિવર્તનમાં કોઈને ત્વરિતતા કે ઝડપ પણ લાગે છે. કેટલાક એવું પણ માને છે કે કદાચ ખ્રિસ્ત અને પસ્તાવિક ચોર અગાઉ મળ્યા પણ હોય. ક્રૂસારોહણની ઘડીમાં

તો તેઓ સાથે જ હતા. શત્રુઓને માફી આપવાની ઈસુની પ્રાર્થના તેણે સાંભળી છે, કાલવરી સુધીના માર્ગ પરનો ઈસુનો ગૌરવી વ્યવહાર તેણે રૂબરૂ નિહાળ્યો છે, યરુશાલેમની દીકરીઓને કહેલા શબ્દો સાંભળ્યા છે, ધર્મગુરુઓનાં સત્યની ઊલટી રજૂઆત કરતાં મહેણાં-ટોણાં તેણે સાંભળ્યા છે. એમાંથી ઈસુના ઈશ્વરપુત્ર હોવાના ઈસ્રાએલના ઉદ્ધારનાર હોવાના જે દાવા તેણે કર્યા હતા તે તેણે સાંભળ્યા છે. કદાચ ઈસુની જનેતાની જેમ તેનું પણ કોઈ સ્વજન ક્રૂસના સાનિધ્યમાં તેને માટે પ્રાર્થના કરતું ઊભું છે. તેથી જ હવે 'યહૂદીઓનો રાજા' એ મશ્કરીમાં મુકાયેલી નોંધમાં તેને સત્યદર્શન થાય છે. માનવજાતનાં ઉદ્ધાર માટે જાતે બલિ થનાર, બીજાઓના અન્યાયો ને પાપોને માથે લેનાર મુક્તિદાતા પ્રભુ ઈસુના દર્શન તેને થાય છે. સાચી વાત તો એ છે કે પસ્તાવિક ચોરનું હૃદયપરિવર્તન અણધાર્યું કે ઝડપી નથી, એને માટે એના હૃદયમાં સતત મથામણ ચાલેલી હોવી જોઈએ.

કોઈપણ માણસનો પસ્તાવો તે ઘણીવાર ઘણાં પરિબળોનું અંતિમ પરિણામ હોય છે. ઘરનાં સંસ્કાર, માબાપની શિખામણો, એ વ્યક્તિ માટેની બીજાંઓની પ્રાર્થનાઓ, પવિત્ર આત્માની સતત ટકોર અને સામર્થ્ય - આ બધું પરિણામ લાવે છે. આમ ઝડપી કે અચાનક આવેલું દેખાતું હૃદયપરિવર્તન એ વર્ષોની પ્રક્રિયાનું પરિણામ હોઈ શકે. શિખામણ, સલાહ, બીજાઓનાં આદર્શ જીવનોનું નિરીક્ષણ,

બીજાંઓની અપીલ ને પ્રાર્થના એ બાહ્ય પરિબળો હોઈ શકે ને અંદરથી થતું પવિત્ર આત્માનું કાર્ય એ આંતરિક પરિબળ હોઈ શકે.

બીજો એક દષ્ટિકોણ એ તે માણસના અપરાધને તપાસવાનો છે. 'ચોર' શબ્દથી તો એક સામાન્ય ગુનેગાર છે તેવું પ્રતીત થાય છે, પરંતુ કદાચ સાચો શબ્દ 'લૂંટારો' (**robber**) છે અને સંત માર્ક તે શબ્દ પ્રયોજે છે. કદાચ, આ બંને રોમન સત્તાના વિરોધી એવા બળવાખોરો હોય ને પછી જીવનનિર્વાહ માટે તે ધોરીમાર્ગો પર લૂંટ કરનારા બન્યા હોય. પસ્તાવિક લૂંટારાના શબ્દો કે "આપણે તો આપણાં કામનું યોગ્ય ફળ પામીએ છીએ." ઘણું બધું સૂચવી જાય છે. એને લગભગ ખાતરી છે કે એણે કરેલાં ભયંકર કૃત્યોની વાજબી શિક્ષા દેહાંતદંડ હોઈ શકે. એથી એ મોટો પાપી હોઈ શકે. એનો દાખલો તો પશ્ચાત્તાપ કરનાર દરેક રીઢા પાપીને માટે પણ ઉત્તોજનદાયક છે અને યુગો સુધી રહેશે. પસ્તાવિક પાપીઓ કયારેક ઈશ્વર પાસે જતાં ડરતા હોય છે, કારણ, તેમનાં પાપ ઘણાં મોટાં ને બિહામણાં હોય છે. પરંતુ મરિયમ માગ્દાલેણ અને પસ્તાવિક ચોરની જેમ તેમને પણ ઈસુદર્શનથી ખાતરી થાય છે કે ઈશ્વરની મહાન કૃપા તેમનાં ભયંકર પાપોની માફી માટે પણ પૂરતી છે. "ઈશ્વરપુત્ર, ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને આપણાં બધાં પાપોથી શુદ્ધ કરે છે."

જો કે આનો અર્થ એવો કરવાનો નથી જ કે માણસોએ

મૃત્યુની અંતિમ પળોએ મળતી માફીની આશામાં જીવનભર પાપ કરતાં રહેવું. કેટલાંક આવું માને છે, પણ તે સાચું નથી. મૃત્યુની પળો દરેકને માટે હંમેશા પાવનકારી બની શકે નહિ. મૃત્યુ પાસે આવતું લાગે ત્યારે માણસની ધાર્મિકતા વધી જાય એવું પણ કાયમ બનતું નથી. બીજો લૂંટારો આનો જીવતો જાગતો ને અવિસ્મરણીય નમૂનો છે. મૃત્યુની પળોમાં ને પ્રભુ ઈસુની તદ્દન પડોશમાં હોવા છતાં તેનું હૃદય વધુ કઠણ ને જડ બને છે.

બીજી વાત એ પણ સાચી છે કે ઉદ્ધારનારનું આમંત્રણ માનવજાત માટે હંમેશા હોય જ છે. પ્રભુ ઈસુની કૃપાને કોઈ મર્યાદા નથી. પાપી ગમે તેટલો મોડો પ્રભુ પાસે આવે તોપણ પ્રભુ ઈસુના વીંધાયેલા હાથ પાપીને સ્વીકારવા માટે સદાય ખુલ્લા હોય છે, ઉડાઉ દીકરાના પિતાની જેમ તેમની આંખો સદાય પાપીના જીવનમાર્ગ ઉપર મીટ માંડતી હોય છે ને પસ્તાવો કરનાર માટે સ્વર્ગનાં દ્વાર કાયમ ખુલ્લાં જ રહે છે.

સંત પાઉલ એક સ્થળે ખ્રિસ્તીધર્મને બે ભાગમાં વહેંચે છે. ઈશ્વર તરફ ફરવું ને પાપથી વિમુખ થવું ને બીજું પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવો. પસ્તાવિક ચોરમાં આ બંને વસ્તુ દેખાય છે. ''શું તું ઈશ્વરથી પણ ડરતો નથી ?'' એ તેના સાથી લૂંટારાને પૂછાયેલ પ્રશ્નમાં તેનો પસ્તાવો દેખાય છે. તેણે પોતે ઈશ્વરનો ત્યાગ કર્યો હતો ને તેના પાપી ભૂતકાળમાં ઈશ્વરથી

તે જોજનો દૂર ચાલ્યો ગયો હતો. પરંતુ હવે ઈશ્વર પ્રભુ ઈસુના રૂપમાં પાસે હતા અને ઈશ્વરના પ્રકાશમાં તે પોતાનાં પાપ જોઈ શક્યો હતો. તે માત્ર મનમાં નહિ પણ જાહેરમાં પાપ કબૂલે છે. તે પ્રભુ ઈસુ પર વિશ્વાસ જાહેર કરે છે. તેના શબ્દો સાદા ને સરળ છે. "હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે."

પરંતુ આ સાદા ને સરળ શબ્દોમાં ઈસુ રાજાનો મહિમા ને લૂંટારાનો વિશ્વાસ પ્રગટ થાય છે. જ્યારે ધર્મગુરુઓ માનતા હતા કે તેમણે ઈસુ ખ્રિસ્તના દાવાઓને નેસ્તનાબૂદ કરી દીધા છે ને જ્યારે પ્રભુ ઈસુના પોતાના શિષ્યો તેમને છોડીને નાસી ગયા છે ત્યારે આ પસ્તાવિક ચોર ઈસુમાં વિશ્વાસ મૂકે છે. કાલ્વિન લખે છે : "જે આંખોએ મૃત્યુમાં જીવનનું, દેખીતા વિનાશમાં ભવ્યતાનું, શરમમાં મહિમાનું, પરાજયમાં વિજયનું ને ગુલામીમાં શાહી સ્વતંત્રતાનું દર્શન કર્યું તે (ચોરની) આંખો કેટલી બધી નિર્મળ હશે !" લ્યૂથર લખે છે, "જેમ બગીચામાં દૂતે પ્રભુ ઈસુની સેવા કરી હતી તેમ આ ચોર પ્રભુ ઈસુને માટે એક સાંત્વન બને છે. જ્યાં પિતરની શ્રધ્ધા ડગી ગઈ છે, ત્યાં ચોરનો વિશ્વાસ નોંધપાત્ર છે."

અહીં એ પણ નોંધવું જોઈએ કે પ્રભુ ઈસુના શબ્દોથી આ માણસનું બદલાણ થતું નથી. ચોર જ પહેલાં વાતની શરૂઆત કરે છે. પ્રભુ એકે શબ્દ ઉચ્ચારે તે પહેલાં ગુનેગારને તેનાં પાપની ખાતરી થઈ ચૂકી છે. પ્રભુ ઈસુની ધીરજ, તેમની

નિર્દોષતા, તેમની શાંતિ ને સહનશીલતા, અને તેમની ઉદારતાએ નિઃશબ્દ રીતે એટલે કે બોલ્યા વિના પોતાનું કામ શરૂ કરી દીધું હતું. શબ્દો કરતાં કાર્યો મોટાં છે, વધુ અસરકારક છે.

પ્રભુ ઈસુના શબ્દો કેટલા ઓછા છે, છતાં દરેકમાંથી તેમના તારણદાયક વ્યક્તિત્વની મુદ્રા પ્રગટ થાય છે. કદાચ, પસ્તાવિક લૂંટારો તો કોઈ દૂરના ભાવિમાં પોતાને માટે ખ્રિસ્ત કાર્ય કરશે તેવું માનતો હશે, પરંતુ પ્રભુ ઈસુ કહે છે કે "આજે". પોતે આજે જ મૃત્યુ પામવાના છે તેવું ભવિષ્યદર્શન તેમાં છે. તે અને લૂંટારો બંને દિવસો સુધી વધસ્તંભ ઉપર જીવતા લટકતા રહેવાના નથી : (કેટલાક તો પાંચ-સાત દિવસ સુધી અસહ્ય યાતનામાં જીવતા રહેતા), અને જ્યારે મૃત્યુ પ્રભુ ઈસુને પારાદૈશમાં લઈ જશે ત્યારે ત્યાં તે લૂંટારાની વાટ જોતા ઊભા હશે. "તું આજે મારી સાથે પારાદૈશ (સ્વર્ગલોક) માં હોઈશ" જ્યાં પ્રભુ ઈસુની હાજરી છે ત્યાં જ સ્વર્ગ છે. હિબ્રૂ ભાષામાં પારાદૈશનો અર્થ સુંદર બગીચો થાય છે. કદાચ આ શબ્દો દ્વારા પ્રભુ ઈસુ આદિ માતાપિતાના એદનબાગની સુંદરતા, શાંતિ ને સૌંદર્ય પેલા લૂંટારાના મનમાં ઊગે ને તેને સાદી ભાષામાં સ્વર્ગનો અર્થ સમજાય તેમ ઇચ્છે છે.

ક્રૂસ ઉપરનું બીજું વચન તારણહારનો દિવ્ય મહિમા પ્રગટ કરે છે. તે પોતા વિશે નથી પણ બીજાંઓ વિશે છે. તેમાં પણ એ વચનની મહાનતા છે. પોતે રાજા છે તેવો પણ તેમાં

સ્વીકાર છે. પશ્ચાતાપ કરનાર દરેક પાપી માટે તેમાં મુક્તિદાતાનું મહાન આમંત્રણ છે. પાપોની માફી આપવાના પોતાના જીવનદાયક અધિકારની તેમાં ગૌરવભરી રજૂઆત છે. તે અદૃશ્ય દુનિયા એટલે કે સ્વર્ગ જેના તે માલિક છે, તે વિશેની સ્પષ્ટ માહિતી આપે છે. હા, પસ્તાવિક ચોરનો વધસ્તંભ તે પસ્તાવાનો વધસ્તંભ છે, બીજા ચોરનો વધસ્તંભ તે પાપજડતાનો વધસ્તંભ છે જ્યારે વચલો વધસ્તંભ તે પાપમુક્તિનો કે ઉદ્ધારનો વધસ્તંભ છે. પસ્તાવિક ચોર પ્રભુ ઈસુ ઉપર પોતાનાં પાપનો અને અનંતકાળનો બોજો મૂકે છે અને પ્રભુ ઈસુ આનંદપૂર્વક તે સ્વીકારે છે.

(પસ્તાવિક ચોર વિશે ઘણી દંતકથાઓ છે. તેને ડિસ્મસ, દેમાસ કે દુમાકસ નામે ઓળખાવવામાં આવે છે. કેટલાક તેને યહૂદાના રોબીન હૂડ સાથે સરખાવે છે, જે શ્રીમંતોને લૂંટી, ગરીબોને દાન આપી દેતો. એક કથા એવી છે કે બાળ ઈસુને લઈને મરિયમ-યૂસફ જ્યારે હેરોદથી બચવા ઈજિપ્ત નાસી જતાં હતાં ત્યારે લૂંટારાઓએ તેમના પર હુમલો કર્યો. એ લૂંટારુ ટોળીના સરદારના પુત્રે બાળ ઈસુને બચાવી લીધા. તેણે ઈસુને છોડી દેતાં કહ્યું કે, “હે આશીર્વાદિત બાળક, મારા પર દયા કરવાનો કદી સમય આવે તો મને યાદ રાખજે, અને આ ઘડીને વીસરીશ નહિ” આમ દંતકથા કહે છે કે બાળ ઈસુને બચાવનાર લૂંટારો કાલવરીના ક્રૂસ આગળ ઈસુને ફરી મળી જાય છે અને ઈસુ તેને બચાવે છે.

ચાર સુવાર્તામાંથી માત્ર લૂકની સુવાર્તામાં જ વધસ્તંભ પરથી ઉચ્ચારાયેલી આ બીજી વાણીનો ઉલ્લેખ કરવામાં આવે છે. જો માથ્થી અને માર્કની સુવાર્તામાં જણાવવામાં આવે છે કે અધિકારીઓ, સિપાઈઓ વગેરેની સાથે ચોરોએ પણ પ્રભુની નિંદા કરી કે તું પોતાને બચાવી શકતો નથી ? તું નીચે ઉતરી આવ તો અમે વિશ્વાસ કરીએ.

બીજી વાણી જમણી તરફના ચોરની વિનંતીના પ્રત્યુત્તરરૂપે છે. આ દિવસે કાલવરી પર ત્રણ વધસ્તંભ જોવા મળે છે. ડાબી તરફનો વધસ્તંભ બળવાખોર વધસ્તંભ છે. જમણી તરફનો વધસ્તંભ પસ્તાવિક વધસ્તંભ છે, જ્યારે વચ્ચેનો વધસ્તંભ તો તારણનો વધસ્તંભ છે.

પ્રભુને ચોરોની સાથે વધસ્તંભ પર કેમ લટકાવ્યા ? શું કદાચ એવું બન્યું હોય કે પ્રભુને જે દિવસે વધસ્તંભ પર લટકાવવાના હતા ત્યારે જેલ સુપ્રિન્ટેન્ડન્ટે યાદ કરાવ્યું હોય કે બીજા બે ગુનેગારોને પણ વધસ્તંભ પર લટકાવવાના છે તો સાથો સાથો તેમને પણ લઈ જાવ ? ના, આ તો ફકત શાસ્ત્રવચનો પૂર્ણ થવાનાં હતાં તે માટે ઈશ્વરની એક યોજના હતી. "તે માટે હું મહાન પુરુષોની સાથે તેને હિસ્સો વહેંચી આપીશ અને પરાક્રમીઓની સાથે તે લૂંટ વહેંચશે કારણ કે તેણે પોતાનો આત્મા મરણ પામતાં સુધી રેડી દીધો અને તે અપરાધીઓમાં ગણાયો" (યશા. ૫૩ : ૧૨)

લૂક ૨૨ : ૩૭, કેમ કે હું તમને કહું છું કે અપરાધીઓની

સાથે તે ગણાયો. એ જે લખેલું છે તે મારામાં હજી પૂરું થવું જોઈએ.

પ્રભુ જયારે પૃથ્વી ઉપર હતા ત્યારે પણ તેમને માટે કહેવામાં આવતું હતું કે તે પાપીઓની સાથે બેસે છે, ખાય છે અને પીએ છે અને આ કથન પૂરું કરવા, પ્રભુ મૃત્યુ સમયે પણ અપરાધીઓના સાથીદાર બને છે, પરંતુ આ જ એક માત્ર હેતુ નથી. પ્રભુ પાપીઓના તારણ માટે આ પૃથ્વી પર આવ્યા હતા અને તે કામ આ ઘડીએ, મૃત્યુની પળોમાં પણ મૂકી દીધું નથી તે દર્શાવવા આ તો ઈશ્વરની એક યોજના હતી.

**ડાબી તરફનો ચોર :** (બળવાખોર વધસ્તંભ)

આ ચોર કેવી રીતે, પાપો કરીને, આ મૃત્યુદંડ ભોગવવા વધસ્તંભ સુધી આવ્યો હશે ? તે ખબર નથી. પરંતુ તે પાપ ઉપર પાપ કરીને ખૂબ રીઢો બની ગયો હતો. પાપના લીધે તેનામાં કઠોરતા અને કટુતા આવી હતી તે સખત બની ગયો હતો, તેની સંવેદનાઓ મરી પરવારી હતી. પાપ તેના રુધિરમાં એટલી હદે વ્યાપી ગયું હતું કે દુષ્ટ બાબત તેને દુષ્ટ લાગતી નથી.

તે પાપ કબૂલ કરવાને બદલે સ્વન્યાયપણાની દલીલ કરે છે. આ તો આત્મઅભિમાનનું પાપ બને છે. અભિમાનનું પાપ ભયંકર છે, તે લોકો તરફ જોવા પ્રેરે છે, પ્રભુ તરફ નહિ.

આથી તે તારણનો વધસ્તંભ નિહાળી શકતો નથી, પ્રભુની ઘોર નિંદા કરે છે. પ્રભુને માટે કઠોર શબ્દો વાપરે છે.

**જમણી તરફનો ચોર :** (પસ્તાવાનો વધસ્તંભ)

ડાબી તરફના ચોરના કઠોર શબ્દોથી ભલે તેનો ઉદ્ધાર થયો નહિ, પરંતુ જમણી તરફનો ચોર જે હજુ કઠોર બન્યો ન હતો, જે હજુ પણ સંવેદનશીલ હતો, તેના ઉદ્ધારની તકો ઊજળી બતાવે છે. જો કે આ ચોરે પણ શરૂઆતમાં પ્રભુની નિંદા કરી હતી. પણ તે પછી તેના જીવનમાં પરિવર્તન કેવી રીતે આવ્યું !

## બીજી વાણી

સંદર્ભ : પ્રભુ ઈસુએ પોતાની ધર્મસેવાનો પ્રારંભ કર્યો તે સમયે પહાડ ઉપર તેમણે લોકોને તથા પોતાના શિષ્યોને શીખવતાં કહ્યું "દયાળુઓને ધન્ય છે, કેમ કે તેઓ દયા પામશે." (માથ્થી ૫ : ૭)

અને પોતાની ધર્મસેવાના અંતે કાલવરીની ટેકરી ઉપર તેમણે ચોર સાથે વાતચીત કરતાં કહ્યું હતું, "આજ તું મારી સાથે પારાદૈશમાં હોઈશ." (લૂક ૨૩ : ૪૩)

તેમણે પોતે જ ઉપદેશ કર્યો હતો તેનું આચરણ તેમણે વ્યક્તિગત રીતે પોતાના જીવનમાં કર્યું હતું. તેમનું આચરણ અને ઉપદેશ, શબ્દો અને કાર્યો બંને એકબીજા સાથે સુસંગત હતા.

આ વિશ્વમાં "ઉપદેશ કરવામાં કુશળ" એવા ઘણા લોકો છે અને તેઓએ પોતાની વાકછટાથી મહાન ઉપદેશ કરીને અસંખ્ય લોકોને મંત્રમુગ્ધ કર્યા છે તેમ છતાં ઉપદેશ અને આચરણમાં કોઈ જ તફાવત નથી કેવળ એક જ વ્યક્તિએ

દર્શાવ્યું છે અને તે વ્યક્તિ પ્રભુ ઈસુ મસીહ છે.

(૧) આગળની રાત્રીએ ઈસુએ ત્રણ ભયંકર અપમાનો સહન કર્યા હતા. તે દિવસોમાં મંદિરના રક્ષકો, રોમન સરકારના સૈનિકો અને હેરોદ રાજાના સૈનિકો જોવા મળતા હતા. આજે પણ આપણા દેશમાં પ્રાદેશિક અર્ધ સૈનિક દળ, સીમા સુરક્ષા સૈનિક દળ અને પ્રાદેશિક પોલીસ દળ જોવા મળે છે.

આ ત્રણેય સૈનિક દળોએ પોતપોતાની રીતે અથવા પોતાના દષ્ટિકોણ પ્રમાણે ઈસુનું અપમાન કર્યું હતું.

(ક) મંદિરના સૈનિકોએ ઈસુની મશ્કરી કરી અને તેમને માર માર્યો હતો. તેઓએ તેમની આંખોએ પાટો બાંધીને તેમને પૂછયું, "કહી બતાવ, તને કોણે માર્યો ? અને તેમની નિંદા કરીને તેમની વિરુદ્ધ બીજું ઘણું કહ્યું." (લૂક ૨૨:૬૩ -૬૫)

તેઓએ પ્રભુ ઈસુ વિરુદ્ધ અનેક અપમાનજનક વાતો કહી હતી.

(ખ) હેરોદ રાજાએ પોતાના સૈનિકો સાથે ઈસુના ઠઠ્ઠા મશ્કરી કર્યા હતા. અને તેમને વસ્ત્રો પહેરાવીને પિલાત પાસે મોકલી આપ્યા હતા.

(ગ) રાજ્યપાલ પિલાતના 'રોમન' સૈનિકોએ ઈસુના કપડાં ઉતારી લઈને તેમને કિરમજી રંગનો ઝભ્ભો રાજવી પોશાક પહેરાવ્યો હતો. કાંટાનો મુગટ ગૂંથીને ઈસુના માથે પહેરાવ્યો હતો અને રાજદંડ તરીકે તેમના હાથમાં સોટી આપી

હતી. તેઓ તેમની સમક્ષ મશ્કરીમાં ઘૂંટણે પડીને કહેતા હતા, "હે યહૂદીઓના રાજા, સલામ !" (માથ્થી ૨૭ : ૨૭ - ૩૦)

સિપાઈઓ તેમના ઉપર થૂંકયા હતા અને તેમના હાથમાંથી સોટી ખૂંચવી લઈને તેમના માથામાં મારી હતી.

(ઘ) અને હવે જ્યારે ઈસુને વધસ્તંભ ઉપર જડવામાં આવ્યા હતા, ત્યારે ત્યાં થઈને પસાર થતા લોકોએ તેમની નિંદા કરીને કહ્યું હતું, "મંદિરને પાડી નાખીને ત્રણ દિવસમાં ફરી બાંધનાર તું પોતે પોતાનો બચાવ કર... તું વધસ્તંભ પરથી નીચે ઉતરી આવ." આ રીતે સર્વ લોકો, મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ તેમની મશ્કરી કરીને કહેતા હતા. "તેણે બીજાને બચાવ્યા પણ તે પોતાનો બચાવ કરી શક્તો નથી. જો વધસ્તંભ પરથી તે નીચે ઉતરી આવે એટલે અમે તેના પર વિશ્વાસ કરીશું." આ રીતે ચાર પ્રકારના લોકોએ ચાર રીતે તેમની મશ્કરી કરી હતી.

(૨) પ્રભુ ઈસુના વધસ્તંભની બંને બાજુઓ પર બે ચોરને પણ જડવામાં આવ્યા હતાં.

લોકો જ્યારે ઈસુની મશ્કરી કરી રહ્યા હતા ત્યારે તેમની ડાબી તરફ જડવામાં આવેલો ચોર પણ તેમની મશ્કરી કરવામાં સામેલ થયો હતો.

અન્ય લોકોની નિંદા સાંભળવામાં અને નિંદા કરવામાં માનવીને એક પ્રકારનો આનંદ થાય છે. આ હકીકતમાં જ સ્વાભાવિક રીતે જ માનવીની નબળાઈ છે. અન્ય લોકોની

નિંદા કરવી, આપણ સર્વને સારું લાગે છે. તોપણ અન્ય લોકોની પ્રશંસા કરવા માટે આપણા મુખમાંથી શબ્દો નીકળતા નથી. કારણ કે ઈર્ષા, અદેખાઈ આપણા મોં ઉપર તાળું મારી દે છે. અથવા તો આપણી મોટાઈ આપણું ખોટું અભિમાન આપણને અન્ય લોકોની પ્રશંસા કરવાથી અટકાવે છે. આપણી પત્ની આપણા માટે ઉત્તમ રસોઈ તૈયાર કરે છે, આપણી ભરપૂરપણે સેવા કરે છે તોપણ આપણે પુરુષ તરીકે એટલું બધું અભિમાન કરીએ છીએ કે પોતાની પત્નીની પ્રશંસા કરવા માટે આપણા મુખમાંથી પ્રશંસાના બે શબ્દો પણ ઉચ્ચારી શકતા નથી.

બીજી તરફ દૃષ્ટિ કરીએ તો જ્યારે કોઈક દિવસે પત્નીએ રસોઈ તૈયાર કરી નથી, ખોરાકમાં વધારે મીઠું નાખી દીધું છે, ચ્હા થોડી વધારે મીઠી અથવા ઠંડી થઈ ગઈ છે, ત્યારે ઓફીસનો બધો જ ગુસ્સો આપણે પત્ની ઉપર ઉતારીએ છીએ.

ઈસુની ડાબી તરફ જડવામાં આવેલા ચોરની સ્થિતિ આવી જ હતી. પ્રભુ ઈસુના વધસ્તંભ ઉપર "આ યહૂદીઓનો રાજા છે." એમ લખવામાં આવ્યું હતું તે તેણે જોયું હતું. "જો તું યહૂદીઓનો રાજા હોય તો તું પોતાનો બચાવ કર" તેવી વાતચીત કરતા સિપાઈઓની વાત તેણે સાંભળી હતી. તેથી તેણે ઈસુને કહ્યું "શું તમે મસીહ નથી ? તો તમે પોતાનો તેમ જ અમારો બચાવ શા માટે કરતા નથી ?"

ઈસુની જમણી તરફ જડવામાં આવેલા ચોરે તેનો વિરોધ

કરતાં કહ્યું, "મરણ નજદીક હોવા છતાં શું તને ઈશ્વરની બીક લાગતી નથી ? આપણે આપણા પોતાના દુષ્ટ કામોનું ફળ ભોગવી રહ્યા છીએ. પણ એ માણસે કશું જ ખોટું કર્યું નથી." (લૂક ૨૩ : ૪૨)

આ ચોરે ઈસુની મશ્કરી કરી નહોતી. તેણે ઈસુના દુઃખ અને યાતનાઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી અને તે જ સમયે તેણે ઈસુ પર વિશ્વાસ કર્યો હતો અને કહ્યું, "હે ઈસુ તમે તમારા રાજ્યમાં આવો ત્યારે મને જરૂરથી યાદ કરજો."

"તમે આવો ત્યારે... યાદ કરજો" તે વિશ્વાસસભર શબ્દો ભવિષ્યનો નિર્દેષ કરતા હતા. પરંતુ ઈસુએ તેણે વિશ્વાસસહિત કરેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપતા કહ્યું હતું, "આજે... આવતી કાલે, પરમ દિવસે... હમણાં જ તું મારી સાથે પારાદૈશમાં હોઈશ." ગ્રીક ભાષામાં "આજે" શબ્દનો અર્થ "હમણાં" "આ જ સમયે" તે રીતે કરવામાં આવ્યો છે. મરણ પામવાના સમયે જ પ્રભુ ઈસુને પોતાનો ઉદ્ધાર કરવાની વિનંતી કરવામાં આવી અને તેનો ઉદ્ધાર કરવામાં આવ્યો તેવો આ એક જ પ્રસંગ સમગ્ર બાઈબલમાં જોવા મળે છે.

(૩) ખ્રિસ્તી વિશ્વાસ ભવિષ્યની કેવળ આશા જ આપતો નથી તે આ જીવનની પણ વાત કરે છે. આજે, હમણાં અને આ સમયે જ આપણા વિશ્વાસનું પરિણામ આપણને આપે છે. જે જીવનનું સત્ય છે તે આ જ પળે છે. જો આપણે પોતાના પાપોમાંથી મુક્તિ મેળવવાની ઇચ્છા રાખીએ છીએ તો તે આ

સમયે જ ઉપલબ્ધ છે. "તું આજે મારી સાથે પારાદૈશમાં હોઈશ"

વિશ્વાસ કરનાર દરેક વ્યક્તિ માટે પાપોની ક્ષમા અને સ્વર્ગનું દ્વાર એક જ સમયે ખુલ્લું છે. આ હકીકત આપણા ખ્રિસ્તી વિશ્વાસનો આધારસ્તંભ છે. પોતાના પાપની કબૂલાત કરો અને ઈશ્વરના રાજ્ય (સ્વર્ગ) માં પ્રવેશ કરો : વર્ષો સુધી તેની પ્રતિક્ષા કરવાની જરૂર નથી.

અને પશ્ચાતાપ કરનાર ચોરના વિશ્વાસના નમૂના પ્રમાણે આપણને આ સત્ય શીખવા મળે છે ! પશ્ચાતાપ કરનાર આ ચોર ખરેખર બાજી જીતી ગયો : તેણે તો પારાદૈશને જ પોતાનું કરી લીધું ! અન્ય વ્યક્તિ ઉપર દયા દર્શાવીને અન્ય પર કરુણા દર્શાવીને **He-has stolen the Paradise** !

(૪) આ બંને ચોરોમાં આપણને કયો તફાવત જોવા મળે છે? ઈસુની ડાબી તરફ જડવામાં આવેલો ચોર જમીન પર ઉતરવાની ઈચ્છા રાખતો હતો. અને બીજો ચોર ઉપર સ્વર્ગમાં જવાની ઈચ્છા રાખતો હતો. જ્યારે તેણે "હે પિતા, તેઓને માફ કર" તેવી ઈસુની નિસ્વાર્થી પ્રાર્થના સાંભળી હતી ત્યારે તે ચોરને પોતાના પાપ સંબંધી સભાનતા આવી હશે કે મેં ખરેખર પાપ કર્યું છે તેવું સંભવિત છે. તેણે પોતાની સાથેના ગુનેગારને કહ્યું કે, "આપણે તો પોતાના દુષ્ટ કામોનું ફળ ભોગવીએ છીએ પણ એ માણસે કશું જ ખોટું કર્યું નથી." અને તે પછી તેણે ઈસુને વિનંતી કરી હતી. "હે ઈસુ, તમે

તમારા રાજ્યમાં આવો ત્યારે મને જરૂરથી યાદ કરજો.''

(૪) મને કેટલીક વખત વિચાર આવે છે- ચોરની વાત સુવાર્તામાં આપેલી છે રખેને આપણામાંનો કોઈકનો વિશ્વાસ આ ચોરના જેવો હોય ? તેણે પ્રભુ ઈસુને કઈ રીતે નિહાળ્યા હતા ? તેની નજર સમક્ષ એક સંભવિત અપરાધી રાજા વધસ્તંભ પર જડાએલા છે, જેના માથા ઉપર કાંટાનો મુગટ છે, તેના ખીલા જાણે કે રાજદંડ છે. શરીર ઉપર વહેતું રક્ત જાણે કે તેમનો રાજવી પોશાક છે, કિરમજી રંગનો ઝભ્ભો છે અને વધસ્તંભ ? જાણે કે સિંહાસન....જાણે કે હમણાં જ તેમનો અભિષેક કરવામાં આવ્યો છે. આ ચોર તેમને કેવળ પોતાને યાદ રાખવા માટે વિનંતી કરે છે. અને આ અજોડ રાજા તેને કહે છે. ''આજ તું મારી સાથે પારાદૈશમાં હોઈશ.''

જ્યારે આપણે શારીરિક રીતે મરણ પામીએ છીએ ત્યારે આપણે પ્રભુ ઈસુની સાથે પારાદૈશમાં જઈએ છીએ.

(૫) મને કેટલીક વખત વિચાર આવે છે પ્રભુ ઈસુએ પારાદૈશ કેમ કહ્યું હતું ? તે એટલા માટે કે જ્યારે આપણે તેમની સાથે હોઈએ છીએ, જ્યારે આપણે તેમની સાથે સંગત કરીએ છીએ, તેમની સાથે આપણે સહભાગી બનીએ છીએ ત્યારે આ સંગત, આ સહભાગીતા એ જ પારાદૈશ છે. આ ચોર એક ચોરના રૂપમાં જ મરણ પામ્યો હતો. પરંતુ તેણે પારાદૈશને પોતાનો બનાવી લીધો હતો.

(૬) આ ચોર વિશે પુરાતન મંડળીમાં એક વાત પ્રચલિત

હતી. કદાચ આ વાત ઉપર આધારિત એક ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી હતી. એવું કહેવામાં આવે છે કે જ્યારે હેરોદ રાજાની બીકથી અને ઈશ્વરના દૂતના સંદેશા પ્રમાણે યૂસફ અને મરિયમ બાળ ઈસુને લઈને મિસર તરફ પ્રયાણ કરી રહ્યા હતા. ત્યારે તેઓ તે ઉજ્જડ માર્ગની એક ધર્મશાળામાં રોકાયા હતા. મરિયમે ધર્મશાળાની શેઠાણી પાસે એક ટબમાં પાણીની માંગણી કરી હતી અને તે ટબમાં બાળ ઈસુને સ્નાન કરાવ્યું હતું.

સ્નાન કરાવ્યા પછી ધર્મશાળાની શેઠાણીએ મરિયમને કહ્યું હતું કે તે ટબનું પાણી ફેંકી દેશો નહિ.

"કેમ ?" મરિયમે પ્રશ્ન કર્યો

"કારણ કે તે પાણીમાં હું પોતાના બાળકને સ્નાન કરાવવાની ઈચ્છા રાખું છું. મારા બાળકને ભયંકર રોગ લાગુ પડયો છે."

અને ધર્મશાળાની શેઠાણીએ પોતાના બાળકને તે ટબના પાણીથી સ્નાન કરાવ્યું તે જ સમયે તે સ્વસ્થ અને શુધ્ધ થયો હતો.

આ છોકરો મોટો થયો અને તે ચોર બન્યો હતો. અને આ સમયે પ્રભુ ઈસુની જમણી તરફ વધસ્તંભે જડવામાં આવ્યો હતો. આ ચોરનું નામ દિમમાસ હતું !

(૭) આ સમયે આપણે ગિરીપ્રવચનની આ ધન્યતા ઉપર પણ વિચાર કરી લઈએ "જેઓ દયાળુ છે તેઓ આશીર્વાદિત

છે, કેમ કે તેઓના પ્રત્યે દયા દર્શાવવામાં આવશે.''

પરંતુ વાસ્તવિક વિશ્વમાં તેનાથી કંઈક વિપરીત જોવા મળે છે. વિશ્વમાં એ મનુષ્યને આશીર્વાદિત કે ધન્ય કહેવામાં આવે છે, જે પહેલાં પોતા પર દયા દર્શાવે છે, પોતાની ભલાઈ સંબંધી વિચારે છે. આજના યુગમાં ઉદારતા, કૃપા, દયા, કરુણા જેવા ગુણો ''નકામા'' જેવાં છે. આપણે પહેલાં પોતાના 'અધિકારો' વિશે વિચાર કરીએ છીએ કે આપણને શું મળશે? અમને કેટલું કમિશન મળશે. તે પછી જ આવે છે 'ફરજ' આ મારું છે. હું...હું... અને એ શક્ય છે કે આપણા જીવનના કોઈ ને કોઈ ભાગમાં આપણે ''બોફોર્સ'' જેવું કુંડાળું દોરીને બેઠાં છીએ.

પરંતુ આપણા પ્રભુ ઈસુ આ જગતમાં એટલા માટે જ આવ્યા હતા કે તે ''હું'' પણા ને દૂર કરીને તેને સ્થાને ''તું'' ''તમે'' એમ બીજાને પહેલું સ્થાન આપવાની વાતને મહત્વ આપે. દયા-કરુણા, સહાનુભૂતિને અગ્રીમતા મળે, નહિ કે વ્યક્તિગત સ્વાર્થને !

આપણે દયાળુ, કરુણામય ક્યારે બની શકીએ છીએ ? જ્યારે આપણે અન્ય વ્યક્તિના દુઃખને પોતાના દુઃખ સમાન અનુભવવાની શરૂઆત કરીએ છીએ. આપણા પોતા ઉપર જ દુઃખ આવી પડયું છે તે રીતે અન્ય વ્યક્તિના દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

પ્રભુ ઈસુના દૃષ્ટાંતોમાં આ એક વિશેષતા છે તે આપણું

ધ્યાન વારંવાર આ જ વાત તરફ દોરે છે એકસો ઘેટાંમાં ખોવાઈ ગએલા ઘેટાંનું, ખોવાએલા સિક્કાનું દષ્ટાંત, ઉડાઉ દીકરાનું દષ્ટાંત.

ઘેટાંપાળક ખોવાઈ ગએલા ઘેટાંની શોધ કરવા જાય છે તે વાત ધ્યાનપૂર્વક જોવા જેવી છે. જે સ્ત્રીનો સિક્કો ખોવાઈ ગયો હતો તે પોતાના ખોવાઈ ગએલા સિક્કાની શોધ કરે છે. પિતા પોતાનાથી દૂર ગએલા ઉડાઉ દીકરાની ચિંતા કરે છે. પ્રભુ ઈસુએ કહ્યું છે, ''એક પાપી પસ્તાવો કરે તેને લીધે સ્વર્ગમાં તેમના દૂતો ઘણો જ આનંદ કરે છે.''

(૮) દયા-કરુણાના મહત્વને દર્શાવવા માટે પ્રભુ ઈસુએ કહ્યું હતું, ''હું તમારા બલિદાન અને અર્પણો માગતો નથી. તમે દયાળુ બનો એવું હું ઈચ્છું છું. જેઓ પોતાને ન્યાયી માને છે તેઓને નહિ, પણ જેઓ પાપી છે તેઓને ઈશ્વર પાસે દોરી લાવવા હું આવ્યો છું.'' (માથ્થી ૯ : ૧૨ - ૧૩)

પ્રભુ ઈસુ એવા જ ઈશ્વરથી ભટકી ગએલા પાપી વ્યક્તિઓ અને અપરાધીઓની સાથે વસવાટ કરતા હતા કે જેથી આ લોકો ઈશ્વરની પાસે પાછા આવે. મરિયમ માગ્દાલેણમાંથી પ્રભુ ઈસુએ સાત અશુધ્ધ આત્માઓને કાઢયા હતા. જાખી જેવા કર ઉઘરાવનારના ઘરે મહેમાનગતિ સ્વીકારી હતી. પશ્ચાતાપ કરનાર આવા જ લોકો હતા.

પ્રભુ ઈસએ તેઓ સર્વ ઉપર દયા કરી હતી. આપણે પસ્તાવો કરીએ માટે આપણા પાપોને લીધે તે વધસ્તંભ ઉપર

જડાઈ ગયા તેટલી હદ સુધી તેમણે દયા દર્શાવી હતી.

તેમની બંને બાજુએ જડાએલા એક ચોરે પસ્તાવો કર્યો હતો. તેણે પોતાના સાથીદારને કહ્યું હતું, ''આપણે તો પોતાના દુષ્ટ કાર્યોની શિક્ષા ભોગવીએ છીએ.'' આ શબ્દો પાપની કબૂલાતના હતા. તે પછી તે પ્રભુ ઈસુ પ્રત્યે કરુણા-દયા દર્શાવીને કહે છે. ''પણ તેણે કંઈ જ ખોટું કર્યું નથી. તેણે કાંઈ જ પાપ કર્યું નથી.''

(૯) આ ચોરે અન્ય પ્રત્યે દયા દર્શાવી હતી. તે કારણને લીધે તેના પર દયા દર્શાવવામાં આવી હતી. પ્રભુ ઈસુએ કહ્યું હતું. ''તમે જે માપથી માપી આપો છો તે જ માપથી તમને પાછું માપી આપવામાં આવશે.'' જ્યારે આપણે અન્ય વ્યક્તિઓ સંબંધી અન્ય લોકોના હિતનો વિચાર કરીએ છીએ ત્યારે ઈશ્વર પણ આપણા હિત સંબંધી વિચાર કરે છે.

ઘણા વર્ષો અગાઉની આ એક સત્ય ઘટના છે. એક શ્રીમંત અંગ્રેજ માતાપિતા પોતાના બાળકોને સાથે લઈને પિકનિક માટે એક ગામ ગયા હતા. તે ગામમાં તેમનું ફાર્મ હતું. ફાર્મમાં એક તળાવ પણ હતું. ફાર્મની કાળજી રાખવાનું કાર્ય એક ગરીબ માળી કરતો હતો. આ ગરીબ માળી પોતાના દીકરા સાથે અહીં નિવાસ કરતો હતો.

જ્યારે શ્રીમંત અંગ્રેજના બાળકો તળાવમાં સ્નાન કરી રહ્યા હતા ત્યારે એક છોકરો પાણીમાં ડૂબવા લાગ્યો હતો. બીજા છોકરાએ સહાય મેળવવા માટે બૂમ પાડી, ''બચાવો !

બચાવો''

ત્યારે માળીનો છોકરો તરત પાણીમાં કૂદી પડયો હતો અને તેણે ડૂબતાં છોકરાને બચાવી લીધો હતો.

શ્રીમંત અંગ્રેજે માળીને પૂછયું હતું, ''બોલો, હું તમારા છોકરા માટે શું કરું ?''

માળીએ કહ્યું, ''મારો દીકરો કોલેજમાં અભ્યાસ કરવાની ઈચ્છા રાખે છે. તેની ઈચ્છા ડોકટર બનવાની છે.''

શ્રીમંત અંગ્રેજે પ્રત્યુત્તર આપતા કહ્યું, ''હું તમારા દીકરાના ડોકટરી અભ્યાસનો સંપૂર્ણ ખર્ચ ઊઠાવી લઉ છું.''

ઈગ્લેંડના વડાપ્રધાન ચર્ચિલને એક વખત ડબલ ન્યુમોનિયા થયો હતો. તેમની બીમારી ગંભીર હતી. અને ટૂંક સમયમાં તે મરણ પામશે તેવું દેખાતું હતું. તે દિવસોમાં ન્યૂમોનિયમની કોઈ જ દવાની શોધ થઈ નહોતી.

ઈગ્લેંડની સરકારે દુનિયાભરમાં સમાચાર મોકલ્યા કે એવા કોઈક ડોકટરની શોધ કરવામાં આવે કે જે વડાપ્રધાન ચર્ચિલને મરણના મુખમાંથી બચાવી શકે. અને તેમનો પ્રાણ બચાવનાર કોણ હતું ? પેનેસિલિનની શોધ કરનાર ડૉ.ફલેમિંગ. ચર્ચિલે ડૉ. ફલેમિંગને કહ્યું, ''એક વ્યક્તિ બે વખત કોઈક વ્યક્તિનો પ્રાણ બચાવે તેવી ઘટના આ વિશ્વમાં ભાગ્યે જ બનતી હોયછે.'' ડો.ફલેમિંગ માળીના એ જ દીકરા હતા કે જેમણે ચર્ચિલને તળાવમાંથી ડૂબતા બચાવી લીધા હતા.

(૧૦) જ્યારે આપણે અન્ય વ્યક્તિઓનો વિચાર કરીએ

છીએ ત્યારે ઈશ્વર આપણા વિશે પણ વિચારે છે. જ્યાં સુધી બીજની વાવણી જમીનમાં કરવામાં ન આવે ત્યાં સુધી તે ફળ આપી શકતાં નથી, જ્યાં સુધી કોલસા દેવતા બનતા નથી ત્યાં સુધી તેમાંથી ગરમી કે ઉર્જા નીકળતી નથી. જ્યાં સુધી આપણે અન્યને ક્ષમા આપીશું નહિ, ત્યાં સુધી આપણને ક્ષમા પ્રાપ્ત થશે નહિ. આપણે અન્ય વ્યક્તિઓ પ્રત્યે દયાળુ બનીશું નહિ ત્યાં સુધી આપણા ઉપર પણ દયા કરવામાં આવશે નહિ. આપણે અન્ય વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ કરીશું નહિ, ત્યાં સુધી આપણને પણ કોઈ વ્યક્તિ પ્રેમ કરશે નહિ.

દયાળુઓને ધન્ય છે, કેમ કે તેઓ દયા પામશે. તમે જેઓ અન્ય વ્યક્તિઓ પર દયા કરો છો તેઓને ધન્ય છે કારણ કે તમારા ઉપર પણ દયા કરવામાં આવશે.

કોઈપણ વસ્તુને આપણે "ઉપર" ફેંકીએ નહિ ત્યાં સુધી તે નીચે કેવી રીતે આવી શકે ? જ્યાં સુધી 'ક્રિયા' ન હોય ત્યાં સુધી 'પ્રતિક્રિયા' કેવી રીતે થઈ શકે ? આપણે જ્યાં સુધી અન્યને આપીએ નહિ ત્યાં સુધી આપણે કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ ?

વડાપ્રધાન ચર્ચિલના પિતાએ "આપ્યું" હતું અને ત્યારે જ તેમને પાછું પ્રાપ્ત થયું હતું.

વધસ્તંભ ઉપર જડવામાં આવેલા ચોરે પોતાની વેદના, અપમાન, મૃત્યુને ભૂલી જઈને પ્રભુ ઈસુની ચિંતા કરી હતી અને પ્રભુએ તેની ચિંતા કરી હતી અને તેને પારાદૈશમાં સ્થાન

આપ્યું હતું.

આપણે જ્યારે દુઃખ અને મુશ્કેલીમાં છીએ, સંકટોનો સામનો કરીએ છીએ ત્યારે વધસ્તંભ ઉપર જડવામાં આવેલા તે ચોરનો વિચાર કરીએ. દુઃખના સમયમાં પણ તેણે અન્યના દુઃખોનો વિચાર કર્યો હતો. તે બીજાઓ પ્રત્યે દયાળુ હતો. તે કારણને લીધે તેના ઉપર પણ દયા કરવામાં આવી.

પ્રભુએ તેને શાંતિ આપી અને કહ્યું, ‘‘આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.’’

“હવે ઈસુના વધસ્તંભની પાસે તેની મા, તેની માસી, કલોપાની સ્ત્રી મરિયમ તથા મગ્દલાની મરિયમ ઊભાં રહેલાં હતાં. તેથી જ્યારે ઈસુએ પોતાની માને તથા જે શિષ્ય ઉપર પોતે પ્રેમ રાખતો હતો તે શિષ્યને પાસે ઊભાં રહેલાં જોયાં ત્યારે તે પોતાની માને કહે છે કે “બાઈ, જો તારો દીકરો” ત્યાર પછી તે તે શિષ્યને કહે છે કે, “જો તારી મા !” તે જ ઘડીએ તે શિષ્ય તેને પોતાને ઘેર તેડી ગયો.”

(યોહાન ૧૯ : ૨૫ - ૨૭)

## (૫) વધસ્તંભ ઉપરનું ત્રીજું વચન

આપણા પ્રભુના જીવનમાં શરૂઆતથી તે અંત સુધી ભવ્યતા અને નમ્રતા, દિવ્યતા અને દીનતાનું એક અદ્‌ભુત મિશ્રણ જોવા મળે છે. એ તેમની દિવ્ય મહાનતાનો પ્રકાશ આપણને આંજી દે છે અને થોડી જ વારમાં તે માનવપુત્ર છે તેનું આપણને ભાન થાય છે. તેમની નમ્રતાનો પુરાવો મળે છે અને તરત જ આપણને ભાન થાય છે કે પૃથ્વી પરનાં સર્વ માણસો કરતાં તે મહાન છે. આમ ઈશ્વરપુત્ર અને માનવપુત્ર એ બે વસ્તુઓના પુરાવા તેમના જીવનમાં મળ્યા જ કરે છે.

માત્ર બે ત્રણ પ્રસંગો જોઈએ : પ્રભુ ઈસુ ઢોરો રાખવાની ગમાણમાં જન્મ લે છે (દીનતા), અને તે જ વખતે બેથલેહેમના આકાશમાં સ્વર્ગના દૂતો તેમની સ્તુતિ ગાય છે (દિવ્યતા). તે અત્યંત શ્રમિત થઈ જઈને હોડીમાં સૂઈ જાય છે (માનવતા) અને જાગીને તે પવન તથા મોજાંને ધમકાવે છે અને કુદરતનાં બળો તેમનું માને છે (ઈશ્વરતા). તે મારથા અને મરિયમની વેદના જોઈને રડે છે (કોમળતા અને પ્રેમ) અને મરેલા લાઝરસને તે હુકમ કરે છે કે "લાઝરસ બહાર આવ" અને મરી ગયેલો લાઝરસ સજીવન થાય છે. (ચમત્કારો કરવાનું અને સેતાન તથા મૃત્યુ કરતાં મહાન હોવાનું પરાક્રમ).

ઈસુ માનવપુત્ર છે, તેની સાથે જ તે ઈશ્વરના એકના એક પુત્ર છે. મરિયમને દૂત દ્વારા કહેવામાં આવ્યું જ હતું કે "પવિત્ર આત્મા તારા પર આવશે ને પરાત્પરનું પરાક્રમ તારા

પર આચ્છાદન કરશે; માટે જે તારાથી જનમશે, તે પવિત્ર, દેવનો દીકરો કહેવાશે'' (લૂક ૧ : ૩૫) પ્રભુ ઈસુને પૃથ્વી ઉપર દેહનો પિતા નહોતો, એ તો 'કુંવારીને ઉદરે' ભવિષ્યવચન પ્રમાણે જન્મ્યા હતા. તેથી જ તે વારેવારે ઈશ્વરને પોતાના પિતા તરીકે સંબોધે છે. પવિત્ર આત્મા તેમના ઉપર ઉતરે છે ત્યારે આકાશવાણી થાય છે કે, ''આ મારો વહાલો પુત્ર છે, તેના ઉપર હું પ્રસન્ન છું'' (માથ્થી ૩ : ૧૪-૧૭). આમ પ્રભુ ઈસુ એક સાથે ઈશ્વર છે અને માનવ છે. તે એક સાથે ઈશ્વરપુત્ર છે અને માનવપુત્ર છે. મરિયમ માટે ઈસુના આ સંબંધો કેટલા બધા રહસ્યમય બન્યા હશે?

વધસ્તંભ પાસે ઊભેલી પોતાની મા મરિયમ ઉપર ઈસુની નજર પડે છે. પોતાની ભલી, ભોળી, પ્રેમાળ ને પવિત્ર માતા. મરિયમે ઈસુને ખૂબ લાડકોડ ને પ્રેમથી આદરભાવથી ઊછેર્યા હશે, તેમાં કોઈ શંકા નથી. ક્રૂસ ઉપર જડાયેલા પુત્રને જોઈ મરિયમના મનમાં ઈસુના જન્મપૂર્વેની ભવિષ્યવાણીથી માંડીને અત્યાર સુધીના ઈસુના માનવી જીવનની પળો-ખાસ તો મા દીકરા વચ્ચેના સ્નેહાળ સંબંધની કડીઓ એકદમ જીવંત બની ગઈ હશે. જુવાન મરિયમ પવિત્રપુત્રની માતા બન્યાના ગર્વમાં મંદિરમાં જાય છે ત્યારે વૃદ્ધ શિમઓને ઉચ્ચારેલા શબ્દો અત્યારે તેમને ફરી ફરીને વીંધતા હશે કે, ''અને તારા પોતાના જીવને તરવાર વીંધી નાખશે'' અને અત્યારે આ વધસ્તંભની નીચે મરિયમનું માતૃહ્રદય કળીએ કળીએ કપાતું હતું.

જો કે એ વાત સાચી છે કે સીધાં, સાદાં, સરળ હૃદયી એવા મરિયમને પોતાનો આ રહસ્યમય પુત્ર-ઈશ્વરપુત્ર અને માનવપુત્ર-કયારેય પણ પૂરેપૂરો સમજાયો નહોતો. ઈસુની બાર વર્ષની વયે તેમનાં માબાપ યરુશાલેમની યાત્રાએ તેમને લઈ જાય. ઉત્સવ પૂરો થતાં તો બાળ ઈસુ યરુશાલેમના મંદિરમાં જ રહી જાય છે.રઘવાયાં માબાપ તેમની શોધમાં રસ્તામાંથી પાછાં ફરે છે. મરિયમ ઈસુને પૂછે છે કે ‘‘દીકરા તું અમારી સાથે આવી રીતે કેમ વર્ત્યો ? જો તારા બાપે તથા મેં દુઃખી થઈને તારી શોધ કરી’’ ઈસુ તેઓને કહે છે કે, ‘‘શું તમે જાણતાં નહોતાં કે મારે મારા બાપને ત્યાં હોવું જોઈએ?’’ મરિયમને ઈસુના આ શબ્દો જરૂર સમજાયા નહિ હોય.

ગાલીલના કાના ગામમાં લગ્નપ્રસંગે દ્રાક્ષારસ ખૂટી જતાં મરિયમ પ્રભુ ઈસુને કહે છે કે, ‘‘તેઓની પાસે દ્રાક્ષારસ નથી’’ ત્યારે ઈસુ કહે છે કે ‘‘બાઈ, મારે ને તારે શું ? મારો સમય હજી આવ્યો નથી.’’ ‘મા’ નહિ ‘બા’ નહિ પણ ‘બાઈ’ ! એ જ ‘બાઈ’ શબ્દ વધસ્તંભ ઉપરથી પણ ઈસુ ઉચ્ચારે છે, અને આ ‘બાઈ’ શબ્દમાં એક રીતે જોઈએ તો પોતાના બધા દુન્યવી સંબંધોનો અંત આણી દે છે. બીજી રીતે જોતાં તે એ જ લાડકવાયા, વહાલસોયા પુત્ર છે, અને કરચલીવાળા ચહેરાવાળી, વૃદ્ધ માને જોઈ, તેમના એકાકીપણા વિશે વિચારી, (કારણ, ત્યાં સુધી ઈસુના ભાઈઓ ઈસુ ઉપર વિશ્વાસ કરતા નહોતા. યોહાન ૭ : ૫) તે પોતાના સૌથી

વહાલા શિષ્યને પોતાની માની સોંપણી કરે છે. માતૃત્વને આ અતિ સુંદર ને ભવ્ય અંજલિ છે. ઈસુને પક્ષે હજાર વીંછીઓના એકસામટા ડંખ જેવી કારમી વેદનામાં પણ તે પોતાનાં વહાલાંઓને વીસરતા નથી.

મરિયમને માટે આ ભારે પીડાકાર પળો છે. પોતાની આંખો સામે એ પોતાના વહાલા દીકરાને ગુનેગારને મોતે મરતો જુએ છે, અને તે પણ માત્ર ૩૩ વર્ષની ભરયુવાન વયે. દીકરો ઘડપણની ટેકણલાકડી બનવાને બદલે આજે તો વૃદ્ધાવસ્થામાં પુત્ર ગુમાવી રહી છે. માની આંખ સામે જ દીકરો ભારે યાતના વેઠે છે. એના ઘામાંથી લોહીની ધારા વહે છે, પણ તે પાટા બાંધી શકતી નથી ; તૃષાથી એના હોઠ સુકાય છે, પણ તે પાણી પણ આપી શકતી નથી. ખીલાઓથી માત્ર ઈસુના હાથપગ જ નહિ, મરિયમનું કોમળ હૃદય પણ વીંધાય છે.

મરિયમને એ પણ સમજાતું નથી કે ઈસુ તો દૂતના શબ્દો પ્રમાણે સર્વકાળના રાજા થવા અવતર્યા હતા, જ્યારે આજે તો એ 'યહૂદીઓનો રાજા' એ નામે અપમાનિત મૃત્યુને ભેટે છે. દૂતે તો તેને 'દેવથી કૃપા પામેલી' એ શબ્દોથી નવાજી હતી, તો ક્યાં ગઈ એ કૃપા ? એનો દીકરો તો મૃત્યુને ખોળે હતો, ને પેલી મહાનતા, ભવ્યતા, ગૌરવ ને રાજ્ય મરિયમની ટૂંકી દૃષ્ટિમાં ક્યાંય દેખાતાં નહોતાં. આમ, ઘોર અંધકાર એના હૃદયમાં વ્યાપી રહ્યો હતો.

ત્યાં જ ઉગે છે પેલી સુંદર, નાજુક ને માતૃત્વને મહિમા આપનારી હૃદયસ્પર્શી પળ. દીકરો તો મૃત્યુના મુખમાં પણ માને ભૂલ્યો નથી ને માની ભલામણ પોતાના વહાલા શિષ્યને કરે છે. અને શિષ્ય યોહાન તે જ ઘડીએ માને દીકરાનું મૃત્યુ ન જોવું પડે તે માટે-મરિયમને પોતાને ઘેર તેડી જાય છે, ને બાર વર્ષ સુધી સગી જનેતાની જેમ એકધારી ચાકરી કરે છે.

મરિયમની સાથે બીજી ત્રણ સ્ત્રીઓ પણ છે, જેમની પ્રચંડ હિંમતને પ્રભુ ઈસુ માટેનો મહાન પ્રેમ દાદ માગી લે તેવાં છે. આ કોમળ સ્ત્રીઓની સાહસિકતા પણ વંદનીય છે. આ સ્ત્રીઓની સાથે ઈસુનો વહાલો શિષ્ય યોહાન પણ છે. ઈસુનો મસિયાઈ ભાઈ યોહાન ભયંકર જોખમો વચ્ચે પણ ક્રૂસની પાસે છે, ઈસુની પડખે છે. તેની માત્ર હાજરી ઈસુને માટે કેટલી બધી હૂંફાળી બની રહી હશે ! ઉપરાંત, તે તત્ક્ષણ ઈસુની આજ્ઞાનું પાલન કરે છે. યોહાન તો ઈસુની ધરપકડ થઈ ત્યારથી ઈસુની સાથે છે ને વધસ્તંભ સુધી પણ તે ઈસુનો સાથ છોડતો નથી. પ્રભુ ઈસુ પ્રત્યેનો તેનો અનન્ય પ્રેમ સાચે જ યુગો સુધી પ્રેરણાદાયી રહેશે.

પ્રભુ ઈસુ ઈશ્વરપુત્ર છે તેમ જ માનવપુત્ર પણ છે. "તારાં માબાપનું સન્માન કર" એ મૂસાદીધ્ધ આજ્ઞા તેમને યાદ છે. તેથી જ ઈશ્વર ને સેતાન વચ્ચેના, પ્રકાશ ને અંધકાર વચ્ચેના આ મહાન યુદ્ધની નાજુક પળે પણ તે દીકરા તરીકેની પોતાની ફરજ ચૂકતા નથી. આજના યુવાનો માટે ઈસુના આ અંતિમ

શબ્દોમાં કેવો મહાન બોધપાઠ રહેલો છે !

યોહાન છેલ્લા ત્રણ વર્ષોથી ઈસુ સાથેની ઘનિષ્ઠ મિત્રતાને કારણે ઈસુની છાતી પર અઢેલીને બેસતો હતો, હવે ઈસુની વહાલી જનેતા એ પ્રેમાળ હાથો વચ્ચે આરામ ને આનંદ, હૂંફ ને સેવા પામી શકશે તેવી ઈસુને પૂરેપૂરી શ્રદ્ધા છે. મરિયમના મૃત્યુ પછી જ - લાંબા ૧૨ વર્ષ પછી જ યરુશાલેમ છોડીને યોહાન પોતાનું મિશનરી કાર્ય આરંભે છે, એ વાત પણ કેટલી બધી પ્રેરણાત્મક છે.

મરિયમના પોતાના જ શબ્દોમાં કહીએ તો, "હવેથી સઘળી પેઢીઓ મને ધન્ય કહેશે." તે વાત કેટલી બધી સાચી ઠરે છે ! જેને માટે પોતે ગૌરવ લઈ શકે તેવો તેનો પુત્ર છે, અને તે સાથે જ મરતાં મરતાં પણ પુત્ર જેને યાદ કરે તેવી સ્નેહાળ મા તરીકે ઇતિહાસમાં મરિયમનું સ્થાન અમર છે. એથી વિશેષ, ઈશ્વર વિધવાઓને, ગરજવાનોને અને દુઃખિતોને કદી ભૂલતા નથી એ શુભસંદેશ ખૂબ સુંદર રીતે આ ત્રીજા વચનમાં પ્રગટ થાય છે. આજની યુવાન પેઢી અને ગઈકાલની વડીલ પેઢી બંનેને માટે તેમાં મહાન સંદેશો છે.

## ત્રીજી વાણીનો સંદર્ભ

પ્રભુ ઈસુના સંબંધમાં દુનિયાના સર્વ વિદ્વાનો અને ધર્મના પંડિતો એક વાત સાથે સહમત થાય છે કે ઈસુ સંપૂર્ણ મનુષ્ય હતા અને તે સંપૂર્ણ ઈશ્વર પણ હતા. એક તરફ ઈશ્વરી ભવ્યતા અને મહિમા હતા અને બીજી તરફ માનવી નમ્રતા હતી. એક

તરફ તે મૂએલાંઓને સજીવન કરે છે, અંધોને દ્રષ્ટિ આપે છે તો બીજી તરફ બહિષ્કૃત લોકોની સાથે ભોજન કરે છે. તેમને જોનારા અન્ય ધર્મગુરુઓ કહે છે. "જુઓ તે દારૂબાજ છે, પાપીઓની સાથે તે ભોજન કરે છે."

તેમનો જન્મ બેથલેહેમની ગભાણમાં થયો હતો પરંતુ ઘેટાંપાળકોની સમક્ષ ઈશ્વરના દૂતોએ સ્તુતિ કરતાં ગીત ગાયું હતું.

હોડીમાં એક સામાન્ય માણસની માફક ઓશીકા પર માથું ટેકવીને તે ઊંઘતા હતા. પાણીમાં ડૂબી જવાથી બચવા માટે તેઓએ તેમને ઊંઘમાંથી ઊઠાડ્યા હતા; પરંતુ ઊઠવાની સાથે જ તેમણે ઈશ્વર તરીકે પવન-પાણીને ધમકાવ્યા હતા અને પવન-પાણીએ પણ તેમની વાત સાંભળી હતી.

જ્યારે ઈસુએ માર્થા અને મરિયમના ભાઈના મૃત્યુનું દુઃખ જોયું હતું ત્યારે તે લાગણીવશ થઈને એક સામાન્ય માણસની જેમ રડી પડયા હતા. પરંતુ થોડી ક્ષણો પછી જ તે મરણને આદેશ આપે છે "લાજરસ બહાર આવ." અને તેમની આજ્ઞાનું પાલન કરવામાં આવ્યું હતું.

ત્રીજી વાણી આપણને દર્શાવે છે, જો કે પ્રભુ ઈસુ ઈશ્વર હતા તોપણ તેમણે એક સ્ત્રી દ્વારા જન્મ લીધો હતો. અને એક સારા દીકરા તરીકે મરણ પામતી વખતે પોતાની માની ચિંતા કરી હતી અને તેમણે તેમની વ્યવસ્થા કરી હતી.

જ્યારે મરિયમ બાળ ઈસુ આઠ દિવસના હતા ત્યારે

તેમને લઈને યરુશાલેમના મંદિરમાં ખૂબ આનંદ સાથે ગઈ હતી ત્યારે શિમઓને ભવિષ્યવચન ઉચ્ચાર્યું હતું કે તેના જીવને એક તરવાર વીંધી નાખશે. તે સમયે આ વચનનો અર્થ મરિયમની સમજમાં ન આવ્યો હોય તેવું શકય છે. તોપણ આ સમયે તરવાર તેની આંખો સામે તેમને વીંધી રહી હતી. તેત્રીસ વર્ષનો યુવાન તેની વૃધ્ધાવસ્થામાં સહારો આપનાર દીકરો તેની નજર સામે વધસ્તંભ ઉપર જડવામાં આવ્યો હતો. તેને તરસ લાગી હતી. અને તે તેમને પાણી પણ આપી શકતી નહોતી. તેમના માથા પરથી, હાથ-પગમાંથી રકત વહી રહ્યું હતું. તે તેમના ઘાને સાફ કરી શકતી નહોતી. તે કેવળ પોતાના દીકરાને દુ:ખસહન કરતા જોઈ રહી હતી. અને તેના દુ:ખને ઓછું કરવામાં સહેજપણ સહાયરૂપ બની શકતી નહોતી. કોઈપણ માની આવી નિ:સહાય સ્થિતિ સમગ્ર ઈતિહાસમાં ભાગ્યે જ જોવા મળે !

આ સમયે તેને પ્રમુખ દૂત ગાબ્રિએલની તે ભવિષ્યવાણી પ્રત્યે હાંસી-મજાક કરવાનો વિચાર આવ્યો હશે તેવું શકય છે ગાબ્રિએલે કહ્યું હતું “તે બહુ જ મહાન વ્યકિત બનશે અને ઈશ્વરનો પુત્ર કહેવાશે. અને પ્રભુ તેને તેના પૂર્વજ દાઉદનું રાજ્યાસન આપશે. તે સદાને માટે ઈસ્રાએલ પર રાજ્ય કરશે અને તેના રાજયનો કદી જ અંત આવશે નહિ.”

તે વખતે તેણે ઈશ્વરના દૂતની વાણી પર વિશ્વાસ કર્યો હતો. ઘેટાંપાળકો અને માગી (જ્ઞાની રાજા) ઓ તેના પુત્રનું

ભજન કરવાને આવ્યા હતા. શિમઓન તથા પ્રબોધિકા હાન્નાએ દર્શાવ્યું હતું કે ઈશ્વરના તે મસીહ છે. ઈસ્રાએલનો તે છૂટકારો કરાવનાર હતા. તે મુક્તિદાતા છે તેવો તેણે વિશ્વાસ કર્યો હતો. ઈસુએ તેની સાથે ત્રીસ વર્ષ ગામમાં પસાર કર્યા હતા. પોતાના પિતાના મૃત્યુ પછી તેમણે મોટા ભાઈ તરીકે ઘરની જવાબંદારી નિભાવી હતી. પછી એક દિવસ તે પોતાનું ઘર છોડીને ચાલ્યા ગયા હતા. હવે તેણે તેમના સમાચાર સાંભળ્યા હતા કે તે ભૂખ્યાઓને અન્ન આપે છે, બીમારોને સાજાપણું આપે છે, મૂએલાંને સજીવન કરે છે અને સમગ્ર ગાલીલ પ્રાંતના લોકો તેની પાછળ જાય છે. અને તેઓ તેમને રાજા બનાવવાનો પ્રયત્ન કરે છે. આ સમાચાર સાંભળીને મરિયમ ગાલીલ પ્રાંત છોડીને યરુશાલેમ ગઈ હતી તેવું શકય છે. અને તેણે પોતાના રાજા દીકરાને વધસ્તંભ ઉપર જડવામાં આવેલી સ્થિતિમાં જોયો હતો.

શું આ દ્રશ્યની ભવિષ્યવાણી તેની સમક્ષ કરવામાં આવી હતી ?

ઈસુએ પોતાની માને કહ્યું, “એ તમારો દીકરો છે” અને ઈસુએ મને કહ્યું, “એ તારી મા છે !” (યોહાન ૧૯:૨૬-૨૭)

“મનમાં જેઓ શુધ્ધ છે તેઓને ધન્ય છે.” (માથ્થી ૫:૮)

(૧) પ્રભુ ઈસુએ આ પ્રેમસભર વચન પોતાના વહાલા શિષ્ય યોહાનને તથા મા મરિયમને કહ્યું હતું. તેમણે કેવી ગંભીર જવાબદારીની સોંપણી પોતાના શિષ્યને કરી હતી ! શું

મા-મરિયમની કાળજી રાખનાર કોઈ જ નહોતું ! આ પ્રશ્નની સ્પષ્ટતા આપણે શરૂઆતમાં જ કરી લઈએ કે જેથી આપણે સ્પષ્ટપણે મનન કરી શકીએ.

પ્રેરિત યોહાન સંબંધી આપણને બે પ્રકારના સ્રોતમાંથી માહિતી મળે છે - એક નવા કરારનો સ્રોત છે અને બીજો સ્રોત પૂરાતન મંડળીના આગેવાનો રચિત પુસ્તકો છે. પ્રેરિત યોહાન ઝબ્દીનો નાનો દીકરો હતો. તેના મોટા ભાઈનું નામ યાકૂબ હતું. એક સમયે આ બંને શિષ્યોની માતા ઈસુને ભલામણ કરવાને આવી હતી. પિતર, યોહાન અને યાકૂબ આ ત્રણેય ઈસુની સૌથી નિકટના શિષ્યો હતા. ઈસુનાં રૂપાંતર વખતે અને ગેથસેમાની વાડીમાં આ ત્રણેય શિષ્યો ઈસુની સાથે હતા.

છેલ્લા ભોજનની તૈયારી કરવા માટે પ્રભુ ઈસુએ પિતરની સાથે યોહાનને મોકલ્યો હતો. તે દ્વારા સ્પષ્ટ પ્રગટ થાય છે કે ઈસુ તેઓ ઉપર કેટલો બધો આધાર રાખતા હતા. પ્રભુ ઈસુ યરુશાલેમમાં પ્રવેશ કરે તે તેમના માટે વિકટ હતું. યહૂદી ધર્મગુરુઓ તે વાતની શોધમાં જ હતા કે ઈસુ જ્યારે પણ યરુશાલેમમાં પ્રવેશ કરે ત્યારે તેઓ તેમને પકડીને મારી નાખવાનો ઈરાદો રાખતા હતા.

પ્રેરિત યોહાનની માનું નામ સાલોમી હતું. અને તે મા મરિયમની નાની બહેન હતી. મા મરિયમની આ બહેન એક શ્રીમંત માછીમારની પત્ની હતી. તેઓની પાસે મજૂરો હતા. તે ઈસુને આર્થિક સહાય કરતી હતી. આ રીતે પ્રેરિત યોહાન

પ્રભુ ઈસુના માસીનો દીકરો હતો. તેથી એ સ્વાભાવિક છે કે ઈસુ પોતાની માની સંભાળ કાળજી રાખવા માટે પોતાના માસીના દીકરાને વિનંતી કરે અને મા-મરિયમ પોતાના પુત્રના મરણ પછી પોતાની નાની બહેનના ઘરે જાય તે પણ સ્વાભાવિક હતું. એમ કહેવામાં આવે છે કે પ્રભુ ઈસુએ સોંપેલી આ જવાબદારી યોહાને બાર વર્ષ સુધી નિભાવી હતી અને મરિયમના મરણ પછી જ તે શુભસંદેશ ફેલાવવા માટે યરુશાલેમની બહાર ગયા હતા અને તેમણે એફેસસ શહેરમાં મંડળીની સ્થાપના કરી હતી.

આ એ જ યોહાન હતો, જે ઈસુને પ્રેમ કરતો હતો, જે છેલ્લા ભોજન સમયે ઈસુની છાતીએ અઢેલીને બેઠો હતો. આ એ જ શિષ્ય હતો જેણે ઈસુના પુનરુત્થાનના સમાચાર મરિયમ માગ્દાલેણ પાસેથી સાંભળીને પિતર સાથે દોડીને ઈસુની કબર આગળ પહેલો પહોંચી ગયો હતો. કારણ કે તે ઉંમરમાં પિતરથી નાનો હતો, લગભગ યુવાન હતો. અને તે અપરિણીત હતો તેવું સંભવિત છે.

જ્યારે તિબેરિયસના તળાવ પાસે મરણમાંથી સજીવન થએલા પ્રભુએ પોતાના સાત શિષ્યોને દર્શન આપ્યું હતું ત્યારે તે સાત શિષ્યોમાંનો એક શિષ્ય યોહાન પણ હતો.

હકીકતમાં આ શિષ્ય પ્રભુ ઈસુના સર્વ અનુયાયીઓનું પ્રતિનિધિત્વ કરે છે. જેમાં આપણો પણ સમાવેશ થાય છે. જેમ સંત પાઉલે કહ્યું હતું કે સર્વ વિશ્વાસ કરનારા ઈસુ

ખ્રિસ્તના 'ભાઈ' છે અને તેમના ઈશ્વરીપુત્રપણાના સાક્ષી છે.

બાળ ઈસુને મંદિરમાં અર્પણ કરવા લાવવામાં આવ્યા ત્યારે શિમઓન પ્રબોધકે યરુશાલેમના મંદિરમાં મા મરિયમને કહ્યું હતું, "જુઓ, આ બાળક, જેની વિરુધ્ધ વાંધા લેવામાં આવે તેની નિશાનીરૂપ થવા માટે ઠરાવેલો છે. અને વિરોધની આ તરવાર તેના જીવને વીંધી નાખશે." તેત્રીસ વર્ષ પછી આ પ્રસંગ બન્યો હતો તે વખતે મા-મરિયમ પોતાના પુત્રની આ સ્થિતિ જોઈને આકૂળવ્યાકૂળ બન્યા હતા. તેમ છતાં પોતાનો દીકરો તેમની સંભાળ-કાળજી રાખે છે તેવા આ શબ્દો સાંભળીને મા મરિયમને ચોક્કસ શાંતિ થઈ હશે. ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા છે. તે શારીરિક વેદના સહન કરી રહ્યાં છે તોપણ તે પોતાની માનો વિચાર કરે છે, તેના ભવિષ્યનો વિચાર કરે છે કે તેની માનું શું થશે ?

બીજી એક વાત ધ્યાન ખેંચે તેવી છે. માથ્થી, માર્ક અને લૂક પ્રભુ ઈસુના અન્ય મહત્વના વચનોનો ઉલ્લેખ સવિસ્તર કરે છે ત્યાં યોહાન કેવળ પોતાની સાથે સંબંધિત છે તેવા વચનનો તથા "મને તરસ લાગી છે" વચનનો ઉલ્લેખ કરે છે. તેનું પણ એક કારણ છે. જો તમે ધ્યાનપૂર્વક જોશો તો જ્યાં યોહાને ઈસુની ધરપકડ, તેમની તપાસના વિષયમાં વિસ્તારથી લગભગ સવા અધ્યાયમાં લગભગ ૫૫ કલમોમાં લેખન કર્યું છે ત્યાં ઈસુનો વધસ્તંભ, મૃત્યુ, દફન જેવી તે મહત્વની ઘટનાઓને પાંત્રીસ કલમોમાં વર્ણવી છે. તેનું કારણ શું છે ?

તમે શું વિચારો છો ? યોહાને દરેક ઘટના પોતે નિહાળી હતી. તે પ્રત્યક્ષ જોનાર સાક્ષી હતો. આ એક જ શિષ્ય હતો જે ઈસુની સાથે અંત સુધી રહ્યો હતો. બીજા સર્વ શિષ્યો ભયભીત થઈને નાસી ગયા હતા. વળી ઈસુના ભાઈઓ જેઓ તેમના પર વિશ્વાસ નહોતા કરતા, તેમને ઘેલા સમજતા હતા, તેમને દુષ્ટાત્મા વળગ્યો છે તેમ માનતા હતા. આપણે પણ હરેક સમયે અને ક્ષણે આપણા આચરણ દ્વારા એવું પ્રગટ કરીએ છીએ કે જે મસીહાએ વધસ્તંભ પર આપણી મુક્તિ માટે પોતાનું બલિદાન આપ્યું હતું તેમને તરછોડીને આપણે દૂર ચાલ્યા ગયા છીએ. આપણા જીવનમાં અને આપણી સંસ્થાઓમાં ઈસુની નિકટતા જોવા મળતી નથી. ઈસુના શિષ્યો તો તે પછી પસ્તાવો કરીને તેમની નિકટ આવ્યા હતા. પિતર પોક મૂકીને રડયો હતો. શું આજે આપણે વધસ્તંભ પાસે પાછા આવી શકતા નથી ? એ માટે કે જ્યારે ઈસુને પિલાત દ્વારા મરણદંડની સજા ફરમાવવામાં આવી ત્યારે તરત યોહાન બહાર ગયો અને ઈસુના અન્ય શિષ્યોને, મિત્રોને ઈસુના સમાચાર જણાવ્યા હતા. અને તે પછી રોમન સૈનિકો ઈસુને વધસ્તંભની શિક્ષા કરી રહ્યા હતા ત્યાં તે દુ:ખી હૃદયે તરત પાછો આવ્યો હતો. તે પછી તે ફરીથી શહેરમાં ગયો હતો અને પોતાની સાથે ઈસુની મા, ઈસુની માસી સાલોમી, કલીઓપાસની પત્ની મરિયમ જે વિધવા હતી તથા મરિયમ માગ્દાલેણને લઈને પાછો આવ્યો હતો. યોહાન ન તો પિલાતથી ભયભીત થયો

હતો અને ન તો તેને કાયાફાસની બીક લાગી હતી. અને હવે તે એકલો જ તે ચારેય સ્ત્રીઓની સાથે ઈસુના વધસ્તંભ પાસે ઊભો હતો. તેનો ઈસુ પ્રત્યેનો પ્રેમ, વિશ્વાસ અતૂટ હતા. તેણે ઈસુનો ત્યાગ કર્યો નહોતો તેના પ્રેમ, નિષ્ઠા, સાહસ, નિર્ભયતાને જોઈને ઈસુએ પોતાની માની જવાબદારી તેને સોંપી હશે તેવું સંભવિત છે. અને યોહાન 'તે જ સમયે' મા મરિયમને પોતાને ઘેર લઈ ગયો હતો.

(૩) પ્રભુ ઈસુએ પોતાની ધર્મસેવાનો આરંભ કરતાં ગીરી પ્રવચનમાં કહ્યું હતું કે "મનમાં જેઓ શુધ્ધ છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ ઈશ્વરને જોશે." અને હવે કાલવરીની ટેકરી ઉપર તેમણે શુધ્ધ અંતઃકરણવાળી મા મરિયમને કહ્યું "એ તમારો દીકરો છે" અને યોહાનને કહ્યું "એ તારી મા છે."

શુધ્ધ મન એ આંતરિક મનુષ્યત્વને દર્શાવે. છે ફકત લાગણીને નહિ. હૃદયનો ઉપયોગ એ રીતે કરવામાં આવે છે કે જે લાગણી અને ઈચ્છાને સ્પર્શે છે. એટલે શુદ્ધ મન, ઈચ્છા અને લાગણીને નિયંત્રણમાં રાખે છે. શુધ્ધતા વ્યક્તિને પાપથી દૂર રાખે છે. ઈશ્વર કેન્દ્રિત રાખે છે. મા મરિયમ પવિત્ર, શુધ્ધ હૃદયવાળી હતી. તેથી જ ઈશ્વરે પોતે તેમના દ્વારા જન્મ લીધો હતો. આ પ્રકારની પવિત્રતા આજે કયાં જોવા મળે છે ? આજનો સમય વિષય વાસનાનો સમય છે. સાંસારિક ઈચ્છાઓનો આ સમય છે જેમાં સેકસને મહિમા આપવામાં

આવે છે, આત્મસંયમને ધૃણાની દ્રષ્ટિથી જોવામાં આવે છે, પાપથી દૂર રહેવાની વૃત્તિને અજ્ઞાન સમજવામાં આવે છે. પરંતુ બાઈબલના શિક્ષણ પ્રમાણે જેઓ પોતાની શારીરિક ઈચ્છાઓને નિયંત્રણમાં રાખે છે તે વ્યક્તિને ધન્ય છે. ઈચ્છાઓનો કદી જ અંત આવતો નથી. તે જંગલમાં પ્રગટેલા અગ્નિના દાવાનળ જેવી છે. તેથી જ લગ્નના પવિત્ર સંબંધની સ્થાપના થઈ છે. લગ્નના પવિત્ર સંબંધ દ્વારા વ્યક્તિ કેવળ પોતા માટે નહિ પણ કુટુંબ માટે જીવન જીવે છે. તેના પોતાપણાનો અંત આવે છે સ્ત્રી પુરુષ પોતાના બાળકો માટે જીવે છે. માતાપિતા પોતે મરણ પામીને પોતાના બાળકોને જીવન આપે છે. અને બાળકો મૂસાએ આપેલી આજ્ઞા પ્રમાણે પોતાના માતા-પિતાનો આદર-સન્માન કરે છે જેવી રીતે પ્રભુ ઈસુએ મરણ પામતાં પણ પોતાની માને યાદ કર્યા હતા.

(૪) આજના દિવસોમાં મનની શુધ્ધતા, પવિત્રતા આપણા માટે એક પડકાર સમાન છે. પરંતુ પ્રભુ ઈસુએ આપણને શીખવ્યું છે કે તે એક ત્યાગ છે. તે બીજા લોકો માટે જીવવામાં આવેલું જીવન છે. સ્ત્રીઓ માટે મા મરિયમ પવિત્રતાનો એક નમૂનો છે. યુવાનો માટે યોહાન, જે પ્રભુ ઈસુનો પ્રિય શિષ્ય હતો, તે એક આદર્શ ઉદાહરણ છે કે જેણે અંત સુધી ઈસુનો ત્યાગ કર્યો નહોતો. ગેથશેમાની વાડીથી લઈને કાયાફાસના રાજભવન સુધી અને ગવર્નરની કચેરીથી લઈને અંતમાં કાલવરીના વધસ્તંભની છાયા સુધી ઈસુની સાથે તે રહ્યો હતો. તેને યહૂદીઓની બીક લાગી નહોતી અને તેને

રોમન અધિકારીઓ ડરાવી શક્યા નહોતા. આ પ્રકારની નિર્ભયતા, સાહસ, સમર્પણ ત્યારે જ ઉત્પન્ન થાય છે જ્યારે મા મરિયમ અને યોહાન જેવી પવિત્રતા, મનની શુધ્ધતા વ્યક્તિમાં જન્મ પામે છે.

આવો આપણે પ્રાર્થના કરીએ :

હે ઈશ્વર-પુત્ર, તમે પોતે દુઃખ સહન કરવા દ્વારા ઈશ્વરના બાળકોનું એક નવું કુટુંબ બનાવ્યું છે. તમે અમને પણ આ સ્વર્ગીય કુટુંબમાં ભાગીદાર બનાવ્યા છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે અમને તમારી કૃપાનો અનુભવ કરાવો. જેથી ઉદ્ધારનો અનુભવ પામેલા કુટુંબના સભ્યો તરીકે અમે એકબીજા સાથેની નિકટતાના સંબંધની અનુભૂતિ કરીએ અને તમારા લીધે સર્વ મનુષ્યો પર પ્રેમ કરીએ. કારણ કે તમે અમને પ્રેમ કર્યો છે અને અમારા ઉદ્ધાર માટે પોતાનું બલિદાન આપ્યું છે. અમારા ઉદ્ધારકર્તા પ્રભુ ઈસુના નામમાં અમારી પ્રાર્થના માન્ય કરો. આમીન.

“અને બપોરથી તે ત્રણ વાગ્યા સુધી આખા દેશ ઉપર અંધકાર છવાઈ રહ્યો. આશરે ત્રણ વાગ્યે ઈસુએ મોટે ઘાંટે બૂમ પાડી કે, ‘એલી, એલી, લમા શબકથાની’ એટલે ‘ઓ મારા દેવ, મારા દેવ, તેં મને મૂકી દીધો છે ?’

(માથ્થી ૨૭ : ૪૫ - ૪૬)

## (૬) વધસ્તંભ ઉપરનું ચોથું વચન

વધસ્તંભનાં સાત વચનોને બે ભાગમાં વહેંચી શકાય તેમ છે : પ્રથમ ત્રણ વચનો પોતાને વધસ્તંભે જડનારા માટેની પ્રાર્થના, પસ્તાવિક ચોરને સાંત્વન ને માતાને માટે મિત્રને વિનંતી- આ ત્રણે વચનો બીજાંઓ માટે છે. આપણો પ્રભુ કરુણા (**compassion**) અને બીજાંઓ માટેની લાગણી (**concern**) નો પ્રભુ છે. બીજાં ચાર વચનો પોતાને માટેનાં છે, જાણે કે હવે બીજાંઓ પ્રત્યેની ફરજ પૂરી કરીને તે પોતા તરફ ને ઈશ્વર તરફ ધીમેધીમે આગળ આવતા મૃત્યુ તરફ જુએ છે.

ત્રીજી ને ચોથી વાણી વચ્ચે ઠીકઠીક સમય પસાર થઈ જાય છે. પ્રભુ ઈસુ સવારે ૯ વાગ્યે વધસ્તંભે જડાયા હતા. લગભગ બપોરના ૩ વાગ્યે તે ચોથું વચન ઉચ્ચારે છે. વચ્ચેના કલાકો તે મૌન રહે છે.આ સમય દરમિયાન આખા દેશ ઉપર ઘોર અંધકાર છવાઈ જાય છે. ત્રણ સુવાર્તાઓમાં આની નોંધ મળે છે. શું આ અંધકાર આકસ્મિક કે અકસ્માત હતો ? ના, ખરેખર તો જેમને બચાવવા માટે ઈશ્વરપુત્ર આવ્યા હતા તેઓ જ તેમને મારી નાખતા હતા. આ કરુણ ને શરમજનક દૃશ્ય જોઈને સૂર્ય પણ જાણે કે દુઃખી થઈને શરમાઈ જાય છે, જાણે કે પ્રકાશવાનો ઈન્કાર કરે છે, ને પ્રકૃતિનાં તત્વો પોતે આમ કરીને ઈશ્વરપુત્રની અસહ્ય યાતનામાં સહાનુભૂતિ દર્શાવે છે.

કેટલાક શહીદો તો છેલ્લી પળોમાં આનંદનાં ગીતો

ગાઈને શહીદ થયા છે. પ્રભુ ઈસુના મનમાં આ છેલ્લી ઘડીઓમાં ઘોર નિરાશા છે. માનવજાતિના ઈતિહાસમાં આ સૌથી અંધકારમય કલાકો ને ઘડીઓ છે.પ્રભુ ઈસુના પોતાના જીવનમાં આ સૌથી કાળી ઘડીઓ છે. તેથી આ ચોથું વચન એ ઘોર વ્યથાનો,કાળી વેદનાનો પોકાર છે. કદાચ, આથી વધુ કરુણ શબ્દો માનવજાતિના ઈતિહાસમાં ભાગ્યે જ ઉચ્ચારાયા હશે.

આ શબ્દોમાં દારુણ ને અસહ્ય વેદનાનો કરુણતમ ઉચ્ચાર છે. “હે મારા દેવ, મારા દેવ, તેં મને કેમ તજી દીધો છે ?” આમ જુઓ તો તે ગીતશાસ્ત્રના ૨૨મા ગીતનું પ્રથમ વચન છે. દાઉદના એ જ ગીતના ૧૮મા વચનમાં “તેઓ માંહોમાંહે મારાં લૂગડાં વહેંચી લે છે, અને મારા ઝભ્ભાને માટે તેઓ ચિઠ્ઠી નાખે છે.” એ ભવિષ્યવાણી પણ આવે છે. એ જ ગીતમાં અંતે તો વિજયનો રણનાદ છે. તેથી ચોથી વાણીમાં વિશ્વાસનો લલકાર છે, એવું કેટલાક કહે છે. પરંતુ વધસ્તંભ ઉપર કોઈ ગીત ગણગણે નહિ. કવિતા સ્મરણપટ ઉપર લાવે નહિ. ઈસુ ખ્રિસ્તની અત્યારની સ્થિતિ તો વિશાળ મહાસાગર ઉપર ત્યજી દેવાયેલા વહાણ (**Dereliction**) જેવી છે.

ઈસુએ તો જિંદગીભર ત્યજાએલાની સ્થિતિનો અનુભવ કર્યો છે. તેનાં નજીકનાં સગાંઓએ તેમનો ત્યાગ કર્યો હતો ; વતન નાઝારેથના માણસોએ પણ તેવું જ કર્યું હતું. અરે, તેમની

પાછળ પાછળ ફરનાર લોકટોળાંઓએ પણ તેમને તજી દીધા હતા. છેવટે અગિયાર શિષ્યો પણ મૂકીને નાસી ગયા હતા. "તે માણસોથી ધિક્કારાયેલો તથા તજાયેલો હતો" (યશાયા ૫૩ : ૩). પરંતુ આવી પળોમાં તો તે ઈશ્વરની છાતી પર અઢેલીને વિશ્રાંતિ પામતા હતા. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ઈશ્વરનો સાથ તેમને મળતો રહ્યો હતો. અંતિમ ભોજન વખતે પણ તે કહે છે કે "જુઓ એવી ઘડી આવે છે, જ્યારે તમે દરેક માણસ પોતપોતાનાંની તરફ વિખેરાઈ જશો ને મને એકલો મૂકશો; તોપણ હું એકલો નથી પણ બાપ મારી સાથે છે" (યોહાન ૧૭ : ૩૨)

તો શું અત્યારે ઈશ્વરબાપે તેમને મૂકી દીધા હતા ? વધસ્તંભે જડાયાને છ કલાક વીતી ગયા હતા. હાથપગમાં મારેલા ખીલાઓમાંથી ભયાનક સણકા ઉપડતા હતા. લોહીનું ભ્રમણ વારેવારે અટકતું હોવાથી શરીરના અંગેઅંગમાં, જ્ઞાનતંતુઓમાં, કાળી વેદના થતી હતી. પ્રભુ ઈસુએ વેદનાના એટલે કાળમીંઢ વેદનાના પાતાળમાં પ્રવેશ કર્યો હતો.

મહાપીડાકારક ત્રાસના, અંધારા કલણમાં જાણે કે પ્રભુ ઈસુ એક મહાબોજ માથે લઈને ઉતરે છે. સ્વાભાવિક જ ગેથસેમાનેની તેમની પ્રાર્થના આપણને યાદ આવે : "હે બાપ, જો તારી ઈચ્છા હોય તો આ પ્યાલો મારાથી દૂર કર : તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિ પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ" (લૂક ૨૨ : ૪૨) ગેથસેમાનેના બાગમાં, જ્યાં

તેમનો પરસેવો લોહીનાં ટીપાં જેવા થઈ ગયો હતો, ત્યાં તો એક દૂત તેમને બળ આપે છે, હૂંફ આપે છે. પરંતુ અહીં તો કોઈ દૂત પણ દેખાતો નથી.

પરંતુ ઊંડાણથી વિચારતાં કારણ સ્પષ્ટ બને છે. પ્રભુ ઈસુનું મૃત્યુ એ તો એક યજ્ઞ છે, અસાધારણ, અદ્વિતીય એવો મહાયજ્ઞ છે, ઈશ્વરપુત્રનું જગતનાં પાપ માટેનું સર્વશ્રેષ્ઠ બલિદાન છે. જગતનાં પાપ દૂર કરવા માટે થોડીક પળો માટે પણ પ્રભુ ઈસુ જગતનાં પાપ માથે લે છે. પાઉલ બહુ સ્પષ્ટ રીતે સમજાવતાં લખે છે કે "આપણે તેનામાં દેવના ન્યાયીપણારૂપ થઈએ માટે જેણે પાપ જાણ્યું નહોતું તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો." (બીજું કરિંથી ૫ : ૨૧)

સંત પિતર પણ લખે છે કે "લાકડા પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ." (પહેલું પિતર ૨ : ૨૪)

કાલવરીના વધસ્તંભ ઉપર ઈશ્વરપુત્ર બલિદાન આપે છે. આ કોઈ સાધારણ યજ્ઞ નથી. સંપૂર્ણ નિષ્પાપ હોવા છતાં, પાપ જેની માત્ર નજરથી જ ભસ્મ થઈ જાય એવા મહાપવિત્ર ઈશ્વરપુત્ર હોવા છતાં, દુનિયાનાં પાપની માફી માટે, તે ઈશ્વરને પોતાના શરીરનું બલિદાન ચઢાવે છે. "તે દેવની આગળ સુવાસને અર્થે, આપણી ખાતર સ્વાર્પણ કરીને પોતાનું બલિદાન આપે છે" (એફેસી ૫ : ૨), કારણ, તે જાણે છે કે

"રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી" (હિબ્રૂ ૯ : ૨૨) "રક્તથી જ પ્રાયશ્ચિત થાય છે, કારણ કે, તેમાં જીવ છે (લેવીય ૧૭ : ૧૧).

જૂના કરારમાં માણસ પાપ કરે તો તે પાપની માફી મેળવવા એબરહિત (વિશુદ્ધ) હલવાનનું યાજક (પુરોહિત) સમક્ષ બલિ ચઢાવતો. ઈશ્વરનું વિશુદ્ધ હલવાન (ઘેટું) એવા ઈસુ બધાંના પાપ માટે બલિ બનવા આવ્યા હતા; તેથી જ યોહાન બાપ્તિસ્તે તેમને જોઈને કહ્યું હતું, "જુઓ, દેવનું હલવાન, જે જગતનાં પાપ હરણ કરે છે"

જગતનાં પાપ હરણ (દૂર) કરવાની આ પળ વધસ્તંભના કારમા મૃત્યુની કાળમીંઢ વેદનામાં થઈને, પસાર થાય છે ; આ ઊંડી, અંધારી ખીણ એ તો ક્ષણભર માટે પણ ઈશ્વર સાથેના સંબંધને તોડવાની પળ છે. પાપની ખીણ, જે તૂટી ગયેલા સંબંધની પણ ખીણ છે, તેમાં જગદુદ્ધારક ઈસુ આપણે ખાતર દુનિયાનાં પાપોનો બોજો લઈને ઉતરે છે ને પળભર માટે પોકારી ઊઠે છે કે "મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે?"

ઈશ્વર સાથેનો સંબંધ તો એદનવાડીમાં જ તૂટી ગયો હતો. એ તૂટી ગયેલા સંબંધને ફરીથી સાંધવા માટે, ઈશ્વરપુત્રને પોતાના નિર્દોષ ને નિષ્પાપ લોહીથી, આકરી કિંમત ચૂકવવી પડી છે આપણા ઈશ્વર એ માત્ર પ્રેમના ઈશ્વર નથી, એ ન્યાયના પણ ઈશ્વર છે. તે પ્રેમસ્વરૂપ છે, તો

ન્યાયસ્વરૂપ પણ છે જ. આ ન્યાયસ્વરૂપ ઈશ્વરને ખાતર, આપણાં કાળા અંધકાર કરતાંય ભૂંડાં પાપમાંથી આપણને સ્વર્ગના પુણ્યપ્રકાશમાં ઉગારવા માટે, યાજક પોતે બલિ બને છે. ઈશ્વરના એકનાએક પુત્ર મૃત્યુને એટલા માટે માથે લે છે કે તે આપણને અનંતજીવનમાં દોરી જાય.

બે ભાઈ હતા. મોટો ભાઈ અત્યંત નિર્દોષ, નાનો ભાઈ મોટો ગુનેગાર. લોહચુંબકના બે છેડા જેવા બે. નાનો ભાઈ જુગાર રમતાં કરપીણ ખૂન કરી બેસે છે. લોહીથી એનાં કપડાં છંટાઈ જાય છે. પોલીસથી બચવા નાસે છે. ઘેર આવે છે. મોટો ભાઈ બધું સમજી જાય છે, નાના ભાઈનાં લોહીવાળાં કપડાં પોતે પહેરી લે છે. કોર્ટમાં કશું જ બોલતો નથી, ને છેવટે ગુનેગાર ઠરાવાઈ ફાંસીને માંચડે લટકી જાય છે. ફાંસીએ ચઢતાં પહેલાં ચોધાર આંસુએ રડતા નાનાભાઈને કહે છે કે ''મારાં સફેદ કપડાંને ફરીથી ડાઘ લગાડીશ નહિ.''

નિષ્કલંક પ્રેમાવતાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા મોટા ભાઈ છે, ઈસુ આપણા માનવીઓને ભાઈઓ કહે છે. ઈસુએ દેવદૂતોની પ્રકૃતિ ધારણ કરી નથી, પણ મનુષ્યની પ્રકૃતિ ધારણ કરી છે. જેથી તે ઈશ્વર સમક્ષ માણસોના દયાળુ અને વિશ્વાસુ વડા પુરોહિત થઈ તેમનાં પાપોનું પ્રાયશ્ચિત કરી શકે. તેમણે આપણે માટે પોતાના મૃત્યુથી ભારે કિંમત ચૂકવી છે. આપણાં પાપના બોજને કારણે પળભરને માટે પ્રેમાળ ઈશ્વરપિતાથી પણ અલગ થવાનો 'પ્યાલો' સ્વીકાર્યો છે. તેથી પ્રભુ ઈસુનો

વધસ્તંભ એ વિજયસ્તંભ બની ગયો છે. ક્રૂસે માણસ ને ઈશ્વર વચ્ચે પાપને કારણે પડેલી મોટી ખાઈ ઉપર પૂલ બાંધ્યો છે. સાચ્ચે જ, વધસ્તંભ એ તો માનવજાતિનાં પાપની પાનખરમાં ફૂટેલી ઈશ્વરી પવિત્રતાની કૂંપળ છે.

વધસ્તંભની વેદનાની સૌથી કપરી પળ ઈશ્વરપુત્રના મહાન વિજયની સૌથી મોંઘેરી પળ બની જાય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના શબ્દો પણ આપણને સમજાય છે કે "મને પૃથ્વી પર ઊંચો કરવામાં આવશે ત્યારે હું બધાં માણસોને મારી તરફ ખેંચીશ" અને તેણે પ્યાલો લઈને તથા સ્તુતિ કરીને તેઓને આપીને કહ્યું કે "તમે સહુ એમાંનું પીઓ. કેમ કે, નવા કરારનું એ મારું લોહી છે, જે પાપોની માફીને અર્થે ઘણાંઓને માટે વહેવડાવવામાં આવે છે." (માથ્થી ૨૬ : ૨૭ - ૨૮)

બીજા વિશ્વયુદ્ધની એક ઘટના છે. ૨૮ બ્રિટિશ સૈનિકો બર્મામાં જાપાનીઓના હાથમાં કેદ પકડાયા હતા. જાપાનીઓ તેમની પાસે કાચો પુલ બંધાવવાનું પરિશ્રમભર્યું કામ કરાવતા હતા. ૨૮ કોદાળી, પાવડા રોજ સવાર-સાંજ ગણી જોતાં. એક દિવસ એક પાવડો ગૂમ થયો. કડક ચહેરાવાળા જાપાની નાયકે ૨૮ અંગ્રેજ કેદીઓને કતારમાં ઊભા રાખ્યા ને કહ્યું, "હું ૧ થી ૧૦ ગણું ત્યાં સુધીમાં પાવડો ચોરનાર ગુનેગાર આગળ નહિ આવે તો હું તમને બધાંને ઢાળી દઈશ." એ એક, બે, ત્રણ એમ ગણવા માંડયો. પાંચ-છ સુધી પહોંચ્યો ત્યાં એક કેદી આગળ આવ્યો. જાપાનીઝ અમલદારે તેને તરત જ

ગોળીથી વીંધી નાખ્યો. બીજી સવારે પાવડા ગણ્યા તો બરાબર ૨૮ જ થયા. ગણનારાએ ભૂલ કરી હતી પણ પેલા અંગ્રેજ સૈનિકે, ગુનેગાર ન હોવા છતાં, પોતાના સાથીદારોને બચાવવા પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. પ્રભુ ઈસુએ પણ આપણાં પાપને માટે મોંઘી કિંમત ચૂકવી. તે આપણા અવેજી રૂપ બન્યા. "આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે." (યશાયા ૫૩ : ૫)

વધસ્તંભ પરથી ઉચ્ચારાયેલી સાત વાણીઓને બે ભાગમાં વહેંચી શકાય. પ્રથમ ત્રણ વાણીઓ બીજાના સંદર્ભમાં ઉચ્ચારાયેલી છે. જેમ કે, વધસ્તંભે જડાવનારાના માટે ક્ષમા, પસ્તાવો કરનાર ચોરને માટે તારણ અને પોતાની માને માટે સૂચનાઓ. બાકીની ચાર વાણીઓ પ્રભુએ પોતાના સંદર્ભમાં ઉચ્ચારેલી છે.

આ એક ખૂબ સ્વાભાવિક બાબત છે. કોઈપણ વ્યક્તિ મૃત્યુકાળ સમીપે આવેલો હોય ત્યારે પ્રથમ પોતાના વહાલાઓની સાથે વાત કરે છે, સૂચનાઓ આપે છે અને ત્યાર બાદ તે પ્રભુની તરફ ફરે છે.

આ બે પ્રકારની વાણીઓ વચ્ચે ખાસો સમય પસાર થઈ ગયેલો જણાય છે. ૬ઠ્ઠાથી ૯મા કલાક સુધી પ્રભુ શાંત જણાય છે. આ જ સમય દરમિયાન પૃથ્વી પર અંધકાર વ્યાપી જાય છે

(માથ્થી ૨૭ : ૪૫) વાતાવરણનો આ કયા પ્રકારનો ફેરફાર હતો તે વૈજ્ઞાનિકો સમજાવી શકયા નથી. પરંતુ ઈવેન્જલીસ્ટો સમજાવે છે તે મુજબ આ સમય દરમિયાન પ્રભુએ આપણાં પાપો પોતાને શિરે લીધાં અને તે નિષ્પાપી હોવા છતાં પાપરૂપ બન્યા. આપણો ન્યાયી ઈશ્વરપિતા કોઈપણ પ્રકારનું પાપ જોઈ શકતા નથી તેમ જ સાંખી શકતા નથી. અને તેથી આ શરમજનક પળોને અંધકારથી ઢાંકી દેવામાં આવે છે. આવી અપાર્થિવ (પારલૌકિક) ઘટનાને લીધે વધસ્તંભની આસપાસ ચૂપકીદી સેવાઈ ગઈ હતી. છેવટે પ્રભુએ મોટે ઘાંટે ચોથી વાણી ઉચ્ચારીને આ શાંતિનો ભંગ કર્યો. આ વાણીનો અવાજ તો નવાઈભર્યો અને દુઃખદાયક હતો છતાં પણ તે વિજયનો અવાજ હતો.

ત્રણ કલાકની શાંતિ દરમિયાન આપણો પ્રભુ સ્વર્ગીય પિતા સાથે કયા પ્રકારનું ધ્યાન ધરતો હશે ? શું તે લાગણીઓથી ભરપૂર હશે ? પ્રભુને આધીન લોકોને આવું વરદાન હોય છે કે જેથી મૃત્યુ સમયે જે શારીરિક દુઃખ હોય છે તે તેઓને અનુભવવું ન પડે અને આથી જ શહીદો મૃત્યુ સમયે પણ જલતી જવાળાઓમાં પ્રભુનાં સ્તોત્રો ગાતા હોય છે.

પરંતુ નવાઈ અને ક્ષોભ સાથે જણાવવામાં આવે છે કે આપણા પ્રભુની સ્થિતિ આના કરતાં સાવ જુદી જ હતી. જે શબ્દો ઉચ્ચારીને તે ઘાંટો પાડે છે અને શાંતિનો ભંગ કરે છે

તે શબ્દો જ તેના મનની સ્થિતિનો નિર્દેશ કરે છે. આ તો ગાઢ નિરાશામાં ઉચ્ચારાયેલા શબ્દો છે, સમગ્ર બાઈબલમાં આના સિવાય બીજી કોઈ પણ કલમ એવી નથી કે જે સમજવી અને સમજાવવી અઘરી હોય.

પૃથ્વી પરના જીવન દરમિયાન આપણા પ્રભુને ઘણીવાર ભાન થયું છે કે તેને તજી દેવામાં આવ્યો છે. સૌપ્રથમ તો તેના કુટુંબના સભ્યો તેને તજી દે છે, ત્યાર બાદ પોતાના વતન નાઝારેથના વતનીઓ તેનો ત્યાગ કરે છે. છેવટે આખો દેશ તેનો ત્યાગ કરે છે. લોકોનો મોટો સમુદાય જે તેને અનુસરતો હતો તે પ્રભુને છોડીને ચાલ્યો જાય છે. સૌથી છેવટે તેના બાર શિષ્યોમાંનો એક તેને પરસ્વાધીન કરાવે છે અને બાકીના અગિયાર કટોકટીની પળોમાં પ્રભુને એકલો મૂકી જતા રહે છે. જો કે આ બધાની પ્રભુને તાતી જરૂર હતી છતાં પણ આવી ઘોર નિરાશામાં આપણા પ્રભુને એક સથવારો હતો અને તે તો ઈશ્વરપિતા પોતે હતા. જેની છાતી પર પ્રભુ વિશ્વાસથી પોતાનું માથું ઢાળતો હતો અને દિલાસો પામતો હતો. માણસોના પ્રેમની અછતમાં આપણો પ્રભુ દૈવી પ્રેમના ઘૂંટડા પીતો હતો. પ્રભુ પોતે આ સંજોગોમાં જાણતો હતો કે પોતે જે કરી રહ્યો છે તે બધું જ ઈશ્વરપિતાની ઈચ્છા મુજબ છે અને તેથી જ છેલ્લા પાસ્ખા સમયે પ્રભુ ખૂબ જ શાંતિથી (જરા પણ ખીજવાયા કે ઉશ્કેરાયા વગર) શિષ્યોને જણાવે છે કે જુઓ એવી ઘડી આવે છે, હા, તે આવી છે કે જ્યારે તમે બધા

વિખેરાઈ જશો, દરેક જણ પોતાના તરફ અને મને તમે એકલો મૂકી દેશો, છતાં પણ હું એકલો નથી કારણ કે બાપ મારી સાથે છે.

પરંતુ હવે જયારે આ ઘડી આવી ત્યારે પ્રભુની ધારણા સાચી પડે છે! તેઓ બધા વિખેરાઈ ગયા હતા, પ્રભુ એકલો પડી ગયો. શું તે એકલો હતો ? પિતા તેની સાથે ન હતા ? પ્રભુના જ શબ્દો જવાબ આપે છે : ''ઓ મારા દેવ, મારા દેવ તેં મને કેમ મૂકી દીધો છે ?'' અને આ જ વાત સમજવી અઘરી છે. કદાચ આ બાબત ભૌતિક કારણોસર ઉદ્‌ભવેલી હશે, કારણ કે પ્રભુને વધસ્તંભે જડયાને ઘણો સમય પસાર થઈ ગયો હતો અને પ્રત્યેક પળે તેનું શારીરિક દુ:ખ વધતું જતું હતું. તેના હાથ અને પગના ઘા વાતાવરણનાં જંતુઓ માટે ખુલ્લા બન્યા હતા. સૂરજનો તાપ આ ખુલ્લા ઘા પર પડતો હશે. લોહી વહી જવાથી હ્રદયના ધબકારા ઓછા થઈ ગયા હશે અને પરિણામે મગજ સુધી લોહી પહોંચતું નહિ હોય. એક અસહ્ય સ્થિતિમાંથી આરામ મળે તે માટે સ્થાનફેર કરવાનો પ્રયત્ન કરતાં અતિશય દુ:ખથી તેના જ્ઞાનતંતુઓ કાંપતા હશે ! અને આવી ભૌતિક પરિસ્થિતિને લીધે તેનું મગજ દુ:ખનાં વાદળોથી ઘેરાયેલી સ્થિતિમાં પોતાના મગજમાં પડતાં ઈશ્વરપિતાના પ્રતિબિંબને જોઈ શકતું નહિ હોય અને તેથી જ કદાચ આપણા પ્રભુને અનુભવ થયો હશે કે ઈશ્વરપિતાએ મને મૂકી દીધો છે.

પરંતુ આ માત્ર એક ભૌતિક સ્થિતિ નહોતી. ગેથસેમાનેની વાડીમાં, આપણે વાંચીએ છીએ તે મુજબ પ્રભુ હંમેશ પિતાની ઇચ્છાને આધીન થાય છે અને પિતાની સાથે સંગતમાં રહે છે. વધસ્તંભની ગૂંચવણો અને વિરોધાભાસમાં પણ આપણો પ્રભુ પિતાની સંગત માટે સભાન હતો જે ચોથી વાણીના શબ્દો "શા માટે (કેમ)" પરથી ખબર પડે છે.

આ એક દુઃખદ ઘટના છે જયારે સૃજાએલાએ સર્જનહારને આવો પ્રશ્ન પૂછવો પડે છે : જૂના કરારમાં પણ અયૂબનું આખું પુસ્તક આવા પ્રશ્નોથી સભર છે. સરજનહારને આવો પ્રશ્ન પૂછવો તે દેવની નિંદા સમાન લાગે છે. અજ્ઞાન અને મૂર્ખ તેમ જ લાગણીશૂન્ય વ્યક્તિ આવી પળોનો સ્વીકાર કરી લે છે. પરંતુ પવિત્ર અને ન્યાયી વ્યક્તિ ઈશ્વરના ન્યાય અને કીર્તિ માટે ખૂબ જ સંવેદી છે અને તેથી જ આપણા પ્રભુના જીવનમાં પણ જયારે આ ઘડી આવે છે ત્યારે તેનાથી 'કેમ' શબ્દ બોલાઈ જાય છે.

ગલગથામાં અન્યાયનો વિજય થાય છે, નિર્દોષતાને કચડી નાખવામાં આવે છે તેમ જ ધિક્કારવામાં આવે છે. અહીં એકઠાં થયેલાં ઘણાં લોકોના મનમાં આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને તે બધાંનો સમાવેશ પ્રભુએ ઉચ્ચારેલા 'કેમ' શબ્દમાં આવી જાય છે.

કાલવરી, મનુષ્યના હૃદયનો એક ધિક્કારપાત્ર બનાવ હતો. આ સ્થાને મનુષ્યનું પાપ તેની ટોચની પરાકાષ્ટાએ

પહોંચે છે. પાપના સંપર્કથી તે માંદો પડયો, ઘાતકી રીતે કચડાયો, એટલી હદે કચડાયો કે તે મૃત્યુ નજીક પહોંચી ગયો. આમ છતાં તેનો મનુષ્ય સ્વભાવ તેનો પોતાનો હતો. તેનું દરેક હાડકું અને માંસ તેનાં હતાં અને સમગ્ર માનવજાતનું પાપ તેના શિરે મૂકવામાં આવ્યું અને તેથી તેને તજી દેવામાં આવ્યો.

લ્યૂથર અને કેલ્વીન જેવા ધર્મસેવકો જણાવે છે કે આ વાણી ઉચ્ચારવામાં આવી તે પહેલાંના કલાકોમાં આપણા પ્રભુએ બદનામીનો માનસિક સંતાપ અનુભવ્યો હતાં. રામ્બાક નામના ધર્મસેવકે ''ખ્રિસ્તની સતાવણી પર મનન''માં જર્મનોના ભક્તિભાવને પોષતા જણાવે છે કે ઈશ્વરપિતા આપણા પ્રભુની સાથે આ પળો દરમિયાન પ્રેમાળ અને દયાળુ પિતા તરીકે નહિ પરંતુ નારાજ અને ગુસ્સે ભરાયેલા ન્યાયાધીશ તરીકે વર્તે છે. સ્વર્ગીય પિતા તેના પુત્રને મહાપાપી તરીકે માને છે. જો કે આ પ્રમાણે માનવું આપણા માટે દુષ્કર છે.

ચોથી વાણીમાં આપણો પ્રભુ જણાવે છે કે તેને ફકત મનુષ્યના હાથોમાં જ સોંપવામાં આવ્યો નથી પરંતુ ઈશ્વરપિતાના હાથો દ્વારા કલ્પી પણ ન શકાય તેવું દુઃખ સહન કરવું પડયું છે.

ચોથી વાણીનો અવાજ વિજયી અવાજ હતો એમ કહેવું મિથ્યાડંબર જેવું લાગશે. પણ હા, એ સત્ય છે કે દુઃખસહનની આ પળો એક મોટી સિદ્ધિની પણ પળો હતી. જેમ કોઈ પુષ્પને

કચડી નાંખવામાં આવે છે ત્યારે તે વધુ સુવાસિત બને છે. તેમ જ આપણો પ્રભુ દુનિયાનાં પાપ પોતાના માથા પર લઈને દુનિયા માટે તારણની ઘડી સિદ્ધ કરે છે.

આ જ પળો દરમિયાન, આપણો પ્રભુ માનવીનું હૃદય જીતી લે છે. આ ઘડીની સફળતાથી જ માનવજાતનાં પાપોનું નિવારણ સિદ્ધ થાય છે. ચોથી વાણીનો ઉચ્ચાર એક સર્વોચ્ચ ક્ષણ હતી. ઈશ્વરવિદ્યામાં વધસ્તંભ કેન્દ્રસ્થાને છે.

પશ્ચાતાપીનો આત્મા જેટલો નમ્ર બને છે તેટલો તે વધસ્તંભ તરફ આવે છે. અને જેટલો તેનો પસ્તાવો ઊંડો હોય છે એટલો જલદીથી તે શાંતિ અનુભવે છે. તેઓ મૃત્યુ પામતા તારણહારની નજીક ઊભા રહીને બોલે છે, આ તો અમારે સહન કરવું જોઈતું હતું. અમે પાપ કર્યું છે અને તેથી અમારું રકત વહેવું જોઈએ અને જ્યારે પશ્ચાતાપી આ રીતે કબૂલાત કરે છે ત્યારે તેને તેનું જીવન ખ્રિસ્તને અર્થે પાછું મળે છે. ખ્રિસ્તની શાંતિ તેના હૃદયને ભરી દે છે અને પ્રેમથી ભરેલું નવું જીવન-નવો જન્મ તે પામે છે. અને આ જ અર્થમાં ખ્રિસ્તની આ ચોથી વાણી વિજયની વાણી બને છે.

અગાઉ કહેવામાં આવ્યું છે તેમ ગ્રીકોની સાથે સંવાદ કરતા પ્રભુ નિસાસો નાખે છે અને પ્રાર્થના કરે છે કે પ્રભુ આ ઘડીથી મને બચાવ અને તરત જ પ્રભુ બોલે છે. "તારું નામ મોટું મનાઓ." એ જ પ્રમાણે ગેથસેમાનેની વાડીમાં પણ પ્રભુ જ્યારે પ્રાર્થના કરે છે ત્યારે કહે છે "જો બની શકે તો આ

પ્યાલો મારાથી દૂર કર.'' પરંતુ તરત જ પ્રભુ ઉચ્ચારે છે ''તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિ પરંતુ તારી ઈચ્છા પ્રમાણે થાઓ.''

આમ છતાં ચોથી વાણી જ્યારે ઉચ્ચારવામાં આવે છે ત્યારે આવો આત્મસમપર્ણનો કોઈ શબ્દ ઉચ્ચારવામાં આવ્યો નથી. પરંતુ આમ માનવું ખોટું છે. કારણ કે ચોથી વાણીના શબ્દો જે ગાઢ નિરાશામાં ઉચ્ચારાયેલા છે તેમાં જ પિતા પ્રત્યેનો દૃઢ વિશ્વાસ સમાયેલો છે. આ શબ્દો તો ''મારા દેવ, મારા દેવ'' છે.

જે કોઈ પ્રાર્થના કરતાં ''મારા દેવ'' ઉચ્ચારીને હાંક મારે છે તેને કદી પણ તજી દેવામાં આવતો નથી. જેમ ઊંડા પાણીમાં પડેલો માણસ હાથપગ પછાડીને જમીન ઉપર આવી શકે છે તેમ જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ શબ્દ ઉચ્ચારતાંની સાથે જ પિતાના પ્રેમાળ હાથોમાં સમેટાઈ જાય છે. પિતાના હાથો તેની આસપાસ વિંટળાઈ જાય છે અને પ્રભુની નિરાશા દૂર થાય છે અને જ્યારે પ્રભુનો નિરાશારૂપી અંધકાર દૂર થાય છે ત્યારે પૃથ્વી પર ફરીથી (૯મી હોરાએ) પ્રકાશ પથરાય છે અને ત્યારે જ તેની છેલ્લી વાણીના શબ્દો ખૂબ જ શાંતિમાં અને મક્કમતાથી ઉચ્ચારવામાં આવે છે. ''સંપૂર્ણ થયું.'' ''હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું.''

## ચોથી વાણીનો સંદર્ભ

મારા વિચારો પ્રમાણે દાઉદ રાજાના ૨૨મા ગીતના શબ્દો, "હે મારા ઈશ્વર, મારા ઈશ્વર તમે મને કેમ તજી દીધો છે?" સમજવા સરળ છે. પરંતુ પ્રભુ ઈસુના મુખમાંથી નીકળેલા આ શબ્દોની સમજણ આપવી અથવા પોતે સમજણ મેળવવી ખરેખર મુશ્કેલ છે. આ શબ્દોની મહત્વતા માપવા માટે આપણી પાસે કોઈ જ્ઞાન નથી અને ઈશ્વરના આવા દૃષ્ટિકોણની ઊંડાઈઓ સુધી આપણે પહોંચી શકતા નથી : હકીકત તો એ છે કે આ શબ્દોની આસપાસ ઈશ્વરનું રહસ્ય છુપાએલું છે તેને ઈશ્વરનો સેવક સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પ્રોટેસ્ટંટ મંડળીના સ્થાપક માર્ટિન લ્યૂથરે આ શબ્દોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. તે પોતાના અભ્યાસ ખંડમાં આ વિશે વિચાર કરતા બેઠા હતા. વિચાર કરતા કરતા ઘણા કલાકો પસાર થઈ ગયા. એક કલાક, બે કલાક.... અને માર્ટિન લ્યૂથર વિચારોમાં ખોવાઈ ગયા હતા. તેમના ઘરમાં રહેનાર વ્યક્તિઓ તેમના ઓરડામાં આવીને જોતા હતા કે માર્ટિન લ્યૂથર જે સ્થિતિમાં બેઠા હતા તેવા જ તે બેઠા રહ્યા હતા. તેમણે શરીરનું કોઈ જ હલનચલન કર્યું નહોતું અને તે ખાવા-પીવાનું પણ વીસરી ગયા હતા. બસ, તેમની આંખો ખુલ્લી હતી અને સમાધિ લીધી હોય તેવી અવસ્થામાં જ તે બેસી રહ્યા હતા. તેમની આસપાસ શું થઈ રહ્યું છે તેની પણ તેમને ખબર નહોતી. તે પછી ઘણા કલાકો પછી તેમણે

વાસ્તવિક રીતે કાર્ય કરવાની શરૂઆત કરી ત્યારે તેમણે પોતાને કહ્યું "ઈશ્વરે ઈશ્વરનો ત્યાગ કર્યો ?" આ વાતની ખરેખર કઈ વ્યક્તિ સમજણ આપી શકે ?

## ચોથીવાણી

ગીરીપ્રવચનમાં પ્રભુ ઈસુએ કહ્યું હતું, "આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે, કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે." (માથ્થી ૫ : ૩)

આ શિક્ષણને તેમણે આ શબ્દો દ્વારા પૂર્ણ કર્યું હતું, "હે મારા ઈશ્વર, મારા ઈશ્વર તમે મને કેમ તજી દીધો છે ?" (માથ્થી ૨૭ : ૪૬) "એલી, એલી, લામા સાબાથાની...." અરામી ભાષા હતી. તે પ્રભુ ઈસુની માતૃભાષા હતી. પ્રભુ ઈસુ પોતે ઈશ્વર હતા અને તેમણે આ શબ્દો ઉચ્ચારીને પોતાના આત્માની નમ્રતા પ્રગટ કરી હતી.

પ્રભુ ઈસુને વધસ્તંભ ઉપર જડવામાં આવ્યા તેને ઘણો સમય પસાર થઈ ગયો હતો. બપોરનો સમય હતો. ખરેખર તો આ સમયે સૂર્ય તેજસ્વી રીતે પ્રકાશતો હોવો જોઈએ. પરંતુ તે અંધકારમાં છુપાઈ ગયો હતો.. વાદળો પાછળ નહિ.. પરંતુ તેનું ગ્રહણ થયું હતું. સર્જનકર્તાનું ભયંકર દુઃખ નિહાળીને જાણે કે સૃષ્ટિ પોતે દુઃખસહન કરતી હોય તેવું દેખાતું હતું... અને આ અંધકારને વીંધીને સર્જનકર્તાની વાણી સાંભળવામાં આવી, "એલી... એલી... લામા સાબાથાની..."

આ પાપી માનવજાત માટે પ્રભુ ઈસુ વધસ્તંભ પર દુઃખસહન કરી રહ્યા હતા. અહીં તેમણે આપણા માટે, આપણા દુઃખોનો, વેદનાનો પ્યાલો સંપૂર્ણપણે પી લીધો હતો. સૂર્યએ પણ પોતાના સર્જનકર્તાના દુઃખો-વેદનાને નિહાળીને પ્રકાશ આપવાનો નકાર કર્યો હતો.

પ્રભુ ઈસુએ પોતાની વેદના-દુઃખોને પોતાના એકલાપણાને ગીતશાસ્ત્રના ૨૨માં અધ્યાયમાં વ્યક્ત કર્યું હતું. ''હે મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ તજી દીધો છે ? મને સહાય કરવાને તથા મારો વિલાપ સાંભળવાને (તું એટલે) છેટે કેમ રહે છે ? યશાયા પ્રબોધકે પ્રભુ ઈસુનો ઈશ્વરના દુઃખસહન કરનાર સેવક તરીકે, દુઃખી પુરુષ અને દરદના અનુભવી સેવક તરીકે ઘણા વર્ષો અગાઉથી ભવિષ્ય વચન ઉચ્ચાર્યું હતું અને તેમના દુઃખો વેદનાઓનું આબેહૂબ ચિત્ર રજૂ કર્યું હતું યશાયા પ્રબોધકે કહ્યું હતું કે પ્રભુના સેવકે ''આપણા પાપોને માટે દુઃખ સહન કર્યું હતું'' યોહાન બાપ્તિસ્મીએ પોતાના શિષ્યોને કહ્યું હતું. ''જુઓ, ઈશ્વરનું હલવાન કે જે જગતનું પાપ હરણ કરે છે.''

પ્રભુ ઈસુએ ઘણાંના પાપોની ક્ષમા મળે માટે પોતાનો પ્રાણ આપી દીધો હતો.

જેમણે કાંઈપણ પાપ જાણ્યું નહોતું તે આપણે માટે પાપરૂપ બન્યો હતો.

આપણને ઈશ્વરના કોપથી બચાવવા માટે મસીહ

વધસ્તંભ પર પોતે જ એક શાપરૂપ બન્યા હતા.

આપણને કાલવરી પર વહેવડાવેલા મસીહના રકત દ્વારા આપણા પાપોમાંથી છોડાવવામાં આવ્યા છે.

ઈસુ મસીહાએ સર્વ લોકોના પાપોની ક્ષમા મળે માટે પોતાનું બલિદાન આપી દીધું છે.

આપણી ચારેય સુવાર્તામાં આ વાતને સંપૂર્ણપણે સ્પષ્ટ કરવામાં આવી છે કે પ્રભુ ઈસુએ આ દુઃખસહન કર્યું હતું અને આપણી વેદના-દુઃખના પ્યાલાને પોતે જ પી લીધો હતો.

આ હકીકત આપણા તેમ જ સમગ્ર માનવજાતના પાપોમાંથી છોડાવવા માટે ઈશ્વરની યોજના હતી. અને પ્રભુ ઈસુએ તે યોજનાને સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

પ્રભુએ પોતે જ એકલાએ આ કિંમત ચૂકવવાની હતી. આ આત્મિક મરણ-એટલે ઈશ્વરની સમક્ષતાથી અલગ થવું તે દુઃખ તેમણે સહન કરવાની આવશયકતા હતી. આત્મિક મરણ એટલે ઈશ્વર સાથેનો સંબંધ ખંડિત થવો.

પ્રભુ ઈસુએ પ્રથમ વખત અને અંતિમ વખત આ અનુભવ કર્યો હતો. જે સમયે સમગ્ર જગતમાં અને તેમના આત્મામાં પણ ઘોર અંધકાર વ્યાપી ગયો હતો. અને તેમણે આધ્યાત્મિક મરણના સામ્રાજયમાં પ્રવેશ કર્યો હતો.

"હે મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ કયા કારણને લીધે, કયો હેતુ પૂર્ણ કરવા માટે તમે ત્યજી દીધો છે ?"

ઈશ્વર પોતે સાચા અર્થમાં માનવી બન્યા હતા. આ

ઈશ્વરની નમ્રતા હતી.. અને તેમણે માનવી બનીને આપણી સામે એક નમૂનો મૂકયો હતો.

સંત પાઉલે ફિલિપી શહેરની મંડળીને લખેલા પત્રમાં અધ્યાય ૨:૬-૮માં આ પ્રમાણે લખ્યું છે : "પોતે ઈશ્વરના રૂપમાં છતાં, તેણે ઈશ્વર સમાન હોવાનું પકડી રાખવાનું ઈચ્છયું નહિ, પણ તેણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યા, અને માણસના આકારમાં પ્રગટ થઈને મરણને, હા, વધસ્તંભના મરણને આધીન થઈને પોતાને નમ્ર કર્યો."

પરંતુ આ વિચાર વર્તમાન સમયમાં, આધુનિક જમાનામાં આપણને ખૂબ વિચિત્ર લાગે છે : વર્તમાન સમાજ સંગ્રહખોર કે લાભપરાયણ સમાજ કહેવાય છે. જેટલું ભેગું કરી શકાય તેટલું ભેગું કરો એટલે ભવ્ય બંગલો બનાવો, મોટરકાર ખરીદો, બીજાને ધક્કો મારીને પ્રગતિની દોડમાં વધારે આગળ નીકળી જવાનો પ્રયત્ન કરવો. મનની નમ્રતા આવા સમાજ માટે દુર્ગુણ સમાન માનવામાં આવે છે. આપણી પાસે શું છે, કેટલું છે, આપણે કેટલી કમાણી કરી છે તેને સારા ગુણ તરીકે સ્વીકારવામાં આવે છે.

આપણા પ્રભુ ઈસુના આ જગતમાં આ સંગ્રહખોર પ્રવૃત્તિને, આ અવગુણને દૂર કરવા માટે આવ્યા હતા :

સંપત્તિ, ઊંચા હોદ્દા માટે તેમની કંઈજ ફરિયાદ નહોતી.. શ્રીમંત વ્યક્તિ, ઊંચો હોદ્દો ધારણ કરનાર વ્યક્તિ પણ મનથી

નમ્ર હોઈ શકે. મનથી નમ્ર વ્યક્તિ ત્યાગ, નિવૃત્તિ, બધું જ આપી દેવાની લાગણીઓ સતત પ્રગટ કરે છે.

આપણા પ્રભુ ઈસુએ મનની નમ્રતા, દરીદ્રતાનો પ્રચાર કર્યો હતો. તે સિવાય પણ તેમણે ત્રણ પ્રકારના અહંકાર, અભિમાન પર પણ વિજય મેળવ્યો હતો :

મનની નમ્રતાના માધ્યમ દ્વારા ધન સંપત્તિનું અભિમાન, સમાજમાં પ્રતિષ્ઠાનું ઘમંડ અને જ્ઞાનનું અભિમાન પરાજીત કર્યો હતો. ઈશ્વરે મનની નમ્રતાને શ્રેષ્ઠ પુરવાર કરવા માટે પોતાના જન્મ માટે એવી એક સ્ત્રીની પસંદગી કરી હતી કે જેણે તેમના જન્મ માટે યરુશાલેમના મંદિરમાં એક જોડ હોલાનું અથવા કબૂતરનાં બે બચ્ચાનું અર્પણ કરી શકી હતી. તે આટલું જ કરી શકે તેવી તેની આર્થિક સ્થિતિ હતી. તેના પિતા ગામના એક સુથાર હતા. ઈશ્વરે પોતાના જન્મ માટે ભવ્ય મહેલ નહિ પરંતુ એક ગભાણની પસંદગી કરી હતી તેમણે સોનાનો પલંગ પસંદ કર્યો નહોતો. તે પોતે દરિદ્રી બન્યા હતા.

તેમની ધર્મસેવાની શરૂઆત પણ મનની નમ્રતા સાથે થઈ હતી. નાઝરેથ ગામમાં પોતાની ધર્મસેવાની શરૂઆત કરતા લોકો સમક્ષ તેમણે જાહેર કર્યું હતું. "પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા માટે તેણે મારો અભિષેક કર્યો છે." તેમની પાસે નિવાસ કરવા માટે પોતાનું મકાન નહોતું. તેમની પાસે રોમન સરકારનો

કર ભરવાના પણ પૈસા નહોતા તેમને વધસ્તંભ ઉપર જડવામાં આવ્યા ત્યારે તેમની પાસે પોતાનો એકમાત્ર ઝભ્ભો પણ તેમના શરીર પરથી ઉતારી લેવામાં આવ્યો હતો. ધ્યાનમાં રાખો કે જે વધસ્તંભ ઉપર તેમને જડવામાં આવ્યા તે પણ તેમનો પોતાનો નહોતો બારાબાસ માટે તે વધસ્તંભ રોમન સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતો. અને મરણ પામ્યા પછી તેમનો દેહ જે કબરમાં રાખવામાં આવ્યો તે કબર પણ તેમની નહોતી. કેવો મહાન ત્યાગ, પ્રભુ ઈસુએ બધું જ આપી દીધું હતું. તે સમાજના સૌથી ગરીબ વ્યક્તિ તે હતા તેવું શક્ય છે. તે આપણા માટે દરિદ્રી બન્યા કે જેથી આપણે ધનવાન બનીએ તોપણ આપણે તેમનો સ્વીકાર કર્યો નહિ.

તે પોતાનાની પાસે આવ્યા પરંતુ તેઓએ તેમનો સ્વીકાર કર્યો નહિ.

બેથલેહેમ ગામમાં તેમના જન્મ માટે જગ્યા નહોતી. નાઝરેથમાં, તેમના પોતાના ગામમાંથી તેમને કાઢી મૂકવામાં આવ્યા. યરુશાલેમમાં તેમને પથ્થરે મારવાની યોજના કરવામાં આવી હતી અને તેમણે કહેવું પડયું હતું. "પ્રબોધક, પોતાના ગામમાં માન પામતો નથી."

તેમના પોતાના શિષ્યોમાના એકે તેમને ત્રીસ ચાંદીના સિક્કા માટે તેમને વેચી દીધા હતા. તેમના બધા જ શિષ્યો તેમને શત્રુઓના હાથમાં મૂકીને ચાલ્યા ગયા હતા. અને અંતે તેમના આત્માને ઈશ્વરે પોતે તેમને તજી દીધા હતા. "એલી

એલી, લામા સાબાથાની.''

આ શબ્દો તે ભયંકર વેદનાને, દુઃખને પ્રગટ કરે છે જ્યારે માનવીનો સંબંધ ઈશ્વર સાથે ખંડિત થાય છે અને માનવીનું આત્મિક મરણ થાય છે ત્યારે તેમનો આત્મા આ શબ્દો દ્વારા જ પોતાના દુઃખને પ્રગટ કરે છે : **By feeling without God, He redeemed those who live without God.**

જુઓ આ કેવો અજોડ દરિદ્રી માનવી છે, મનનો નમ્ર છે! પ્રભુ ઈસુ આર્થિક રીતે દરિદ્રી છે. વધસ્તંભ પર જડવામાં આવેલા છે. તેમનો ઝભ્ભો કીમતી ઝભ્ભો જે તેમના અનુયાયીઓએ પોતાના ગુરુ માટે બનાવ્યો હતો, જે કેવળ ધર્મગુરુઓ પહેરતા હતા, તેને ઉતારી લેવામાં આવ્યો.

મિત્ર વિનાના, સામાજીક રીતે દરિદ્રી કારણ કે તેમના મિત્રોએ પણ તેમનો ત્યાગ કર્યો હતો. વધસ્તંભ પર જડવામાં આવેલા આધ્યાત્મિક રીતે દરિદ્રી માણસને જુઓ, કારણ કે ઈશ્વરે પણ તેમને ત્યજી દીધા હતા. દરેક પ્રકારે દરિદ્રી !

તે દિવસથી લઈને આજના દિવસ સુધી તે લોકો ધન્ય થઈ ગયા છે કે જેઓ મનથી નમ્ર છે, જેઓ આર્થિક રીતે નબળા વર્ગના લોકો છે. જેઓ દરિદ્રી સ્થિતિમાં છે, જેઓ આ દુનિયામાં, સમાજમાં એકલાપણું અનુભવે છે. કારણ કે પ્રભુ ઈસુ પોતે આજે તેમના જેવા બન્યા છે. પ્રભુ ઈસુનો શુભસંદેશ ફેલાવવા માટે જેઓ તેમના જેવું સાદગીભર્યું જીવન વિતાવે

છે, જેઓએ પ્રભુ ઈસુની સેવામાં દરિદ્રતા, એકલાપણું, ત્યાગમય જીવન પોતાની ઇચ્છાથી સ્વીકાર કર્યું છે.

આ એક સત્ય ઘટના છે. એક પ્રખ્યાત કોન્વેન્ટ છે. આ કોન્વેન્ટ પહાડની ટોચ પર આવેલી હતી અને ત્યાંથી સમગ્ર શહેર જોઈ શકાતું હતું.

કોન્વેન્ટની પાસેના પહાડ પર એક ભવ્ય મહેલ જેવું મોટું મકાન હતું. તેની સરખામણીમાં કોન્વેન્ટ કંઈ જ વીસાતમાં નહોતી. કોન્વેન્ટમાં નાના નાના ઓરડાઓ, એક ખાટલો અને લાકડાંની ટેબલ-ખુરશી હતા. તેના વાતાવરણ પરથી જ તેની દરિદ્રતા દેખાઈ આવતી હતી. જો તમે મધર ટેરેસાનો આશ્રમ જોયો હોય તો તમે તેનું અનુમાન કરી શકો છો.

એક દિવસ તે કોન્વેન્ટની મુલાકાતે બિશપસાહેબ આવ્યા હતા. કોન્વેન્ટની દેખરેખ રાખનાર મધરે તેમને કોન્વેન્ટ બતાવી હતી. તેઓ ફરતાં ફરતાં બગીચામાં આવ્યા જ્યાંથી પાસેના પહાડ પરનો ભવ્ય મહેલ જોઈ શકાતો હતો. અચાનક બિશપ સાહેબે સિસ્ટરને કહ્યું "સિસ્ટર, તમારી હોસ્ટેલ-કોન્વેન્ટની સાદગી - ગરીબાઈથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. તમારું જીવન પ્રભુ ઈસુના શિક્ષણનું ઉત્તમ ઉદાહરણ છે. હવે એક વાત સંબંધી મને જણાવો કે ધારો કે આ સામેના પહાડ પરનો ભવ્ય મહેલ તમારી પોતાની માલિકીનો હોય, અને ધારો કે તમને એશઆરામ અને જીવનની સારી સુખ સગવડ આપવામાં આવે. અને ધારો કે આ મહેલ તમારી

માલિકીનો હોય તો શું તમે સુખ આરામનો ત્યાગ કરીને, આ કોન્વેન્ટમાં એક સિસ્ટર તરીકે સાદગીભરી જીંદગી પસાર કરવાની પસંદગી કરશો ?''

સિસ્ટરે બિશપ સાહેબને કહ્યું ''ફાધર તે મહેલ મારી માલિકીનો જ છે. હું તેનો ત્યાગ કરીને અહીં આવી છું.''

"એ પછી ઈસુ હવે સઘળું પૂરું થયું છે એ જાણીને શાસ્ત્રવચન પૂર્ણ થાય માટે કહે છે કે, "મને તરસ લાગી છે." હવે ત્યાં સરકા (ખાટો દ્રાક્ષારસ) થી ભરેલું એક વાસણ મૂકેલું હતું, માટે તેઓએ એક વાદળી તેમાં બોળીને ઝૂફા પર મૂકીને તેના મોં આગળ ધરી."

(યોહાન ૧૯ : ૨૮-૨૯)

## (૭) વધસ્તંભ ઉપરનું પાંચમું વચન

આપણા મુક્તિદાતા પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઈશ્વરપુત્ર હોવા ઉપરાંત મનુષ્ય પણ હતા ને તેમણે અસહ્ય પીડા પણ વેઠી હતી, એ વિચાર આપણાં દુઃખોમાં કેટલો બધો આશ્વાસનદાયક થઈ પડે છે ! આખી પૃથ્વી ઉપર સૂર્યના અંધરાવાથી જે ગાઢ મૌન અને અંધકાર ફરી વળ્યાં છે તેમાં પ્રભુ ઈસુ ખૂબ વેદના વેઠે છે. આપણે કેટલી બધી વાર પ્રેરિતોના વિશ્વાસનામામાંથી પોપટની જેમ રટી જઈએ છીએ કે તેણે પોંતિયૂસ પિલાતની હકૂમતમાં દુઃખ વેઠયું, પણ એ દુઃખની માત્રા કેટલી બધી પ્રચંડ હતી એ તો એ અંગે ગંભીરતાથી ને પવિત્રતાથી મનન કરીએ છીએ ત્યારે જ સમજાય છે.

"મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ?" એ વચનમાં શારીરિક કરતાંયે આધ્યાત્મિક વેદના સવિશેષ છે. "મને તરસ લાગી છે" એમાં સ્પષ્ટ રીતે પ્રથમ વાર પોતાની શારીરિક પીડાને તે સ્મરણમાં લાવે છે. વેદનાના વધસ્તંભ ઉપર લટકયાને ચાર ચાર કલાક થઈ ગયા છે. ધરપકડ થઈ મધરાતે, કહેવાતો ધાર્મિક ખટલો ચાલ્યો સવાર સુધી, પિલાત પાસે કામગીરી ચાલી સવારના છથી તે કદાચ સવારના નવથી પ્રભુ ઈસુ વધસ્તંભ ઉપર છે. આ સમગ્ર ખટલામાં કયાંય કોઈએ તેમને ખોરાક કે પાણી આપ્યાં તેવો ઉલ્લેખ નથી. કદાચ, આગળના કલાકોમાં કશુંક આપ્યું હોય પણ વધસ્તંભ ઉપરના આ ચાર-પાંચ કલાકમાં તો તેમણે કશું

જ લીધું નથી. અત્યાર સુધીનું પ્રભુ ઈસુની અપાર ધીરજનું ને બળવાન સહનશક્તિનું જે ચિત્ર મળે છે તે અદભુત છે. આપણે તો કયારેક કેવી નાની વાતમાં પણ રડી પડીએ છીએ ! માથાનો દુઃખાવો, શરદી કે તાવ, સાંધાનો કે દાંતનો દુઃખાવો એ કેટલી બધી વાર આપણે માટે મિજાજ ગુમાવવાનું ને આખા ઘરને માથે લેવાનું કારણ થઈ પડે છે!

પ્રભુ ઈસુએ પોતાની યાતનાભરી પીડાને ભલેને એક વાકયમાં વાચા આપી હોય, પણ તેમણે તે વચન જરૂર ઉચ્ચાર્યું છે. ભલે અત્યાર સુધી તેમણે મૌનમાં પીડા વેઠી છે, ને તે દ્વારા તે આપણાં કેટલાં બધાં દુઃખોમાં સહભાગી બન્યા છે તે તો જેમણે તેમને પ્રચંડ અન્યાય કર્યો હતો, ન્યાયની પણ કરપીણ હત્યા કરી હતી, તેમનાથી તે વીંટળાયેલા હતા. ઠઠ્ઠામશ્કરીમાં રોમન સૈનિકોએ પણ માઝા મૂકી હતી. હવે એ જ રોમન સૈનિકો પાસેથી નાનીઅમથી મહેરબાની માગવી એ પણ તેમની મહાન ક્ષમાનો એક ભાગ જ છે. જીવનભર પ્રભુ ઈસુ કષ્ટોમાં પણ ભલાઈ ને માનવતાનાં નાના નાના ઝરણાં શોધતા રહ્યા હતા. આ રોમન સૈનિકોમાં પણ શેકસપિયરે કહ્યું છે તેમ માનવી ભલાઈનું દૂધ-તેનું નાનકડું અમીઝરણું-વહેતું હતું તે પ્રભુ ઈસુ જાણતા હતા ને એ નાનકડા અમીઝરણાને જીવંત કરવા, એ નાનકડા પ્રકાશને પ્રજ્વલિત કરવા તે આ વચન ઉચ્ચારે છે : ''મને તરસ લાગી છે.''

જો કે આ અગાઉના શબ્દો પણ નોંધપાત્ર જરૂર છે. ''ઈસુ

હવે સઘળું પૂરું થયું છે એ જાણીને'' આ વચન પૂરું થાય માટે આમ કહે છે. ઈશ્વરપિતા દ્વારા નિર્મિત-નિર્ધારિત કાર્ય અને શાસ્ત્રોમાં જે કંઈ પરમ બલિદાન અને ઈશ્વરપુત્રના બલિ વિશે લખવામાં આવ્યું હતું તે પૂરું થયું છે તે જાણ્યા પછી જ, પ્રભુ ઈસુ હવે પોતાની શારીરિક યાતના પ્રત્યે સંપૂર્ણ સભાન બને છે. અત્યાર સુધી માનવ ઈતિહાસની આ મહાનિર્ણાયક પળોમાં તે પોતાના શરીર વિશે લગભગ ભૂલી ગયા હતા, હવે તેમની પોતાની શારીરિક જરૂરિયાતો યાદ આવે છે. મહાન ને પવિત્ર કામગીરી બજાવવામાં તે એટલા બધા ઓતપ્રોત થઈ ગયા હતા કે શરીર, તેની જરૂરિયાતો, તેની નિર્બળતાઓ એ બધું તે ભૂલી ગયા હતા.

''મને તરસ લાગી છે'' એ કરુણ શબ્દોમાં નિરાધારતા અને નિઃસહાયતાનો પોકાર જરુર છે ; પરંતુ એના સંદર્ભમાં એની સાથે થોડાક જ સમય પહેલાં યરુશાલેમમાં બોલાયેલા ઈસુના શબ્દો યાદ કરી લેવા જેવા છે, ''જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવે અને પાણી પીએ.'' સમરૂનમાં આવેલા સૈખાર ગામમાં યાકૂબના કૂવા પાસે તેમણે સમરૂની સ્ત્રીને કહ્યું હતું કે ''જે કોઈ આ પાણી પીશે તેને ફરી તરસ લાગશે, પણ જે પાણી હું આપીશ તેને કદી તરસ લાગશે નહિ. તે તેનામાં પાણીનો ઝરો થશે, તે અનંતજીવન સુધી ઝર્યા કરશે.'' આમ જીવનજલના પ્રભુ, અનંતજીવનનું ઝરણું એવા પ્રભુ ઈસુ તો દુનિયાની તૃષા છિપાવવા આવ્યા હતા અને હવે તેમને જ

શારીરિક વ્યથામાં કહેવું પડે કે "મને તરસ લાગી છે" એ કેવી કરુણતા કહેવાય ?

પરંતુ આવો વિરોધાભાસ તો શરૂઆતથી અંત સુધી પ્રભુ ઈસુના જીવનમાં જોવા મળે છે. આંતરિક સમૃદ્ધિ અને બાહ્ય ગરીબી. જગતને તો અક્ષય દ્રવ્યથી સમૃદ્ધ કરવા આવ્યા હતા છતાં જીવનભર તે ગરીબના ગરીબ રહ્યા હતા. "જીવનની રોટલી હું છું" એમ કહેનારને બે ટંકનુ પૂરતું ભોજન પણ કયારેક મળતું નહોતું. તે બીજાંઓ માટે રાજસિંહાસનો ને ભવ્ય મહેલાતો ("તમારે માટે હું ઘર બાંધવા જાઉં છું") આપવાની તૈયારી બતાવી શકે છે અને છતાં કહે છે કે "લોંકડાને દર હોય છે ને આકાશનાં પક્ષીઓને માળા હોય છે, પણ માણસના દીકરાને માથું ટેકવવાનું પણ ઠામ નથી." સ્વર્ગની અખૂટ સંપત્તિના સ્વામીને આ દુનિયા ઉપર પાણીના પ્યાલા માટે માગણી કરવી પડે તેમાં આ જડવાદી, ભૌતિકવાદી, ને ધનને જ પોતાનું સર્વસ્વ ગણનાર દુનિયા માટે કેટલો મોટો સંદેશો છે !

જીવંત પ્રજાઓના ન્યાયની વાત કરતાં પ્રભુ ઈસુએ રાજાના દષ્ટાંતમાં સ્પષ્ટ કહ્યું છે કે "હું ભૂખ્યો હતો ત્યારે તમે મને ખવડાવ્યું, હું તરસ્યો હતો ત્યારે તમે મને પાણી પાયું..." ન્યાયીઓ રાજાને પૂછશે કે "પ્રભુ, ક્યારે અમે તને તરસ્યો દેખીને પાણી પાયું ?" ત્યારે રાજા કહેશે કે આ મારા ભાઈઓમાંથી અદનામાં અદના માટે તમે જે કંઈ કર્યું છે તે

મારે માટે જ કર્યું છે (માથ્થી ૨૫:૩૫-૪૦) ભૌતિક રીતે સમૃદ્ધ પરંતુ આત્મિક રીતે દરિદ્ર એવાં આપણામાંના ઘણાં ગરીબો ને દુઃખિતોની સેવા કરી શકતાં નથી, પરંતુ મધર ટેરેસા જેવાં પ્રભુના ઘણા સેવકો હજુ આજે પણ પ્રભુ ઈસુનો જીવનમાર્ગ ચીંધી રહ્યા છે.

વધસ્તંભ ઉપર પ્રભુ ઈસુએ આ વચન ઉચ્ચાર્યું ત્યારે ત્યાં પાસે જ સરકો (ખાટો દ્રાક્ષારસ) ભરેલું એક વાસણ પડયું હતું. સરકો એ રોમન સૈનિકોનું સામાન્ય પીણું હતું. સૈનિકો એક વાદળી સરકામાં બોળીને, ઝૂફા ઉપર મૂકીને, પ્રભુ ઈસુના સુકાઈ ગયેલા હોઠ આગળ ધરે છે. કાલવરી ઉપર વજનદાર વધસ્તંભ ઊંચકીને જતાં આ જ સરકો લેવાની તેમણે ના પાડી હતી. તે વખતે ના પાડી તો આ વખતે તેમણે કેમ તે સ્વીકાર્યું? સરકો તો ઈન્દ્રિયોને બધિર બનાવી દેતો હતો અને પ્રભુ ઈસુ પોતાની વેદનામાં જરાપણ ઘટાડો થાય તેમ ઈચ્છતા નહોતા. સંપૂર્ણ સભાનાવસ્થામાં જ તે કાલવરીના મૃત્યુની મહાવેદના વેઠવા માગતા હતા. તે એમનું દુઃખ પૂરેપૂરું વેઠે છે. અત્યારે પણ મૃત્યુદંડના કેદીઓને વેદના હળવી કરવાની દવાઓ અપાય છે, પરંતુ પ્રભુ ઈસુ કોઈ પણ રીતે પોતાની અપાર અમાપ વેદના હળવી કરવા માગતા નથી. કારણ, તે તો સમગ્ર માનવજાતના અપરાધની શિક્ષા સંપૂર્ણપણે ભોગવવા ઈચ્છતા હતા. તેથી જ વધસ્તંભના વજન નીચે કચડાતા રિબાતા હોવા છતાં તે ત્યારે સરકો લેવાનો ઈન્કાર કરે છે.''

પરંતુ હવે જ્યારે તે કહે છે કે, "મને તરસ લાગી છે" ત્યારે તેમણે અપાર વેદનાનો, ઘોર ઉપેક્ષાનો, દુનિયાનાં પાપનો પ્યાલો પી લીધો છે. વધસ્તંભ આપી શકે તે બધું દુ:ખ બધી વેદના તેમણે જરાપણ આનાકાની વગર સ્વીકારી છે. હવે, કદાચ થોડીક રાહતના તે અધિકારી બન્યા છે.

સંત યોહાને ઈ.સ.૧૦૦માં એશિયા માઈનોરમાં પોતાની સુવાર્તા રચી. તે વખતે ખ્રિસ્તી જગતમાં જ્ઞાનવાદ નામે પાખંડી મતનો પ્રચાર ચાલતો હતો. જ્ઞાનવાદ મુજબ આત્મા સૂક્ષ્મ છે, શરીર સ્થૂળ છે. આત્મા હંમેશાં સારો જ હોય છે. શરીર હંમેશા ભૂંડું હોય છે. આ મત મુજબ પ્રભુ ઈસુના જે શરીરને વધસ્તંભે જડવામાં આવ્યું હતું તે તો માત્ર આભાસરૂપ હતું. ઈસુ આત્માસ્વરૂપ હોવાથી તેમને દુ:ખનો અનુભવ થઈ શકે નહિ. આ પાખંડી મતને તોડી પાડવા સંત યોહાને આ વચન નોંધ્યું છે ને પ્રભુ ઈસુ ખરેખરા માણસ હતા ને સામાન્ય માણસોની જેમ જ તેમણે પણ દુ:ખ અનુભવ્યું હતું તે આ વચન દ્વારા સાબિત થાય છે.

આ વચન દ્વારા "મને તરસ લાગતાં તેમણે મને સરકો પાયો" (ગીતશાસ્ત્ર ૬૯ : ૨૧) એ શાસ્ત્રવચન પણ પૂરું થાય છે.

"મને તરસ લાગી છે." એમાં શું માત્ર શારીરિક તૃષાની જ વાત છે ? કે જીવનભર પ્રભુ ઈસુના શબ્દો અને જીવન પ્રત્યે ગેરસમજ દર્શાવવામાં આવતી હતી તેમ અત્યારે તેમના માનવી જીવનની અંતિમ પળોમાં તેમના શબ્દોનો ખોટો અર્થ

આપણે કરીએ છીએ ? આ પણ શક્ય છે. સરકાથી તૃપ્ત થઈ શકે તેવી શારીરિક તરસ તેમને લાગી હશે, અને તે સાથે ઈશ્વર સાથેના થોડીક પળો માટે તૂટી ગયેલા સંબંધને ફરીથી સ્થાપવાની તરસ લાગી હશે ? ઈશ્વર સાથેના સતત સંબંધની તરસ તો જીવનભર તેમને હતી. આપણને પણ તે હોવી જ જોઈએ. વ્યક્તિઓ તરીકે આપણે ઈશ્વરપુત્રને આપણા અંગત તારનાર તરીકે અને આપણા જીવનોના સ્વામી તરીકે સ્વીકારીએ ત્યારે જ આપણી આત્મિક તૃષા પણ સંતોષાય. ઈસુ ખ્રિસ્તને મુક્તિદાતા તરીકે સ્વીકારવાથી જ પાપના રણમાં આપણી તરસ મટી શકે. પ્રભુ ઈસુએ તો કહ્યું જ છે કે "જે મારા ઉપર વિશ્વાસ કરે છે તેને કદી તરસ લાગશે નહિ" (યોહાન ૬ : ૩૫)

યોહાન ૩ : ૧૬માં ખૂબ ભવ્ય વાત કહેવામાં આવી છે "ઈશ્વરે જગત ઉપર એટલો બધો પ્રેમ કર્યો કે તેણે પોતાના એકનાએક દીકરાને આપી દીધો, એ માટે કે જે કોઈ તેના ઉપર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે." શું આપણે આવો વિશ્વાસ કરીએ છીએ ? શું પ્રભુ ઈસુ તમારા માટે અંગત રીતે મૃત્યુ પામ્યા એવું તમે માનો છો ? પ્રભુ ઈસુના મૃત્યુનું સાચું રહસ્ય ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે આપણા પોતાના અપરાધોને માટે તે વીંધાયા અને આપણા પાપને માટે તેમણે પોતાનું બલિદાન આપી દીધું એવું આપણે અંગત રીતે સ્વીકારીએ. શુભસંદેશ એ ત્યારે જ શુભસંદેશ બને જ્યારે

આપણે તે સ્વીકારીએ.

એ શક્ય છે કે ઈશ્વર સાથેના સંબંધની તરસ છિપાવ્યા વિના માણસો દિવસો સુધી, મહિનાઓ સુધી ને વર્ષો સુધી જીવ્યા કરે. દુનિયામાં કેટલાં બધાં માણસો આ તરસ છિપાવનાર જીવનજલ ને અનંતજલની શોધમાં જીવનભર ભટકતાં રહે છે ને છતાં તેમની તરસ સંતોષાતી નથી. પ્રભુ ઈસુના મૃત્યુ પર, તેમના બલિદાન ને પુનરુત્થાન ઉપર સાચી શ્રધ્ધા રાખવાથી જ આ તરસ સંતોષાય. કારણ, પ્રભુ ઈસુ અનંતજીવનનું જલ છે.

પ્રભુ ઈસુ તો આજે પણ કહે છે "મને તરસ લાગી છે." તે તો આપણા પ્રેમના તરસ્યા છે. તે તો આપણી પ્રાર્થનાના તરસ્યા છે. તે આપણા પશ્ચાત્તાપના તરસ્યા છે. તેઓ આપણી સેવાના તરસ્યા છે. આપણે ઈશ્વર સાથેના સાચા સંબંધમાં આવીએ તે ધન્ય પળ જોવાની તેમને તરસ છે. તેમને માનવી પોતાના પાપનો પસ્તાવો કરી અને પાપથી વિમુખ બની ઈશ્વર સમક્ષ આવે તેની તરસ છે. જ્યારે જ્યારે કોઈ માનવી સાચા પશ્ચાત્તાપથી, લાગણીથી અને સમર્પણની ભાવનાથી પ્રભુ ઈસુ પાસે આવે છે ત્યારે તારણહારની તૃષ્ણા સંતોષાય છે.

## પાંચમી વાણી

"મને તરસ લાગી છે." (યોહાન ૧૯ : ૨૮)

"જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે."

નવા કરારની ચારેય સુવાર્તામાં નોંધ કરવામાં આવી છે

કે પ્રભુ ઈસુને સરકો પીવા માટે આવ્યો હતો. પરંતુ પ્રભુ ઈસુની આ વાણીનો સાચો અર્થ રોમન સૈનિકો સમજી શકયા નહોતા અને આપણે પણ તેની સમજણ મેળવતા નથી. યોહાનની સુવાર્તામાં તથા બાઈબલમાં તરસ શબ્દ એક વિશેષ અર્થમાં વાપરવામાં આવ્યો છે. યશાયા પ્રબોધકનું આ આહવાન આપણ સર્વએ મુખપાઠ કરેલું છે. ‘‘હે તૃષિત જનો, તમે સર્વ પાણીની પાસે આવો, જેની પાસે કંઈ પણ નાણું નથી તે તમે આવો; વેચાતુ લો અને ખાઓ ; વળી આવીને નાણાં વિના તથા મૂલ્ય વિના દ્રાક્ષારસ તથા દૂધ વેચાતાં લો.’’ (યશાયા ૫૫ : ૧)

આ રીતે આપણને સમરૂની સ્ત્રીની વાત પણ યાદ હશે. હકીકતમાં સમરૂની સ્ત્રીની વાતમાં ‘તરસ’ શબ્દની સારી વ્યાખ્યા આપવામાં આવી છે. ઈસુએ સમરૂની સ્ત્રીને કહ્યું હતું. ‘‘જે કોઈ આ પાણી પીએ તેને ફરી તરસ લાગશે ; પણ જે પાણી હું આપીશ, તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ ; પણ જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે, તે અનંતજીવન સુધી ઝર્યા કરશે.’’ (યોહાન ૪ : ૪, ૧૩-૧૪)

સંત યોહાને પ્રભુ ઈસુની તરસના સંદર્ભમાં આ પણ નોંધ કરી હતી : ‘‘એ પછી ઈસુ હવે સઘળું પૂરું થયું એ જાણીને, શાસ્ત્રવચન પૂર્ણ થાય માટે કહે છે, કે મને તરસ લાગી છે.’’ શાસ્ત્રવચનમાં શું લખવામાં આવ્યું હતું ?

ગીતશાસ્ત્ર (૬૯:૨૯) જયાં લખવામાં આવ્યું છે, "મને તરસ લાગતાં તેઓએ સરકો આપ્યો." આ સંદર્ભમાં આ કહેવું યોગ્ય જ ગણાશે કે ગીતશાસ્ત્ર ૬૯માં ન્યાયી વ્યક્તિના દુઃખ-વેદનાનું સવિસ્તર વર્ણન કરેલું છે. ગીતકર્તા દાઉદ વેદના દુઃખથી મુકત થવા માટે ઈશ્વરને વિનંતી કરે છે.

પ્રભુ ઈસુએ ઉચ્ચારેલા શાસ્ત્રવચનની આ કલમ યોહાને વિશેષ અર્થમાં આપણ વિશ્વાસીઓને ખાસ સંદેશો આપવા માટે નોંધી છે. જો આપણે વિચાર કરીએ કે પ્રભુ ઈસુએ દુઃખ-વેદનામાં ભૌતિક તરસ તૃપ્ત કરવા માટે જ પાણીની માંગણી કરી હતી તો આપણા આ વિચારો ખૂબ જ નિમ્ન કક્ષાના છે. ઈસુના આ પૃથ્વી પરના જીવનનો અંત નજદીક છે તેવા સમયે યોહાને આ સાધારણ વાત માટે ધર્મશાસ્ત્રનો સંદર્ભ આપીને નોંધ કરી છે તેવી અપેક્ષા આપણે યોહાન પાસે રાખી શકતા નથી. આ પ્રકારનો અર્થ પરમસીમાથી વિપરીત હશે.

હકીકતમાં યોહાનની સુવાર્તામાં "તરસ" શબ્દ દ્વિઅર્થી રૂપક છે. આ તરસ ઈશ્વરની સમક્ષતા માટે હતી. મનુષ્ય તરીકે પ્રભુ ઈસુ ઈશ્વરની સમક્ષતા ઝંખતા હતા. તેથી પ્રભુ કહે છે. "હે મારા ઈશ્વર" રોમન સૈનિકો પ્રભુ ઈસુના આ શબ્દોનો અયોગ્ય અર્થ સમજયા હતા તેથી તેઓ ઈસુના શબ્દો "એલી, એલી..." તે એલિયાને બોલાવે છે તેમ સમજયા હતા. રોમન સૈનિકો પ્રભુ ઈસુની માતૃભાષા હિબ્રૂ કે અરામી સારી રીતે જાણતા નહોતા તેવું શકય છે. તેઓ કેવળ શાબ્દિક અર્થ

સમજયા હતા.

આ ભૂલને કારણે યોહાન આપણું ધ્યાન પ્રભુ ઈસુના શબ્દોના ઊંડા અર્થ તરફ દોરી જાય છે. હકીકત એ છે કે પ્રભુ ઈસુના આ શબ્દનો સાચો અર્થ એક બીજા જ ગીતમાં જોવા મળે છે. ગીતશાસ્ત્ર ૬૩ : ૧ જેમાં ગીતકર્તા દાઉદ કહે છે કે ઈશ્વર તરસ્યા જીવને તૃપ્ત કરે છે.

હે ઈશ્વર, મારા ઈશ્વર..

હું તમારે માટે કેટલો તરસું છું !

તમને પ્રાપ્ત કરવાની હું કેવી તીવ્ર ઝંખના રાખું છું !

પ્રભુ ઈસુ પોતે ઈશ્વર હતા. તેમના આ શબ્દો એવા લાગે છે કે જાણે કે પાણીથી ભરેલો કૂવો કહે છે. ‘‘મને તરસ લાગી છે.’’

હા, પ્રભુ ઈસુને તરસ લાગી હતી. ન્યાયીપણાની ભૂખ અને તરસ અનુભવતા લોકો માટે તેમણે પોતાની ધર્મસેવાના પ્રારંભ કરતા ગીરીપ્રવચનમાં કહ્યું હતું. ‘‘જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે કેમ કે તેઓ ધરાશે.’’

આ પ્રકારની તીવ્ર ઈચ્છા પાઉલના જીવનમાં જોવા મળતી હતી. પોતાના બદલાણના અનુભવ, પછી આ તીવ્ર ઈચ્છાને કારણે તેણે ઈસુ પરના વિશ્વાસનો પ્રચાર કર્યો હતો અને તેને વિવિધ શહેરોમાં અને વિવિધ જગ્યાઓએ તેની રજૂઆત કરી હતી. તેણે મિશનરી મુસાફરી કરી હતી અને અનેક પત્રોનું

લેખન કર્યું હતું અને અંતે રોમન શહેરમાં ત્રેસઠ વર્ષની ઉંમરે પ્રભુ ઈસુ માટે શહીદ થયો હતો. ગીતશાસ્ત્ર ૬૯:૯ ધ્યાનમાં રાખીએ તો પ્રભુ ઈસુના સંબંધમાં યોહાને પોતાની સુવાર્તામાં કહ્યું હતું, "કેમ કે તારા મંદિરનો ઉત્સાહ મને ખાઈ ગયો છે" આપણી આ તીવ્ર ઇચ્છા કયાં લુપ્ત થઈ ગઈ છે ? ખ્રિસ્તી વિશ્વાસ પ્રત્યેનો આપણો ઉત્સાહ કયાં ઓસરી ગયો છે ? ઈશ્વરના ઘર પ્રત્યેનો આપણો ઉત્સાહ કેમ ઓછો થઈ ગયો છે ? ગીતશાસ્ત્ર ૮૪માં વર્ણવેલા પ્રભુમંદિરનો પ્રેમ કઈ વ્યક્તિમાં છે ? "હે સૈન્યોના યહોવા, તારા માંડવા કેવા રમણીય છે !..."

કેમ કે હજાર દિવસ કરતાં તારા આંગણાંમાનો એક દિવસ શ્રેષ્ઠ છે. તારા મંદિરમાં રહેનારાને ધન્ય છે !

આ પ્રકારની તીવ્ર ઇચ્છા ભૂખ અને તરસ માટે પ્રભુ ઈસુએ આપણને કહ્યું હતું, "મને તરસ લાગી છે."

સુવાર્તા પ્રચાર કરવાની આપણી ઝંખના કયાં ગઈ ? આપણા દેશમાં આ સદીનો અંત આવતાં આવતાં ૯૦૦ કરોડ લોકોની વસ્તી થઈ જશે અને તેઓ હજુ સુધી અજ્ઞાનના અંધકારમાં બેઠેલા છે, તેઓએ હજુ સુધી પ્રભુ ઈસુના જીવનની જયોતિ નિહાળી નથી. તેઓએ હજુ સુધી પ્રભુ ઈસુનો શુભસંદેશ સાંભળ્યો નથી. કારણ કે આપણામાં ન્યાયપણાની ભૂખ-તરસ છે જ નહિ. ભારતના કચડાએલા ગરીબ લોકો પ્રેમના ભૂખ્યા છે. આપણો પાડોશી ભૂખ્યો છે.

આપણે તેની પ્રેમની ભૂખને સંતોષવાની છે.

જો આપણે પ્રભુ ઈસુના શુભસંદેશને પ્રગટ કરવાની ઈચ્છા રાખતા નથી તો તેનું કારણ આ છે કે આપણને પ્રભુ ઈસુ પ્રત્યે, પોતાના વિશ્વાસ પ્રત્યે, ઉત્સાહ-આનંદ કે ન્યાયપણાની ભૂખ જ નથી. અન્ય લોકો પ્રત્યે પ્રેમ કરવાની જવાબદારી પ્રભુ ઈસુએ પોતે આપણને આપી છે. એક ઐતિહાસીક પ્રસંગનું વર્ણન હું તમારી સમક્ષ કરું છું.

સને ૧૨૭૧ માં મંગોલ દેશ પર કુબલાઈ ખાન રાજ્ય કરતો હતો. તેનું સામ્રાજય સંપૂર્ણ એશિયા ખંડમાં ફેલાએલું હતું. એક સમયે બે મિશનરીઓના સંપર્કમાં તે આવ્યો. તેણે નિકોલો અને માફિઓ પોલો બંને મિશનરીઓને પોતાના રાજદૂત બનાવ્યા અને રોમના પોપ ગ્રેગોરી દશમા પાસે આ સંદેશા સાથે મોકલ્યા હતા. તેણે પોતાના રાજદૂતોને કહ્યું, ‘‘તમે પોતાના ધર્મના સૌથી ઊંચા પાદરી પાસે જાઓ અને અમારા માટે તેમને વિનંતી કરો કે તે પોતાના ધર્મના સુશિક્ષિત એવા ૧૦૦ પાદરીઓને મોકલી આપે. જેથી હું શિક્ષણ લઈને બાપ્તિસ્મા લઈ શકું. જ્યારે હું બાપ્તિસ્મા લઈશ તે પછી મારા રાજ્યના બધા જ દરબારો ઊંચા અધિકારીઓ, મંત્રી, સેનાપતિ, રાજ્યપાલ બાપ્તિસ્મા લેશે અને તે પછી સમગ્ર પ્રજાજનો બાપ્તિસમા લેશે તે પછી તો મારા રાજ્યમાં તમારાં દેશ કરતાં પણ વધારે સંખ્યામાં ખ્રિસ્તી લોકો હશે.’’

સમગ્ર એશિયા ખંડ પ્રભુ ઈસુની પાસે લાવવા માટે

પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. પરંતુ પોપ ગ્રેગોરી દશમાએ કુબલાઈ ખાનની વિનંતીને કચરાની ટોપલીમાં નાંખી દીધું હતું.

જો કુબલાઈ ખાનની વિનંતીનો સ્વીકાર કરવામાં આવ્યો હોત તો આજે ચીન-ભારત સહિત એશિયાની સ્થિતિ, તેના ઈતિહાસ તથા રાજ્યનિતી કરતાં કાંઈક જુદી જ સંભવિત બની શકતી હતી.

આપણે તક ગુમાવી દીધી. તે સમયના લોકોમાં ન્યાયપણા માટે, પ્રભુ ઈસુના પ્રેમનો સંદેશો ફેલાવવા માટે ભૂખ-તરસ નહોતી.

વર્તમાન સમયમાં આપણે કોઈપણ રીતે પ્રભુ ઈસુનો શુભસંદેશ ભારતીય લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીએ અને તેઓને જણાવીએ કે પ્રભુ ઈસુ તેઓને પ્રેમ કરે છે. ઈશ્વર સર્વના પિતા સમાન છે. આ કાર્ય આપણે અનેક રીતે કરી શકીએ છીએ. એક કાર્ય મધર ટેરેસાએ કર્યું હતું. અન્ય માધ્યમોનો ઉપયોગ કરી શકાય છે. ગરીબ કચડાયેલા લોકોને માનવી અધિકાર અપાવવાનો પ્રયત્ન કરી શકાય છે. હું તમને એક બીજો માર્ગ બતાવવાની ઈચ્છા રાખું છું.

આવો, આપણે દુ:ખી, ગરીબ માનવીનો બચાવ કરવા માટે તેઓનો ઉદ્ધાર કરવાના હેતુ સાથે આપણે પોતાની ભૂખ અને તરસને જાગૃત કરીએ અને કેવળ ઈશ્વર પ્રત્યેના આપણા પોતાના પ્રેમને જાગૃત કરવા ફકત પ્રભુમંદિરમાં આવીએ નહિ

તરંતુ પ્રભુ ઈસુનો શુભસંદેશ ફેલાવવા માટે આજે, હમણાં જ આપણે પોતાનું સ્વાર્પણ કરીએ. આપણે ઓછામાં ઓછી એક વખત આપણા વિધર્મી પાડોશીઓને મિત્રોને ઈશ્વરના ઘરમાં લાવીએ, તેઓને ભેટ તરીકે બાઈબલ આપીએ અને તેઓ ઈશ્વરનું જીવંત, ઉદ્ધાર કરનાર વચનનું વાંચન કરે તે માટે પ્રોત્સાહન આપીએ.

જીવનના પાણી વિશે ઈસુએ આ કહ્યું હતું. "જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવે અને પીએ." બાઈબલમાં લખવામાં આવ્યું છે. "જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે. ને અનંતજીવન સુધી ઝર્યા કરશે."

ન્યાયના દિવસે ઈશ્વર આપણને પ્રશ્ન પૂછશે, જેઓને બચાવવા માટે મે તમને આજ્ઞા આપી હતી તેવા દુઃખી-ગરીબ મારા સંતાનો કયાં છે ? જો તે સમયે આપણે બચાવેલા આત્માઓને ન્યાયપણાની ભૂખ તથા તરસ છે તેવું સાબિત થશે અને આપણે તૃપ્ત થઈશું. તે સમયે પ્રભુ ઈસુને કહેવાની જરૂર પડશે નહિ, "મને તરસ લાગી છે."

આવો, આપણે પ્રાર્થના કરીએ :

હે ઈશ્વર, અમને આજ્ઞા આપવામાં આવી છે કે અમે પવિત્ર આત્માથી ભરપૂર બનીએ. તમારી કૃપાથી અમને પ્રેમ અને સેવા કરવાની પ્રેરણા આપો, જેથી અમે તેમના શુભસંદેશને જગતના અંત સુધી પહોંચાડીએ જેમણે વધસ્તંભ પર વાણી ઉચ્ચારી હતી "મને ન્યાયપણાની તરસ લાગી છે." અમારા જીવનમાં ન્યાયપણાની અને વિશ્વાસની તરસ ઉત્પન્ન

કરો કે જેથી અમે નિયમિત રીતે અમારા ઘરમાં આવીને અમારી પોતાની તરસ છીપાવી શકીએ અને અહીંથી બહાર જઈને સામે શેરીઓમાં, શહેરમાં, રાજ્યમાં અને આ દેશમાં તમારા પુત્ર આપણા પ્રભુ ઈસુના પ્રેમનો શુભસંદેશ ઘરે-ઘરે જઈને પહોંચાડી શકીએ. આમીન.

“માટે ઈસુએ સરકો લીધા પછી કહ્યું કે ‘‘સંપૂર્ણ થયું’’ અને માથું નમાવીને તેણે પ્રાણ છોડયો.’’

(યોહાન ૧૯ : ૩૦)

## (૮) વધસ્તંભ ઉપરનું છઠ્ઠું વચન

પાંચમું વચન "મને તરસ લાગી છે" એ માટે ગ્રીક ભાષામાં એક જ શબ્દ છે, ને "સંપૂર્ણ થયું" એ છઠ્ઠા વચન માટે પણ ગ્રીક ભાષામાં એક જ શબ્દ છે. આ ગ્રીક શબ્દને ઘણીવાર દુનિયામાં ઉચ્ચારાયેલા સૌથી મહાન શબ્દ તરીકે ઓળખાવવામાં આવે છે. એમ કહેવાય છે કે આ શબ્દોમાં દુનિયાનો ઉદ્ધાર સમાયેલો છે, ને પોતે ગુનેગાર છે તે જાણવાથી થતી પીડામાં અથવા મૃત્યુની કટોકટીમાં હજારો માનવી આત્માઓએ આ શબ્દોએ પકડયા છે, દરિયામાં ડૂબતો ખલાસી કોઈ જીવનરક્ષક વસ્તુને બાથ ભીડીને પકડી લે તેમ આ શબ્દોમાંથી જીવનદાયક બળ મેળવ્યું છે.

કેટલીકવાર મૃત્યુ તરફ ધસતા જીવનના અંતિમ શબ્દો તરીકે આ વાકયનું અર્થઘટન કરવામાં આવ્યું છે એટલે બધું પૂરું થયું છે. પીડા અને નિર્બળતાનો અંતિમ તબક્કો પૂરો થયો છે. પરંતુ પ્રભુ ઈસુએ એવા અર્થમાં આ શબ્દો ઉચ્ચાર્યા નથી. પાંચમા વચનમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ઈસુએ મોટે ઘાંટે બૂમ પાડી હતી (માથ્થી ૨૭ : ૪૬) છઠ્ઠા વચન માટે એમ સ્પષ્ટ કહેવાયું નથી. પરંતુ પાંચમા અને સાતમા વચન (માથ્થી ૨૭ : ૫૦) ની જેમ ઈસુએ આ વચન પણ મોટેથી ઉચ્ચાર્યું હશે. એ તો પરાજયની ચીસ નહોતી, પણ વિજયનો પોકાર હતો.

પ્રભુ ઈસુનું દુઃખસહન અને તેમનું જીવન-કાર્ય

(mission) એક સાથે પૂરાં થાય છે, તેથી સ્વાભાવિક છે કે તે એ બંનેને ઉદ્દેશીને આ છઠ્ઠું વચન ઉચ્ચારે છે. ઈસુના જીવનમાં વેદના અને જીવનકાર્ય બંને સાથે જ ચાલે છે. તેમને એક મહાન જીવનકાર્ય ઈશ્વરપિતાએ સોંપેલું માનવઉદ્ધારનું મહાન કાર્ય - સિદ્ધ કરવાનું હતું ને એ સિદ્ધ કરતાં તેમણે ભારે પીડા વેઠી હતી. હવે બંનેનો સફળ અંત આવે છે. તેથી આ છઠ્ઠું વચન એ કાર્યસિદ્ધિનો જયપોકાર છે અને વેદના પૂરી થવાની રાહત પણ છે.

મૃત્યુનો દિવસ એ મોટે ભાગે શોકનો દિવસ હોય છે. તો પ્રભુ ઈસુના મૃત્યુના દિવસને 'ગોઝારો' કે 'કાળો' શુક્રવાર ન કહેતાં 'શુભ' (Good) શુક્રવાર કેમ કહેવામાં આવ્યો છે ? એ એટલા માટે શુભ છે કે એ દિવસે પ્રભુ ઈસુ પોતાના નહિ પણ આપણા અપરાધો માટે વીંધાયા. એ એટલા માટે શુભ છે કે તે દિવસે પ્રભુ ઈસુ 'આપણાં પાપોને લીધે કચડાયા.' એ દિવસ એટલા માટે શુભ છે કે તે દિવસે પ્રભુ ઈસુના મૃત્યુ દ્વારા, બલિદાન દ્વારા સમગ્ર માનવજાતિનો ઉદ્ધાર સિદ્ધ થયો. તે શુભ શુક્રવારે આપણે આપણાં પાપથી શુદ્ધ થયાં. પ્રભુ ઈસુએ શુભ શુક્રવારે જે જે યાતનાઓ વેઠી તે આપણે માટે વેઠી ને તેમના દુ:ખ સહન ને મૃત્યુ દ્વારા આપણને પવિત્ર ઈશ્વરની આંખોમાં પાપ રહિત ઠરાવવામાં આવ્યા.

પૃથ્વી ઉપર એક મહાકાર્યને સિદ્ધ કે સંપૂર્ણ કરવા માટે પ્રભુ ઈસુ આવ્યા હતા. તે પોતાની પ્રજાને તેનાં પાપમાંથી

મુક્તિ અપાવવા આવ્યા હતા. પોતાને શોધવા આવેલાં દૈહિક માબાપને પ્રભુ ઈસુ બાર વર્ષની વયે પણ સ્પષ્ટ જણાવી દે છે કે, ''શું તમે જાણતાં નહોતાં કે મારા બાપને ત્યાં મારે હોવું જોઈએ?'' (લૂક ૨ : ૪૯) માબાપ કે બીજા જાણતાં નથી પણ પ્રભુ ઈસુ તો શરૂઆતથી જ પોતાનું જીવનકાર્ય શું છે તે જાણે છે, ઈશ્વરપિતાએ સોંપેલી કામગીરીથી તે સંપૂર્ણ સભાન છે. તે મોટા થતા જાય છે તેમ એ જવાબદારીની ગંભીરતા ને મહાનતા તેમને સમજાતી જાય છે. પહાડો પરનાં શાંત એકાંતોમાં, મનનોમાં, પ્રાર્થનાઓમાં ને ઈશ્વરપિતાની વાણીમાં તેમને પોતાની જવાબદારી સમજાતી જાય છે. જૂના કરારના વાચનશ્રવણમાં, સંદેશાવાહકોના પોતાના અંગેના ભવિષ્યવચનોમાં તેમનું દર્શન સ્પષ્ટ થતું જાય છે. જીવનનો નકશો (**Plan**) જાણે કે શરૂઆતથી જ તેમના મનમાં સ્પષ્ટ છે. પોતા વિશે પ્રબોધકોએ જે ભવિષ્યવચનો ઉચ્ચાર્યાં હતાં તે પણ પૂરાં થયાં છે એ સ્પષ્ટ ખ્યાલથી તે મોટેથી ઉચ્ચારે છે કે, ''સંપૂર્ણ થયું.''

પોતાના જીવન-કાર્ય વિશેની સ્પષ્ટતા પ્રભુ ઈસુનાં કેટલાં બધાં ઉચ્ચારણોમાં જોવા મળે છે ! ''હું'' અને ''મારા ઈશ્વરપિતા'' આ બે વાતો તો સતત તેમના મુખમાંથી ઉચ્ચારાતી રહે છે. સૈખારના કૂવા પરની સમરૂની સ્ત્રી સાથેની વાતચીત પછી તે પોતાના શિષ્યોને કહે છે કે ''જેણે મને મોકલ્યો છે તેની ઈચ્છા પૂરી કરવી ને તેનું કામ પૂર્ણ કરવું એ

મારું અન્ન છે'' (યોહાન ૪ : ૩૪) યરુશાલેમને માર્ગે છેલ્લી મુસાફરીમાં તો તે અડગતાથી શિષ્યોથી આગળ ચાલે છે, ને તે પહેલાં બારે શિષ્યો આગળ પોતાના મૃત્યુની વાત તે કેટલી સ્પષ્ટતાથી કહે છે (લૂક ૧૮ : ૩૧ - ૩૩)

શું હતું પ્રભુ ઈસુનું જીવનકાર્ય ? શી હતી પિતાએ સોંપેલી કામગીરી ? કોઈ માણસે કદી પણ ઉપાડી ન હોય તેવી એ મહાન જવાબદારી હતી. એ કામગીરી કોઈ મહાન વિજેતાના કામ કરતાં, માતૃભૂમિની મુક્તિ માટે ઝઝૂમતા સ્વાતંત્ર્ય સેનાની કરતાં, જ્ઞાનને વિસ્તૃત બનાવવા મથતા વિજ્ઞાની કરતાં કે ધ્રુવોના નવા નવા પ્રદેશોનું સંશોધન કરતા સાહસિક કરતાં કપરી હતી. એ જીવનકાર્ય તો માણસો સાથે ઈશ્વર માટેનું હતું ને ઈશ્વર સાથે માણસો માટેનું હતું.

કેટલી બધી વખત પ્રભુ ઈસુએ એ વાત ઉચ્ચારી છે. ''હું મારી પોતાની ઈચ્છા નહિ પણ જેણે મને મોકલ્યો છે તેની ઈચ્છા પૂરી કરવા આવ્યો છું.'' ''અનંતજીવન એ છે કે તેઓ તને એકલા ખરા દેવને તથા ઈસુ ખ્રિસ્ત જેને તે મોકલ્યો છે તેને ઓળખે. જે કામ કરવાનું તેં મને સોંપ્યું હતું તે પૂરું કરીને મેં તને મહિમાવાન કર્યો છે'' (યોહાન ૧૭ : ૩ - ૪) ઈશ્વરને આ દુનિયા ઉપર મહિમાવાન કરવો બાળકોને તેમના ઈશ્વરપિતાની સાચી ઓળખ કરાવવી એ પ્રભુ ઈસુનું જીવનકાર્ય હતું.

ઈસુ માણસોને માટે ઈશ્વર પાસે રજૂઆત કરવા પણ

આવ્યા હતા. માણસો માટે તે કેટકેટલી પ્રાર્થનાઓ કરે છે! માણસોને ઈશ્વર પાસે પાછાં લઈ જવાં, જે વિમુખ થઈ ગયાં હતાં તેમને ઈશ્વરપિતા સન્મુખ રજૂ કરવાં, માણસોને ઈશ્વર સાથેના સાચા જીવંત સંબંધમાં ફરીથી લાવવાં એટલે કે પતિત માણસોના ઉદ્ધારનો માર્ગ ખુલ્લો કરવો એ પણ ઈસુનું જીવનકાર્ય હતું. માણસોનાં પાપને કારણે તેઓ સેતાનની ભયંકર જંજીરોમાં નાગચૂડમાં ફસાઈ ગયાં હતાં, તેમને સાચી મુક્તિ આપવી એ પ્રભુ ઈસુનું કાર્ય હતું.

આથી જ શુભ શુક્રવારે આ શુભ કાર્ય પૂર્ણ થયેલું જોતાં પ્રભુ ઈસુ કહે છે કે "સંપૂર્ણ થયું" એ જીવનકાર્ય ઈશ્વરે સોંપેલું કાર્ય-પૂરું કરવા માટે, એ પ્યાલો પીવા માટે, તેમને પોતાના પવિત્ર લોહીથી આકરી કિંમત ચૂકવવી પડી તે પ્રભુ ઈસુ જાણે છે. આદમહવા અને ઈશ્વરપિતા વચ્ચે જે જીવંત સંબંધ હતો, મોઢામોઢ વાત કરવાનો વ્યવહાર હતો, તેનાં પાપ ને આજ્ઞાભંગને કારણે પડેલી ખાઈને પૂરવા માટે ઈસુ ખ્રિસ્ત પોતાનું શરીર ત્યાં મૂકી દે છે. આમ એ તૂટી ગયેલો સંબંધ કાલવરીના વધસ્તંભને કારણે ફરી જોડાઈ જાય છે. વધુમાં, પ્રભુ ઈસુ પોતાનું સ્વૈચ્છિક બલિદાન આપે છે. તે સ્પષ્ટ કહે છે કે "કોઈ મારી પાસેથી તે (મારું જીવન) લઈ લેતો નથી, પણ હું મારી મેળે (સ્વૈચ્છિક રીતે) તે આપું છું" (યોહાન ૧૦ : ૧૮) "અને જેઓ જીવે છે તેઓ હવે પછીથી પોતાને અર્થે નહિ પણ જે તેઓને માટે મરણ પામ્યો તથા ફરી સજીવન

થયો તેને અર્થે જીવે, માટે તે સર્વને વાસ્તે મરણ પામ્યો" (૨ કરિંથી ૫ : ૧૫)

કામ જેમ વધુ કઠિન અને લાંબા સમયનું તેમ જ તેને પૂરું કરવાનો સંતોષ વધારે. કોઈ મોટું કામ માથે લીધું હોય, જેમાં ઘણોબધો સમય, શ્રમ અને જીવનશક્તિ ખર્ચાયાં હોય તે સફળતાથી પૂરું થાય ત્યારે ખૂબ સંતોષ અને આનંદ મળે છે લેખક કોઈ મહાકથા લખવા બેઠો હોય, દા.ત. ટૉલ્સ્ટોયની **'War and Peace'** (યુદ્ધ અને શાંતિ) કે ગોવર્ધનરામની મહાનવલ 'સરસ્વતીચન્દ્ર' અને વર્ષોના પરિશ્રમ પછી તે કૃતિ પૂરી થાય ત્યારે લેખકને કેટલી મોટી રાહત થાય ! અમેરિકાનો કિનારો શોધ્યા પછી કોલંબસને અને ગુલામોની મુક્તિ અંગેનો કાયદો બ્રિટિશ પાર્લામેન્ટમાં પસાર કરાવ્યા પછી વિલિયમ વિલ્બરફોર્સને કેટલી બધી શાંતિ અને સંતોષ પ્રાપ્ત થયાં હશે! આ તો ખ્રિસ્તના મહાન વિજય સામે પહાડ આગળના તણખલા સમાન છે. ખ્રિસ્ત ગૌરવપૂર્વક પોતાના જીવન ઉપર દૃષ્ટિપાત કરીને કહે છે કે "સંપૂર્ણ થયું."

માત્ર જીવનકાર્ય જ અહીં પૂરું થાય છે એમ નહિ છેલ્લા કેટલાક દિવસો અને કલાકોથી વેઠેલી મહાવેદનાનો પણ અહીં અંત આવે છે તેથી ખ્રિસ્ત એમ પણ કહી શકે કે 'દુઃખસહન પણ પૂરું થયું.' પડછાયો જેમ માણસની સાથે જ હોય છે તેમ સિદ્ધિની સાથે જ દુઃખસહન પણ હોય જ છે. મોટે ભાગે તો છૂપાં આંસુ ને છૂપી વેદના મહાન સફળતાઓના સાથી બન્યાં

હોય છે. મહાન શિલ્પી માઈકલ એન્જેલોની જીવનકથાનું નામ છે. **Agony and Ecstacy**'તીવ્ર વેદના અને પરમાનન્દ'

પ્રભુ ઈસુનું જીવન પોતે જ વેદનાનું મહાકાવ્ય છે, કારણ, ખૂબ તીવ્ર વિરોધ વચ્ચે તેમને પોતાનું જીવનકાર્ય બજાવવું પડયું છે. તેમનો માર્ગ કયારેય પણ ગુલાબોની બિછાત ઉપરથી પસાર થયો નથી. કાંટાનો મુગટ હંમેશાં તેમની સાથે ને સાથે જ રહ્યો છે. જીવનમાં ડગલે ને પગલે તેમને વિરોધ સહન કરવો પડયો છે. એ તો ધર્મના પુનરોદ્ધાર માટે આવ્યા હતા છતાં કહેવાતા ધાર્મિક પુરુષો જ તેમના જીવના દુશ્મનો બને છે. તે દેશ અને તે સમાજમાં જે કંઈ પ્રભાવક બળો છે તે તેમની આડે આવે છે. રોમન મહાસત્તાનું પાશવી સત્તાબળ પણ તેમની સામે પડે છે. જાણે કે પૃથ્વી અને નર્કનાં બધાં જ બળો તેમને કચડી નાખવા, પરાસ્ત કરવા કટિબધ્ધ બને છે. વધસ્તંભ આગળ આ બધાં પાશવી બળોને થોડીક પળો પૂરતી સફળતા મળતી દેખાય છે. પરંતુ આ દુઃખસહન તો પ્રભુ ઈસુ માટે ઈશ્વરી યોજનાનો એક ભાગ છે. પ્રભુ ઈસુના દુઃખસહન દ્વારા જ ઈશ્વર મરણમાં થઈને જીવનમાં જવાનો માર્ગ ઉઘાડે છે. પોતાના દુઃખસહન દ્વારા એક નવી, પવિત્ર અને કલ્યાણકારી સૃષ્ટિ સર્જનમાં પ્રભુ ઈસુ પોતાનો પુણ્યશાળી ભાગ ભજવે છે અને વિજય મળતાં તે કહે છે 'સંપૂર્ણ થયું.' પ્રચંડ દુઃખ સહનનો પ્યાલો ક્ષણભર તો પોતાથી દૂર રહે એમ તે ગેથસેમાનેના બાગમાં ઈચ્છે છે છતાં પરમ આજ્ઞાધીન પુત્ર

તરીકે તરત જ ઉમેરે છે. ''તેમ છતાં મારી ઈચ્છા પ્રમાણે નહિ પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ.''

વધસ્તંભ ઉપર આ પ્યાલો છેલ્લી વખત તેમના હાથમાં મૂકવામાં આવે છે. આ પ્યાલો તો કાળા, કડવા, વેદના અને મૃત્યુના ઝેરી પ્રવાહથી ભરેલો છે. છતાં પ્રભુ ઈસુ બડબડાટ કરતા નથી, આનાકાની કરતા નથી, પણ પિતાની ઈચ્છાને માન આપી ગટગટાવી જાય છે. પછી તે પેલો પ્યાલો ફેંકી દે છે અને વિજેતાની મુદ્રાથી રણહાક પાડે છે. ''સંપૂર્ણ થયું'' અને પૃથ્વીની સાથે આકાશના દૂતો પણ પડઘો પાડે છે, ''સંપૂર્ણ થયું.'' સંપૂર્ણ જીવન, સંપૂર્ણ આજ્ઞાધીનતા, સંપૂર્ણ બલિદાન અને સંપૂર્ણ ઉદ્ધાર.

## છઠ્ઠી વાણી

પ્રભુ ઈસુની પાંચમી વાણીમાં આપણે સાંભળ્યું હતું કે તેમણે કહ્યું, ''મને તરસ લાગી છે.'' વધસ્તંભ પાસે સરકાથી ભરેલું એક વાસણ મૂકેલું હતું. કોઈક રોમન સિપાઈએ એક વાદળી સરકાથી ભરીને જુફા પર મુકીને પ્રભુ ઈસુના મોં આગળ ઘરી હતી.

પ્રભુ ઈસુએ એક ખાસ હેતુથી સરકો લીધો હતો. પહેલાં આપણે તે વાતની સમજણ મેળવી લઈએ. જ્યાં સુધી તેમના હોઠ અને ગળાનું સુકાપણું દૂર ન થાય ત્યાં સુધી તેમના મુખમાંથી સાફ, સ્પષ્ટ અને ઊંચો સ્વર નીકળી શકતો નહોતો.

સરકો લીધા પછી તેમનામાં ચેતના આવી અને તેમણે મોટા અવાજે કહ્યું "સંપૂર્ણ થયું" (યોહાન ૨૯ : ૩૦)

જે કાર્ય માટે તેમણે આ પૃથ્વી પર માનવીદેહ ધારણ કર્યો હતો. એટલે આપણા ઉદ્ધાર માટે, આપણા પાપનું નિવારણ કરવા માટે આ તેમના આગમનનો હેતુ હતો.આ યોજના, આ કાર્ય સંપૂર્ણ થયું હતું.

મસીહ સંબંધી કહેવામાં આવેલી જૂના કરારની ભવિષ્યવાણીઓ પૂરી થઈ હતી અને ભવિષ્યવાણી પ્રમાણે પાપની શિક્ષા સંપૂર્ણપણે ભોગવવામાં આવી હતી.

કાંઈ પણ અધૂરું રાખવામાં આવ્યું નહોતું.

જ્યારે કોઈપણ વ્યક્તિ પોતાના કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરે છે ત્યારે તેમના મુખ દ્વારા જયજયકાર, આનંદ ખુશીનો અવાજ નીકળે છે. "સંપૂર્ણ થયું" એક વિજયનો પોકાર હતો. તે દુઃખ અને વેદનામાં મરણ પામતી વ્યક્તિનો પોકાર નહોતો. માનવજાતના ઉદ્ધારનું કાર્ય સંપૂર્ણ થયું હતું.

પ્રભુ ઈસુએ પોતાના પૂરા સામર્થ્યમાં, ઊંચા સ્વરે જાહેર કર્યું, "સંપૂર્ણ થયું."

ગ્રીક ભાષામાં "તેતેલેસામઈ" શબ્દનો અર્થ "સંપૂર્ણ થયું" થાય છે. આ શબ્દ વેપારીઓ, દુકાનદારોના વિનિમયનો શબ્દ હતો. વેપારમાં આ શબ્દનો ઉપયોગ થતો હતો. જ્યારે કોઈ વ્યક્તિ ઉછીનું લેતો હતો અને તે ઉછીનું પાછું આપવા આપતો અને તેનું દેવું પૂરું ચુકવાઈ જતું ત્યારે ઉછીનું આપનાર

અને ઉછીનું લેનાર બંને એક કરાર ઉપર સહી કરીને લખતા હતા કે "સંપૂર્ણ થયું છે" ઉછીનું ચૂકવાઈ ગયું છે.

સર્વ પ્રકારના પાપ ઈશ્વરની વિરુધ્ધ અમારું દેવું છે. જયાં સુધી આપણા દેવા કે કરજની કિંમત પૂરેપૂરી ભરપાઈ કરવામાં ન આવે ત્યાંસુધી ઈશ્વર આપણો સ્વીકાર કરી શકતા નથી.

જૂના કરારમાં પશ્ચાતાપ કે કબૂલાત કરવાના સમયે પાપોની કિંમત ચૂકવવા માટે પશુઓનું બલિદાન ચઢાવવામાં આવતું હતું.

યોહાન બાપ્તિસ્મીએ પોતાના શિષ્યોને કહ્યું હતું, "જુઓ ઈશ્વરનું હલવાન કે જે જગતનું પાપ હરણ કરે છે."

સંત પાઉલે રોમમાં આવેલી મંડળીને આ સત્યની રજુઆત આ પ્રકારે કરી હતી : "કારણ કે સઘળાએ પાપ કર્યું છે અને ઈશ્વરના મહિમા વિશે સઘળા અધૂરા રહે છે ; પણ ઈસુ ખ્રિસ્તથી જે ઉદ્ધાર છે, તેની મારફતે (ઈશ્વરની) કૃપાથી તેઓ વિનામૂલ્ય ન્યાયી ગણાય છે." (રોમન ૩ : ૨૩ - ૨૪) આ નિવારણ મસીહ ઈસુમાં છે જેમને ઈશ્વરે મનુષ્યના પાપનું નિવારણ કરવા માટે એક માધ્યમ બનાવ્યા હતા. આ પાપનું નિવારણ ઈસુના મૃત્યુ દ્વારા પૂર્ણ થયું હતું અને આ ખાતરી ઈસુ મસીહ પર વિશ્વાસ કરવા દ્વારા સમગ્ર માનવજાતના પાપની કિંમત ચૂકવી હતી. કિંમત ચૂકવી આપ્યા પછી પ્રભુ ઈસુ વિજય અને સફળતા સાથે કહી શકે, "સંપૂર્ણ થયું" કારણ કે પાપની કિંમત તેમણે સંપૂર્ણપણે ચૂકવી આપી હતી.

(૪) પ્રભુ ઈસુએ પોતાની ધર્મસેવાની શરૂઆતમાં ગીરીપ્રવચનમાં આપણને શીખવ્યું હતું ''સલાહ કરાવનારાઓને ધન્ય છે ; કેમ કે તેઓ ઈશ્વરના દીકરા કહેવાશે.'' (માથ્થી ૫:૯)

કાલવરીની ટેકરી ઉપર પ્રભુ ઈસુએ પોતાના જીવનનું બલિદાન આપીને મનુષ્ય અને ઈશ્વરની વચ્ચે આ શાંતિ સ્થાપન કરી હતી અને તે ઈશ્વરના દીકરા કહેવાયા હતા. તે પૂર્ણ વિજય સાથે કહેવાને સમર્થ છે. ''સંપૂર્ણ થયું.''

પરંતુ આજના દિવસોમાં શું બની રહ્યું છે ? શક્તિ, તાકાત, હિંસા મનુષ્યના લક્ષણ તરીકે માનવામાં આવે છે... નમ્રતા દીનતા મનુષ્યની લાચારી માનવામાં આવે છે. સંઘર્ષ આપણો મુદ્રાલેખ બની ગયો છે.. હડતાલ, બોમ્બ, તોફાનો... આપણે પ્રેમ-શાંતિના શબ્દો બોલવાનું ભૂલી ગયા છીએ. ધૃણા, આક્રોશના અંધકારમાં શાંતિનો પ્રકાશ લોપ થઈ ગયો છે. આપણા દેશનું આ દુર્ભાગ્ય છે કે પાછલા પચાસ વર્ષોમાં આપણને એક ક્ષણ શાંતિનો અનુભવ થયો નથી. કેટલીક વખત કોમી ઝઘડાઓ તો કેટલીક વખત સંપ્રદાયોના વિખવાદો.

શાંતિના રાજકુમાર એવા ઈસુના જન્મ સમયે સ્વર્ગદૂતોએ ગીત ગાયું હતું. ''પરમ ઊંચામાં ઈશ્વરને મહિમા થાઓ, તથા પૃથ્વી પર જે માણસો વિશે તે પ્રસન્ન છે, તેઓને શાંતિ થાઓ.''

પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું હતું, ''તમે એકબીજા

સાથે શાંતિનો વ્યવહાર કરો અને અન્ય વ્યક્તિના ઘરમાં પ્રવેશ કરો ત્યારે તેઓને શાંતિનો આશીર્વાદ આપો અને તે ઘરમાં શાંતિ રહેશે.''

પરંતુ પ્રભુ ઈસુના સમયના લોકોએ તથા આપણે પણ પ્રભુ ઈસુની આ શિક્ષણની સમજણ મેળવી હતી અને તેનું આચરણ કર્યું નહોતું. પ્રભુ ઈસુએ યરુશાલેમના રહેવાસીઓને સંબોધન કરીને કહ્યું હતું. ''જો તેં, હા તેં, (તારી) શાંતિને લગતાં જે વાના છે તેં આજે જાણ્યાં હોય તો કેવું સારું !''

ગુરુવારની પવિત્ર રાત્રીએ ગેથસેમાની વાડીમાં જ્યારે પિતરે મુખ્ય યાજકના નોકરનો કાન તરવારથી કાપી નાખ્યો હતો ત્યારે પ્રભુ ઈસુએ તેને ઠપકો આપીને કહ્યું હતું કે, ''જે તલવાર લે છે તે તલવારથી જ મરણ પામે છે.''

બીજા દિવસે જે વ્યક્તિ શાંતિનો સંદેશ આપવાને આવ્યા હતા, જેમણે જગતમાં શાંતિ, સ્થાપન કરવા માટે યુદ્ધ સંઘર્ષનો ત્યાગ કર્યો હતો તેવા તેમને વધસ્તંભ પર જડવામાં આવ્યા, તોપણ તેમના બલિદાન દ્વારા તેમણે શાંતિની સ્થાપના કરી અને જાહેર કર્યું, ''સંપૂર્ણ થયું.'' શું સંપૂર્ણ થયું ? પાપની વિરુધ્ધનું યુદ્ધ ભૂંડાઈની વિરુધ્ધનું. યુદ્ધ ઈશ્વર સાથે આપણો સંબંધ ફરીથી પુનઃસ્થાપિત થયો ઈશ્વર સાથે આપણો જે સંબંધ ખંડિત થયો હતો તે ફરીથી સ્થાપિત થયો હતો.

(૫) તોપણ પ્રભુ ઈસુની આ શાંતિ અને આ જગતની શાંતિ બંનેમાં એક સરખાપણું નથી. પ્રભુ ઈસુએ ગુરુવારે પ્રભુ-

ભોજન લીધું તે સમયે પોતાના ઉપદેશમાં આ વાત તેમણે સ્પષ્ટ કરી હતી. "હું તમને જે શાંતિ આપું છું તે આ જગત આપી શકતું નથી. હું મારી પોતાની શાંતિ તમને આપું છું. તમને શાંતિ મળે માટે આ વચનો મેં તમને કહ્યાં છે. આ જગતમાં તમને સંકટ છે. પરંતુ હિમ્મત રાખો ; મેં જગતને જીત્યું છે. પ્રભુ ઈસુએ આ જગતની અશાંત પરિસ્થિતિમાં કેવી રીતે વિજય પ્રાપ્ત કર્યો ? પોતાના બલિદાન દ્વારા શાંતિ સ્થાપન કરવા કિંમત ચૂકવવાની જરૂર છે. કિંમત ચૂકવવા કોણ તૈયાર છે !"

પ્રભુ ઈસુની વાત સ્પષ્ટ કરવા માટે હું એક ઉદાહરણ આપીશ.

આ એક કવિ હૃદયવાળા પાદરીસાહેબની વાત છે. તેમણે લખ્યું છે. "હું શહેરની ભાગદોડથી બચાવ પામીને આ ગામના એક નાના પાર્સનેજમાં એકલો શાંત વાતાવરણમાં સુખ-સગવડ ભર્યું જીવન વિતાવતો હતો ત્યારે અચાનક એક રાત્રે કોઈક વ્યક્તિની વેદના-દુઃખનો અવાજ સાંભળીને હું જાગી ઊઠયો હતો. તેની વેદના-દુઃખનો અવાજ એવો અસહય હતો કે હું પોતાની પથારીમાં સૂઈ શકતો નહોતો. હું મારા ઘરની બહાર આવ્યો હતો અને જે તરફ અવાજ આવતો હતો તે દિશામાં આગળ વધ્યો હતો, મેં જોયું તો, ખુલ્લા મેદાનમાં એક વધસ્તંભ ઉપર એક વ્યક્તિને લટકાવવામાં આવી છે અને અસહય દુઃખ-વેદનાથી તે કણસતો હતો. મેં તેને કહ્યું, "હું

તને નીચે ઉતારીશ.'' ''ના ભાઈ, તમે મને એકલા ઉતારી શકતા નથી. તમારે ગામના સર્વ લોકોની, સ્ત્રી-પુરુષ, બાળકો-વૃધ્ધો બધાની સહાયથી મને ઉતારવો પડશે.'' ''તો હું શું કરું? હું તમારું આ અસહય દુઃખ જોઈ શકતો નથી.'' ''તમે ગામમાં પાછા જાઓ અને પ્રત્યેક વ્યક્તિને જણાવો કે એક માણસને વધસ્તંભ ઉપર જડવામાં આવ્યો છે.''

પ્રભુ ઈસુની શાંતિ સર્વ સમજશક્તિની બહાર છે તે ન્યાય, પ્રેમ પર આધારિત હોય છે... ઈશ્વર પ્રત્યે પ્રેમ અને પોતાના પાડોશીઓ પ્રત્યે પ્રેમ જે લોકો પ્રભુ ઈસુની આ શાંતિની સ્થાપના કરે છે, જે દરેક શહેર, સમાજ, દેશમાં શાંતિના સંદેશનો ફેલાવો કરે છે તેઓ આશીર્વાદિત છે. એવા લોકોને જ ઈશ્વરના બાળકો કહેવામાં આવે છે.

“હમણાં લગભગ બપોર થયા હતા, અને ત્યારથી ત્રીજા પહોર લગી (બપોરના ત્રણ વાગ્યા સુધી) સૂર્યનું તેજ ઘેરાઈ જવાથી આખા દેશમાં અંધકાર છવાઈ રહ્યો. વળી, મંદિરનો પડદો વચમાંથી ફાટી ગયો. ઈસુએ મોટી બૂમ પાડીને કહ્યું કે, “ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું.”

(લૂક ૨૩ : ૪૪ - ૪૬)

## (૯) વધસ્તંભ ઉપરનું સાતમું વચન

પિતાની આજ્ઞા લઈને માણસોને પિતાનો પરિચય કરાવવા આવેલા પ્રભુ ઈસુએ પિતાનું નામ લઈને પ્રાણ છોડયા. મૃત્યુ પામતા માણસોના બધા અંતિમ શબ્દો મહત્વના હોય છે, પરંતુ છેક છેલ્લા વાક્યને ખાસ મહત્વ આપવામાં આવે છે. કેવી રીતે મૃત્યુનો સ્વીકાર કરવો એ જાણવું માણસને માટે ખૂબ જરૂરી છે, અને પ્રભુ ઈસુનો નમૂનો આપણે માટે એક વિશિષ્ટ માર્ગદર્શક સ્તંભ ને પ્રેરણા આપનાર બની રહે છે. તેમાં માત્ર કેવી રીતે મૃત્યુને ભેટવું તેની કલાનું શિક્ષણ નથી, તેમાં તો જીવન જીવવાની કલા પણ સમાયેલી છે.

પ્રભુ ઈસુનું અંતિમ વચન એ પ્રાર્થના છે. તેમનાં બધાં જ અંતિમ વચનો કંઈ પ્રાર્થના નથી. એક મરતા ચોરને અનુલક્ષીને છે. એક તેની મા ને વહાલા શિષ્ય અંગે છે, એક તેમને વધસ્તંભે જડનાર સૈનિકો વિશે છે; પરંતુ તેમના અંતિમ કલાકો જરૂર પ્રાર્થનામાં વીત્યા હશે તે નિઃશંક છે. મૃત્યુ પહેલાંની ઘડીઓની એકમાત્ર ભાષા છે પ્રાર્થના; કારણ, તેમનામાંના બધા જ પ્રવાહો હવે ઈશ્વર તરફ વહેતા હતા. માત્ર હોઠ ઉપર નહિ પરંતુ હૈયામાં અને સમગ્ર અસ્તિત્વમાં પ્રાર્થનાનું એક મોજું ફરી વળ્યું હતું.

પ્રાર્થના તો બધા જ સમયો અને પ્રસંગો માટે યોગ્ય છે, પરંતુ અમુક પ્રસંગો માટે તે વિશેષરૂપે જરૂરી હોય છે. દિવસ પૂરો થાય છે અને આપણે ઊંઘ પાસે જઈએ છીએ ત્યારે-અને

ઊંઘ પોતે જ મૃત્યુની એક નાનકડી આવૃત્તિ કે પ્રતિમારૂપ હોવાથી - અત્યંત સ્વાભાવિકતાથી આપણાં મનોમાં પ્રાર્થના ઉપસી આવે છે, અને આપણે પ્રાર્થના કરીએ છીએ, ભયાનક વિપત્તિની પળોમાં દા.ત. કોઈ વિમાની અકસ્માતમાં કે વહાણ ડૂબવાની પળોમાં આખો સમૂહ ઘૂંટણે નમે છે. પ્રભુભોજનમાં સહભાગી થતી વખતે, એ ગંભીર પળોમાં, ભાગ લેનાર પ્રત્યેક વિચારશીલ વ્યક્તિ અનિવાર્ય રીતે પ્રાર્થનામાં ડૂબેલી હોય છે. પરંતુ આ બધા કરતાં મૃત્યુની પથારી ઉપર પ્રાર્થના વધુ સ્વાભાવિક છે. જે કંઈ દુન્યવી છે તે બધું સ્વજનો અને સ્નેહી મિત્રો, મિલકત, નોકરી કે ધંધો, ઘર ને કુટુંબની સુખસગવડો અને આ પૃથ્વીનો હૂંફાળો ખોળો આ બધાંનો આપણે ત્યાગ કરીએ છીએ ત્યારે આપણે ખૂબ સ્વાભાવિકતાથી ઈશ્વરને ચરણે નમીએ છીએ.

એ સાથે એ પણ નોંધવું રહ્યું કે ઈશ્વરની હાજરી વિનાની મૃત્યુશૈયા એ એક આઘાતજનક દૃશ્ય હોઈ શકે, પણ એવાં- ઈશ્વરની હાજરી કે ઉપસ્થિતિ વિનામાં મૃત્યુ ઘણાં હોય છે એવા માણસના મનના વિચારો કે પ્રવાહો ઈશ્વર તરફ વહેવાને બદલે પોતા તરફ કે જગતનાં ભૌતિક વાનાં તરફ વહેતા હોય છે. પ્રભુ ઈસુને માટે પ્રાર્થના તો જીવનની ભાષા હતી, તેથી જ પ્રાર્થનાના પ્રકાશમાં તે ઈશ્વર તરફ નિહાળે છે અને ઈશ્વરના પ્રેમાળ મુખનો પ્રકાશ તેમના મરણની અંતિમ પળોને પરમોજ્જવલ બનાવી દે છે.

પ્રભુ ઈસુનું અંતિમવચન પણ પવિત્રશાસ્ત્રમાંથી લેવામાં આવ્યું છે. ગીતશાસ્ત્ર ૩૧ : ૫ "હું તારા હાથમાં મારો આત્મા સોંપું છું "મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ?" એ વચન પણ શાસ્ત્રમાંથી જ લેવામાં આવ્યું છે. પ્રાર્થનાની જેમ પવિત્ર શાસ્ત્રનાં વચનો પણ વારેવારે પ્રભુ ઈસુના મનમાં આવ્યા કરે છે. જિંદગીની મહત્વની કે નિર્ણાયક પળોમાં પ્રભુનાં વચનો કેટલા બધાં આશ્વાસનદાયક ને ઉત્તેજનદાયક થઈ પડે છે ! ગીતશાસ્ત્રનાં વચનો તો જાણે તેના લેખકના જીવન ને રક્તથી લખાયેલાં છે, ને તેમાં દાઉદના અનુભવોનું નવનીત છે.

પ્રભુ ઈસુને માટે પવિત્ર શાસ્ત્ર તો શ્વાસ ને પ્રાણ જેવું હતું. બાલ્યકાળથી તે એના અભ્યાસી રહ્યા હતા. ઘણાં ઘણાં વચનો તેમને મોઢે હતાં, ને તેથી તેમના ઉપદેશમાં ઠેરઠેર એ વચનોના પડઘા સંભળાય છે. લગભગ દરેક પ્રસંગે સેતાનની કસોટીઓના ને પ્રશ્નોના ઉત્તરોમાં તેમણે શાસ્ત્રવચનો પ્રબોધ્યાં છે. પ્રભુનાં વચનો પ્રભુ ઈસુના માત્ર સ્મરણપટ ઉપર નહિ પરંતુ હૃદયપટ પર પણ લખાયેલાં છે.

ગીતશાસ્ત્રના વચનમાં પ્રભુ ઈસુ આરંભમાં "હે બાપ" એ સંબોધન ઉમેરે છે ને વાક્યનો બીજો ભાગ "હે યહોવા, સત્યના દેવ, તેં મારો ઉદ્ધાર કર્યો છે" એ ભાગ તે પડતો મૂકે છે. "હે બાપ" એ શબ્દોથી તે જૂના શાસ્ત્રવચનમાં એક નવું ને મહત્વનું પરિમાણ ઉમેરે છે. સંત સ્તેફન, ખ્રિસ્તી જગતના

પ્રથમ શહીદ, પણ મૃત્યુની અંતિમ પળોમાં પ્રભુ ઈસુની પ્રાર્થનાને સ્મરણમાં લાવે છે, પણ તેમાં ફેરફાર કરી કહે છે કે, ''ઓ પ્રભુ ઈસુ, મારા આત્માનો અંગીકાર કર.''

પ્રભુ ઈસુના વધસ્તંભ ઉપરના સાતમા વચનમાં એ પણ નોંધવું રહ્યું કે (૧) ઈસુ ખ્રિસ્ત પોતાના મૃત્યુની ચોક્કસ ક્ષણ પોતે પસંદ કરે છે, (૨) પોતાનો આત્મા ક્યાં જશે તે પણ પોતે નક્કી કરે છે.

દુષ્ટ હાથોએ પ્રભુ ઈસુને વધસ્તંભે જડી દીધા હતા. દુષ્ટ હાથોએ પ્રભુ ઈસુને મારી નાખ્યા હતા. પરંતુ દુષ્ટોના હાથ ઉપરાંત ઈશ્વરના હાથ પણ ત્યાં હતા. અને અંતિમ પળોમાં એ જ ઈશ્વરના હાથમાં ઈસુ ખ્રિસ્ત પોતાનો આત્મા સોંપી દે છે. એ પણ નોંધવું રહ્યું કે ઈસુ ખ્રિસ્ત પોતાનું શરીર કે મન પોતાના પિતાને સોંપતા નથી. તે તો માત્ર આત્મા સોંપે છે, કારણ, આત્મા જ વધુ મહત્વનો છે. પાપી માણસો ઈસુના શરીરને વધસ્તંભે જડી શકયા, તેમના તનમનને પીડા આપી શકયા પણ તેમના આત્માને કશું જ કરી શકયા નહિ. એ અમૂલ્ય ને અનંત આત્મા તે ઈશ્વર પિતાના હાથમાં સોંપે છે.(અંગ્રેજીમાં **Spirit**-શબ્દ છે. જેનો અર્થ આપણાં ભાષાંતરમાં 'આત્મા' કર્યો છે, રોમન કેથોલિક તરજુમામાં 'પ્રાણ' કર્યો છે.) આ પ્રાણ તે શું છે? એ તો આપણા વ્યક્તિત્વનો સૌથી સુંદર, સૌથી ઊર્ધ્વ ને સૌથી પવિત્ર ભાગ છે. આપણી સાદી ભાષામાં આપણે તેને આત્મા (**soul**)

કહીએ છીએ.છોડને માટે જેમ ફૂલ ને છીપને માટે જેમ મોતી તેમ આપણા વ્યક્તિત્વ માટે 'પ્રાણ'નું મહત્વ. આપણી અંદર રહેલો એ પ્રાણ કે આત્મા જ વિશિષ્ટ રીતે ઈશ્વરની અને અનંતતાની નજદીક છે. પાપ એ પ્રાણ કે આત્માને જ ભ્રષ્ટ કરવા માગે છે ને આપણા આત્મિક શત્રુઓ તેનો નાશ કરવા માગે છે. મૃત્યુમાં તો એ આત્મિક શત્રુઓ એટલે પાપ, સેતાન વગેરે ખાસ સક્રિય હોય છે, કારણ કે માણસને પાડવાની એ જ તો તેમને માટે છેલ્લી તક છે.

ઈસુ જાણતા હતા કે હવે તેઓ અનંતતાના પ્રયાણેપ્રવાસે ઉપડવાના હતા. તેથી પેલાં દુષ્ટ તત્વોના હાથમાંથી પોતાના આત્માને ઉપાડીને તે ઈશ્વરના પવિત્ર ને સમર્થ હાથોમાં સોંપે છે. ત્યાં પ્રાણ કે આત્મા સલામત છે. એક પ્રાચીન ભવિષ્યવચનમાં ઈશ્વર પોતાના સેવકને કહે છે કે "મેં મારા હાથની છાયામાં તને સંતાડયો છે." આમ બધા દશ્ય અને અદશ્ય શત્રુઓના હાથમાંથી છૂટીને પ્રભુ ઈસુ ઈશ્વરના સનાતન ને સમર્થ હાથોની છાયામાં પોતાના આત્માને સોંપે છે.

જે રીતે પ્રભુ ઈસુ પોતાનો આત્મા ઈશ્વરપિતાને સોંપે છે તેથી સ્પષ્ટ થાય છે કે તે ફરીથી પાછો મેળવવાની આશામાં તે સોંપે છે. જાણે કે એક સુરક્ષિત લોકર જેવા સલામત સ્થળે તે તેને ડિપોઝિટ કરે છે (મૂકે છે), જયાંથી મૃત્યુની કટોકટી પૂરી થાય તે પછી તે પાછો મેળવી લે. પાઉલ,

તિમોથી ૧ : ૧૨ માં લખે છે કે "એ કારણથી હું એ દુઃખો સહન કરું છું; તોપણ, હું શરમાતો નથી. કેમ કે, જેના પર મેં વિશ્વાસ કર્યો તેને હું ઓળખું છું અને મને ભરોસો છે કે, તેને સોંપેલી મારી અમાનત (થાપણ) તે દહાડા સુધી સાચવી રાખવાને તે શક્તિમાન છે." "તે દહાડે" એ શબ્દોનો અર્થ જેમ સંત પાઉલના તેમ પ્રભુ ઈસુના મનમાં પણ સ્પષ્ટ છે. તેથી જ એ આત્મા પાછો મેળવવાનો દિવસ ધ્યાનમાં રાખી ઈસુ કહે છે કે, "હે બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું." મૃત્યુ એ ભલે આત્મા ને શરીરને છૂટાં પાડી દે, પરંતુ એ છૂટા પડેલા ભાગોને ફરી જોડવાનો દિવસ પ્રભુ ઈસુ જાણે છે.

મરતા માણસને માટે તો સૌથી ગંભીર પ્રશ્ન તો આ છે કે "જો માણસ મરી જાય તો શું ફરીથી જીવી શકે ? શું તેના અસ્તિત્વ (**being**) ના બધા જ અંશો નાશ પામે છે ? શું તે અનંતકાળ માટે મૃત્યુ પામે છે ? કેટલાક કહે છે કે મન એ તો પદાર્થનું જ એક રૂપ છે ને શારીરિક તત્વો નાશ પામતાં નથી પણ ભૌતિક દુનિયામાં તે ભળી જાય છે. કેટલાક કહે છે કે શરીર ધૂળમાં ભળી જાય છે પરંતુ મન એ તો અસ્તિત્વના દરિયામાં પાછું મળે છે, ને દરિયામાંના પાણીના ટીપાની જેમ વ્યક્તિત્વનો અંત આવે છે ને તત્વોનું પુનર્મિલન થતું નથી.

પરંતુ આપણામાં રહેલી શુભતા ને પવિત્રતા આવા મતોની સામે પડકાર ફેંકે છે ને દુનિયાના સૌથી ઉત્તમ તત્વચિંતકોએ આત્માની અમરતા વિશે લખ્યું છે. છતાં, તેમના

વિચારો પણ ધૂંધળા કે અસ્પષ્ટ લાગે છે. આપણે તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે જ જવું જોઈએ. તેમની પાસે જ અનંતજીવનના શબ્દો છે. અનંતજીવન વિશે માત્ર તેમણે જ ભારપૂર્વક ને અત્યંત વિશદતાથી કહ્યું છે અને તેમનું આ અંતિમ વચન અનંતજીવનમાંના તેમના પ્રચંડ વિશ્વાસને પ્રગટ કરે છે. તે પોતે જ આપણું શાશ્વત કે અનંતજીવન છે. આપણને પ્રભુ ઈસુથી કે તેમના પ્રેમથી દુનિયાની કોઈ તાકાત વિખૂટાં પાડી શકશે નહિ (રોમનો ૮ : ૩૫) તેમણે જ કહ્યું છે કે "પુનરુત્થાન તથા જીવન હું છું." "હું જીવું છું, માટે તમે પણ જીવશો."

"હું જાણું છું કે મારો ઉદ્ધારનાર જીવે છે," કારણ કે, પ્રભુ ઈસુએ કહ્યું જ છે કે "જુઓ, જગતના અંત સુધી હું તમારી સાથે છું," તેથી જ સંત પાઉલ કહી શકે છે કે, "હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો છું. હવેથી હું જીવતો નથી, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે." પ્રભુ ઈસુ કહે છે કે, "પુનરુત્થાન તથા જીવન હું છું, જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તોપણ જીવતો થશે; અને જે કોઈ જીવે છે ને મારા પર વિશ્વસ રાખે છે તે કદી મરશે જ નહિ" (યોહાન ૧૧ : ૨૫ - ૨૬)

જહોન હ્યુસને વધસ્થાને લઈ જવાતો હતો ત્યારે તેના દુશ્મનોએ તેના માથા ઉપર સેતાનોનાં ચિત્રો દોરીને મૂકયાં હતાં. છતાં, તે પ્રભુ ઈસુના જ શબ્દોમાં પ્રાર્થના કરીને મરણને ભેટયો. પૉલિકાર્પ, પ્રાગના જેરોમી, માર્ટિન લ્યૂથર ને બીજા

ઘણા આ શબ્દો ઉચ્ચારીને જ મરણ પામ્યા. શુભ શુક્રવારે સૂર્યે ભલે પ્રકાશવાનો ઇન્કાર કર્યો, પણ ઈસ્ટરનો સૂર્ય કદી આથમતો જ નથી.

## સાતમી વાણી

"હે પિતા, હું મારો આત્મા તારા હાથમાં સોંપુ છું" (લૂક ૨૩ : ૪૬)

"જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ દિલાસો પામશે." (માથ્થી ૫ : ૪)

(૧) "સંપૂર્ણ થયું" તે (તેલેસ્તઈ) કરજ કે દેવું સંપૂર્ણપણે ભરપાઈ કરવામાં આવ્યું હતું. સમગ્ર માનવજાતના સર્વ પાપોની ક્ષમા મસીહે પોતાનું બલિદાન આપીને દેવું ચૂકવી આપ્યું હતું.

આ શબ્દો ઉચ્ચારીને પ્રભુ ઈસુએ પોતાના પિતા - ઈશ્વરને આ અંતિમ પ્રાર્થના કરી : "હે પિતા, હું મારો આત્મા તારા હાથમાં સોંપુ છું." એમ કહીને તેમણે પ્રાણ છોડયો હતો.

પ્રભુ ઈસુની પાસેથી કોઈપણ વ્યક્તિએ તેમનો પ્રાણ છીનવી લીધો નહોતો પરંતુ તેમણે પોતે પોતાની ઇચ્છાથી પ્રાણ આપી દીધો હતો. પ્રભુ ઈસુએ પોતે આ પ્રમાણે કહ્યું હતું. યોહાન ૧૦:૧૭-૧૮માં નોંધવામાં આવ્યું છે : "પિતા મારા પર પ્રેમ કરે છે કારણ કે હું મારો જીવ આપું છું કે હું તે પાછો લઉં. કોઈ મારી પાસેથી તે લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું; તે આપવાનો મને અધિકાર છે, અને

તે પાછો લેવાનો પણ મને અધિકાર છે ; એ આજ્ઞા મારા પિતા તરફથી મને આપવામાં આવી છે."

આ રીતે પ્રભુ ઈસુ પોતાના મૃત્યુ ઉપર સંપૂર્ણ અધિકાર ધરાવતા હતા, જેવી રીતે પુનરુત્થાન પર તેમનો સંપૂર્ણ અધિકાર હતો.

મૃત્યુ ધીમા ડગલા ભરીને ઈસુની પાસે આવ્યું નહોતું પરંતુ પ્રભુ ઈસુ પોતે મૃત્યુ પાસે ગયા હતા.

મૃત્યુએ પોતાનો દરવાજો પ્રભુ ઈસુ માટે ખોલ્યો નહોતો પરંતુ પ્રભુ ઈસુએ આગળ વધીને મૃત્યુનો દરવાજો ખુલ્લો કર્યો હતો કારણ કે તે જાણતા હતા કે તે પોતે કઈ જગ્યાએ જઈ રહ્યા છે. સ્વર્ગમાંથી આવેલા રાજા તેત્રીસ વર્ષ પછી પોતાના સ્વર્ગના રાજ્યમાં પાછા જઈ રહ્યા હતા. પિતાથી દૂર થએલો એકનો એક પુત્ર પિતાની પાસે પાછો જઈ રહ્યો હતો. મહાન યોધ્ધા, જેમના બંને હાથોમાં ખીલાના ઘા હતા, જેમના માથા પર કાંટાનો મુગટ હતો જેમના પગોમાં મોટા મોટા ખીલાના ઘા હતા, કૂખમાં ભાલાનું નિશાન હતું. શેતાન ઉપર સંપૂર્ણ વિજય મેળવ્યો હતો તેમાં પ્રભુ ઈસુ પોતાના સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કરી રહ્યા હતા.

એક નક્ષત્ર, એક તારો, જેને તેત્રીસ વર્ષ અગાઉ પૃથ્વીને ઈશ્વરના પ્રેમથી પરમેશ્વરની ક્ષમાના સંદેશાથી પ્રકાશિત કરવા માટે મોકલવામાં આવ્યો હતો તે હવે પોતાને મોકલનારની પાસે પાછો જઈ રહ્યો હતો. આ કારણને લીધે ઈસુનું મરણ

આપણા માટે શોકનું કારણ નથી. ઈસુએ પોતાની ધર્મસેવાના પ્રારંભમાં ગીરી પ્રવચનમાં કહ્યું હતું, “જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે કેમ કે તેઓ દિલાસો પામશે. (માથ્થી ૫:૪) આપણો શોક દેખાવનો છે, આપણો ઉપવાસ શાસ્ત્રીઓ, ફરોશીઓ જેવો છે. આપણા શોકમાં પશ્ચાતાપની ભાવના છે કે આપણા પાપ માટે ઈશ્વરને પોતાના એકના એક પુત્રને વધસ્તંભ ઉપર ચઢાવવાની અગત્યતા જણાઈ.”

(૨) જગત માટે શોક કરવો તે સારી વાત નથી. તે એક પ્રકારનો શાપ , કોપ માનવામાં આવે છે. જગતના લોકો માટે ખાઓ, પીઓ, મઝા કરો કારણ કે કાલે તો મરણ પામવાનું છે. આ તેમનું જીવન-ધોરણ છે. પરંતુ આપણો આનંદ જુદા જ પ્રકારનો છે. આપણે બીજાઓના આંસુ લૂછવામાં પોતાનો આનંદ માનીએ છીએ, પોતે ભૂખ વેઠીને બીજાને ખોરાક આપીએ છીએ.

જ્યારે મધર ટેરેસાને ભારતરત્નથી સન્માનીત કરવામાં આવ્યા હતા ત્યારે તે સંસદ ભવનમાં ગયા હતા. સંસદમાં બંને ગૃહના સંસદ સભ્યો ભેગા મળ્યાં હતાં. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ વડાપ્રધાન પણ હાજર હતા. તે સમયે કોઈક સંસદ સભ્યએ મધર ટેરેસાને પ્રશ્ન પૂછયો, “મધર, એક વાત અમને જણાવો અમારી પાસે આધુનિક દવાખાનાનું મકાન છે. તાલીમ પામેલા ડોકટર નર્સો છે. બધી જ પ્રકારની સગવડો સાધનો છે. તમારી પાસે મર્યાદિત સાધન છે. મર્યાદિત સંપત્તિ

છે. તોપણ લોકો તમારી જ પ્રશંસા કરે છે."

મધર ટેરેસાએ તે દિવસે સંસદ ભવનમાં ભારતના ભવિષ્યને ઘડનારાઓ સામે, પ્રજાના ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓ સામે જે કહ્યું હતું તે શુભ શુક્રવારનો સાચે જ શુભસંદેશ હતો.મધર ટેરેસાએ પોતાના ધીમા અવાજે કહ્યું, "તમે લોકો" મધર ટેરેસાએ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાનની તરફ પોતાના જમણો હાથ ઊંચો કરીને કહ્યું, "જે પણ કાર્ય કરો છો તે તેઓને ખુશ પ્રસન્ન કરવા માટે કરો છો અને અમે મસીહના સેવક" તેમણે એ જ જમણો હાથ આકાશ તરફ ઊંચો કરીને કહ્યું, "પોતાના પ્રભુને માટે કરીએ છીએ."

સમગ્ર સંસદ ભવન તાળીયોના ગડગડાટથી ગૂંજી ઊઠયું હતું.

(૩) શું આપણે આજે એવા વિશ્વાસ સાથે કહી શકીએ છીએ ? આજે પણ મસીહના માથા પર કાંટાનો મુગટ છે. જો આપણે પોતાની સ્વાર્થી વૃત્તિને ઓછી કરી દઈએ, અભિમાનથી ઊંચી ચઢી ગએલી આંખોને નીચી નમાવીએ તો તે કાંટા આપણા મુક્તિદાતાને ઓછી વેદના આપશે. જો આપણે પોતાના બેંક બેલેન્સની ઓછી ચિંતા કરીએ, ધન-સંપત્તિને એકઠી કરવામાં થોડા ઓછા વ્યસ્ત રહીએ, આપણા પૈસાના લોભને ઓછો કરીએ તો ઈસુની હથેલીઓમાં જડવામાં આવેલા ખીલાના ઘામાં તેમને ઓછી વેદના થશે. જો આપણા પગ પાપના માર્ગોમાં આગળ વધતા રોકાઈ જાય

તો ઈસુના પગોમાં જડવામાં આવેલા ખીલાના ઘામાં તેમને ઓછી તકલીફ થશે. જો આપણી જીભથી અન્ય લોકોની નિંદા કરવામાં ઘટાડો થાય તો ઈસુના હોઠો તરસથી ઓછું સુકાપણું અનુભવશે. જો આપણે આજે નિર્ણય કરીએ, પ્રતિજ્ઞા કરીએ કે આપણા જીવનમાં હવે પાપને કોઈ સ્થાન આપીશું નહિ, તો વધસ્તંભ પર જડવામાં આવેલા ઈસુની મૃત્યુ પામવાની વેદનામાં ઘટાડો થશે. સત્ય વાત તો એ છે કે જો આપણે પાપ કર્યું જ ન હોત તો તેમને વધસ્તંભે જડાવવાની કોઈ જ આવશ્યકતા નહોતી મુખ્ય માજક, કાયાફાસે, પિલાતે ઈસુને વધસ્તંભ પર જડાવવાનો આદેશ પણ આપ્યો ન હોત આ કાર્ય કરનાર તો આપણે છીએ કે જેઓએ ઈસુને આપણા પોતાના પાપોને કારણે વધસ્તંભ ઉપર જડાવ્યા હતા અને આજે પણ દરરોજ આપણે તેમને વધસ્તંભે જડાવીએ છીએ. જે લોકોએ ૨૦૦૦ વર્ષ પૂર્વે ઈસુની મશ્કરી કરી હતી, વધસ્તંભે જડાવવા માટે બૂમો પાડી હતી. "તેને વધસ્તંભે જડાવ, તેને વધસ્તંભે જડાવ" એ તો ઈસુએ પ્રાણ છોડયા ત્યારે આશ્ચર્યજનક પ્રસંગો બન્યા. જેમ કે મંદિરનો પડદો ઉપરથી નીચે સુધી ફાટીને બે ભાગ થઈ ગયા, ધરતીકંપ થયો, કબરો ખુલી ગઈ, મરેલાં સજીવન થયા આ ચિહનોને જોઈને લોકોએ એ જ દિવસે પ્રશ્ચાતાપ કર્યો કે તેઓએ નિરપરાધીને વધસ્તંભે જડવાની માંગણી કરી હતી અને પશ્ચાતાપ કર્યા પછી તેઓ છાતી કૂટતા નગરમાં પાછા ફર્યા હતા. રોમન સૈનિકો જેઓએ ઈસુને હાથ-

પગમાં ખીલા માર્યા હતા. તેમની કૂંખમાં ભાલો ભોંકયો હતો, તેમની મશ્કરી કરી હતી. તેમની નિંદા કરી હતી અને તેમના મુખ્ય ચોકીદારે પણ ઈશ્વરની સ્તુતિ કરીને કહ્યું હતું. ''ખરેખર તે ન્યાયી માણસ હતો, ઈશ્વર પુત્ર હતો.''

(૪) ઈસુને વધસ્તંભ પર જડનારા લોકો એ જ સમયે પશ્ચાતાપ કર્યો હતો, ઈસુને પોતાના જીવનમાં આવકાર આપ્યો હતો, પોતાના પાપોની કબૂલાત કરી હતી. તોપણ આપણે આજ દિવસ સુધી આપણા પાપોમાં અભિમાન કરીએ છીએ. પાપોના બોજ નીચે દબાએલા છીએ. આપણા ઈશ્વર, જે આપણા પિતા છે તેમણે પ્રભુ ઈસુના બલિદાનનો સ્વીકાર કરીને આપણા પાપોની ક્ષમા આપી છે. આજે આ શુભસંદેશ છે.

(૫) ઈશ્વર પ્રેમના ઈશ્વર છે. ઈશ્વરનો આ પ્રેમ સર્વ મનુષ્યજાત માટે છે તે વધસ્તંભ ઉપર સંપૂર્ણપણે પ્રગટ કરવામાં આવ્યો ત્યાં તેમના પુત્ર ઈસુ મસીહ ઈશ્વરની દયા, સંવેદના કે લાગણી કરુણા પ્રગટ કરતા હતા. સંવેદના કે લાગણીનો અર્થ થાય છે બીજાઓ સાથે દુઃખ ઊઠાવવું. ઈશ્વરે પોતાના પુત્રના માધ્યમ દ્વારા માનવજાતની સાથે દુઃખ ઊઠાવ્યું હતું. માનવજાત માટે દુઃખ સહન કર્યું હતું. પ્રેરિત પાઉલના શબ્દોમાં, ''ઈશ્વરે ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરાવ્યું.'' (૨ કરિંથી ૫ : ૧૯) પ્રેરિત પાઉલ રોમનોની મંડળીને લખતાં પોતાના પત્રમાં કહે છે : ''પણ આપણે જ્યારે

પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે માટે મરણ પામ્યો એમ કરવામાં ઈશ્વર આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે.'' (રોમન ૫ : ૮)

ઈશ્વરનો આ પ્રેમ આપણા પ્રત્યે કેટલો વિશેષ છે તે હકીકત આપણે એક નાના ઉદાહણ દ્વારા સમજી શકીએ છીએ. આપણામાંના ઘણાએ હિન્દી મહાસાગર, બંગાળનો અને ભૂમધ્ય મહાસાગર જોયો છે. ભારત દેશની સરહદો બંગાળ, ભૂમધ્ય અને હિન્દી મહાસાગરથી ઘેરાયેલી છે પરંતુ મદ્રાસથી બંગાળ મહાસાગરને જુઓ, મુંબઈથી ભૂમધ્ય સમુદ્રને જુઓ અને કન્યાકુમારીમાં બંને મહાસાગરો હિન્દી મહાસાગરમાં મળે છે તે જોવું ખરેખર અદભુત છે તેની વિશાળતાનું વર્ણન શબ્દોમાં કરી શકાય તેમ નથી. તેને પોતાની નજરે જોઈને જ તેનો અનુભવ કરી શકાય છે.

આ પ્રમાણે જ ઈશ્વરના પ્રેમની વાત છે આ પ્રેમ આપણી બુદ્ધિ અને જ્ઞાનથી પર છે. તેને શબ્દો દ્વારા વર્ણવી શકાતો નથી. પરંતુ આપણે કેવળ તેનો અનુભવ કરી શકીએ છીએ.

એક વખત અમારા વિસ્તારમાં ઊંચો કદાવર એક યુવાન પુષ્કળ બોર લઈને વેચવા આવ્યો હતો. ત્યાં એક નાની છોકરી હતી. તેને બોર ખૂબ જ પસંદ હતા. જ્યારે તેણે બોર જોયા હતા ત્યારે તેની મોટી મોટી આંખોમાં બોર પ્રાપ્ત કરવાની ઈચ્છા થઈ આવી હતી. તેના મોંમા પાણી આવી ગયું હતું. પરંતુ તેની પાસે બોર ખરીદવાના પૈસા નહોતા. તે લલચામણી

દ્રષ્ટિથી બોર તરફ જોઈ રહી હતી.

બોર વેચનારો દયાળુ હતો.

"કેમ દીકરી" તેણે પૂછયું, "બોર ખાવા છે?"

તેણે માથું હલાવીને કહ્યું, "હા"

બોર વેચનારાએ કહ્યું "તારા હાથ લાંબા કર."

પરંતુ છોકરીએ હાથ લંબાવ્યા નહિ.

"હાથ લાંબા કર" બોર વેચનારાએ ફરીથી કહ્યું,

તોપણ છોકરીએ હાથ લંબાવ્યા નહોતા.

તે પછી બોર વેચનારાએ પોતાના મોટા હાથ આગળ તરફ લંબાવીને તે છોકરીના નાના-નાના હાથોમાં બોર ભરી દીધા હતા. પછી તે છોકરી બોર ખાવા લાગી હતી.

જ્યારે બોર વેચનારો ચાલ્યો ગયો ત્યાર પછી મેં તે નાની છોકરીને પોતાની પાસે બોલાવીને પૂછયું, "જ્યારે બોર વેચનારાએ તારો હાથ લંબાવવા કહ્યું હતું ત્યારે તેં શા માટે પોતાના હાથ લંબાવ્યા નહોતા ?"

તે નાની છોકરી, લગભગ ત્રણ-ચાર વર્ષની ઉંમરની હતી. તેણે પોતાના નાના-નાના હાથ મારી તરફ લંબાવીને જવાબ આપ્યો હતો.

"બોર વેચનારાના હાથ મારા આ હાથો કરતાં મોટા હતા."

ઈશ્વરના હાથ પણ આપણા હાથો કરતાં મોટા છે આવો, આપણે પ્રાર્થના કરીએ:

હે પ્રેમ-કરુણાના સાગર પ્રભુ પરમેશ્વર, અમે તમારા નમ્ર સેવક છીએ. તમે પોતાના પુત્ર અમારા પ્રભુ ઈસુ મસીહને દુ:ખ ભોગવવા તથા મરણ અને પુનરુત્થાન પામવા દ્વારા અમારા પાપોની કીંમત ચૂકવીને અમને છોડાવ્યા છે. અમે તમારા પુત્ર પર પોતાના ઉદ્ધારની સંપૂર્ણ આશા રાખીએ છીએ વિશ્વાસ રાખીએ છીએ. પ્રભુ, અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે અમારા વિશ્વાસને દઢ મજબુત કરો, તમારી કૃપાના પ્રકાશમાં અમને પ્રકાશિત કરો. જેથી અમે તમારી કૃપામાં પોતાનું જીવન પસાર કરીએ, તમારી ઈચ્છા પ્રમાણે તમારા માર્ગમાં ચાલીએ અને આ જીવન પછી પણ તમારા સ્વર્ગના રાજ્યમાં તમારો મહિમા કરવામાં સહભાગી બનીએ. અમારા પ્રભુ ઈસુ મસીહના નામમાં, આમીન.



ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનાં અ

1BGV2

| પુસ્તકનું નામ | રૂા. કિંમત |
| --- | --- |
| વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| પુલ્પિટ હેલ્પ્સ ભાગ - ૩ | ૩૦-૦૦ |
| ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૨૦-૦૦ |
| રૂથનો સંદેશો | ૨૫-૦૦ |
| "અયૂબ" | ૬૦-૦૦ |
| "માર્ક"નો સંદેશો | ૫૦-૦૦ |
| "પ્રેરિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| વહાલાં પંખીડાં | ૧૫-૦૦ |
| બાહદુર ગોવાળિયો | ૧૨-૦૦ |
| ખ્રિસ્તી ગીતમાલા | ૨૦-૦૦ |
| મને પ્રાર્થના કરતાં શીખવો | ૧૫-૦૦ |
| ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| કવો-વાડિસ? | ૩૦-૦૦ |
| મધુરાં ગીતોનો અધૂરો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ક્રોસ કથાનાં પત્રો | ૧૦-૦૦ |
| સભાશિક્ષક | ૧૦-૦૦ |
| શબગુફાનો શહીદ | ૧૦-૦૦ |
| ઉપલી મેડી-દૈનિક મનન (૪૦ વર્ષની ઉજવણી) | ૩૦-૦૦ |
| જોષ જોવાનું પાપ | ૧૫-૦૦ |
| પુલ્પિટ હેલ્પ્સ-ભાગ-૨ | ૩૦-૦૦ |
| ઇસુના પગલે પગલે | ૨૦-૦૦ |
| અનેક માની આંસુભરી પ્રાર્થના પરિણામ | ૨૫-૦૦ |